
# કચ્છ રચના


KUTCH RACHANA (Gujarati Monthly)

Editor - BHAWANJI GALA

Vol. 6 Issue No. - 8 5 - FEBRUARY - 2025 Price Rs. 15=00


## રણોત્સવ વિષે અવનવું

## કચ્છનો સફારી પાર્ક

## ઝારાનું યુદ્ધ


great-white.in | f ◎ 𝕏 ▶ in
GreatWhite®
Electricals
ULTIMATE CHOICE
FOR ULTIMATE
SAFETY
Mid-Trip Function
Large Terminals
ROHS Compliant
Load/Line Reversibility
CERTIFIED GREAT HOME CERTIFIED
Empower your electrical circuits with XT10! Guard against current overload & short circuits with the innovative mid-trip function that allows instant identification of faulty circuits, enhancing reliability & safety. Benefit from XTended safety even during load switching between two power supplies.
13th Floor, B-Wing, Peninsula Business Park, Senapati Bapat Marg, Lower Parel, Mumbai - 400013, Maharashtra.
T. +9122 30036565 | F. +9122 30036564 | E-mail : info@great-white.in
For Trade Enquiries Contact Us On: 1800 30025252.
XT10™
MCBs | RCCBs

A Symbol of Quality



Chheda
dry fruits

Chetanbhai Chheda
Chheda Dry Fruits Pvt. Ltd.
292, Bhanu Jyoti,
L.N. Road,
Matunga,

No Branches

Dry Fruits, Sweet & Namkeen

24141672

મુલચંદ લાલજી એન્ડ કું.

Importers & Wholesale Dealers in :

NEWSPRINT, NEWSGLAZED, LWC & PRINTING PAPER

Administrative Office : 1st Floor, 229/231,
Perin Nariman (Bazar Gate) Street,
Fort, Mumbai-400 001.

Phone : (+91-22) 2261 7223, 2261 7878, 2261 7299

Fax : (+91-22) 2261 1207 - E-mail : ntdc@vsnl.com

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street,
Near Jain Temple, Fort, Mumbai-400 001.

ઈલેક્ટ્રીકલ્સ સામાન ખરીદવા માટે એક જ વિશ્વસનીય સ્થળ. ગુણવતાભર્યા સામાન માટે તેમજ વ્યાજબી ભાવ માટે એક જ વખતનું આપનું આગમન કાયમી નાતો બાંધશે.

## અશોક ઈલેક્ટ્રીકલ્સ

૧૧, પાઠક વાડી, મણી ભુવન,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૩૪૯, ૨૨૦૬ ૫૭૫૩.

## એશીયન ઈલેક્ટ્રીકલ્સ


૧૩૫, તવાવાલા બિલ્ડીંગ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૬ ૧૫૧૮, ૨૨૦૫ ૧૮૨૮.

**પી.વી.સી. કન્શીલ પાઈપ અને એશેસરીઝ**

પ્રીસીસીયન • પ્રેસ્ટોપ્લાસ્ટ • I.S.I.

**વાયર અને કેબલ**

ફીનોલેક્ષ • પોલીકેબ • એરીસ્ટો-કેબ • I.S.I.



**સ્વીચ**

એંકર રોમા • M.K. • નોર્થ વેસ્ટ
લીયોન ઈન્ટરનેશનલ • એરોલાઈટ એલીશ
પોઈન્ટર • વિનય • કોલર્સ • સાલઝર (જર્મની)



**ટ્યુબ ફીટીંગ**

**અલ્ટ્રા-લાઈટ - ફીલીપ્સ - કોમ્પટન**



**અને ઈલેક્ટ્રીકલ્સને લગતી દરેક આઈટમ**

**એમ.સી.બી. અને ઈ.એલ.સી.બી.**

ઈન્ડોકોપ • દાતાર • M.D.S. • સીમેન્સ

## એટલાન્ટા લાઈટ

૧૨૨, હરહરવાલા બિલ્ડીંગ નં. ૩,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૦ ૬૬૫૫.

## એવન્યુ લાઈટ

૧૪૭, સાગર ભવન, પ્રીન્સેસ સ્ટ્રીટ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૪૫૫૫, ૨૨૦૧ ૫૫૪૪

ડેકોરેટીવ જુમ્મર • સાઈડ વૉલ ફીટીંગ • ડ્રેસીંગ લાઈટ • મીરર લાઈટ • બાથરૂમ લાઈટ • પેસેજ લાઈટ • એક્સ્લ્યુસીવ હેલોજન તથા કન્શીલ P.L. ફીટીંગ

U.M. Shah : 9422487126
7303330777

*Make your wall way look like*
*a walk way to Heaven...*
*with Samarat Tiles*
*Paver Block & Chequered Tiles*

**૩૫ વર્ષોથી બિલ્ડરોમાં પ્રસિધ્ધ**

Concrete Cover Block, Paver Blocks **અને** Chequered Tiles

**મેળવવાનું સ્થળ એટલે સમ્રાટ ટાઈલ્સ...**



20,25,30,35,40,45,50,60,75 MM
CONCRETE COVER BLOCK

40x40=300 MM
30x30=230 MM
30x30=200 MM



# SAMRAT TILES

AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
MFG. OF : CONCRETE COVER BLOCKS, PAVERS BLOCKS & CHEQUERDS TILES

Factory : Plot No. B-11, M.I.D.C., A.M.P. Road, Chemical Zone,
Ambernath (W) - 421 501. Dist : Thane, Maharashtra.
Ph. : 0251-2610077 - Email : samrattiles@hotmail.com

**ઉમરશી મેઘજી ગોસર (મો.રતાડીયા) મો.**9422487126, 7303330777

# કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

રજી.ઓ. : ૩૩૨, સર્વોદય કોમ.સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.ની પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.

મુંબઈ સંપર્ક : C/o. ભાવેશ દામજી કુરીઆ - ઈશ્વરકૃપા બિલ્ડીંગ, ૩જો માળ, રૂમ નંબર-૧૨, ઘનશ્યામ ગુપ્તે રોડ, ન્યૂ ડોન બોસ્કો હાઈસ્કૂલની બાજુમાં, ગાંવદેવી, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨. મો. : ૯૩૨૧૬૧૪૬૬૬



કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

❖ ❖

ભવાનજી રામજી ગાલા
મે.ટ્રસ્ટી - ફરાદી

❖ ❖

**ટ્રસ્ટીઓ**

બંસીલાલ મોરારજી છેડા
કાંડાગરા

❖ ❖

રમણીકલાલ દામજી ગાલા
સાંતાક્રુઝ-ફરાદી

C.A. શાંતિલાલ રાંભીયા
(સમાઘોઘા-મુલુંડ)

અમૃતલાલ સાવલા - ફરાદી

❖ ❖

કાયદાકીય માનદ્ સલાહકારો
તરૂણભાઈ શાહ (અમદાવાદ)
શંકરભાઈ સચદે (ભુજ-કચ્છ)

ટાઈટલ ડિઝાઈન
મહેન્દ્રભાઈ નિમાવત



# કચ્છ રચના

**તંત્રી : ભવાનજી ગાલા**

**સહતંત્રી : મયુર ગાલા** **વ્યવસ્થાપક : નેહા ગાલા**

E-mail : kutchrachana332@gmail.com
https://kutchrachanagvtrust.org


**"કચ્છ રચના"**
દર મહિનાની ૫મી તારીખે દરેક વાચકને અમદાવાદથી પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં પોસ્ટ દ્વારા થતા વિલંબ અને અંક ન મળવા બાબતે અમારી કોઈ જવાબદારી રહેતી નથી.

**સરનામામાં ફેરફાર કરવું હોય તો જૂનું અને નવું સરનામું વોટ્સઅપ પર મોકલવું - ૯૧૬૭૪૬૬૩૩૯**

## અંકો ન મળવાની ફરિયાદ

કચ્છ રચનાના અંકો દર મહિનાની તા.૨૨ સુધી ન મળે તો વોટ્સએપ પર ફરિયાદ કરવી.

**ફોન : ૯૧૬૭૪૬૬૩૩૯**

આપનું દાન ઓનલાઈન પણ સ્વીકારવામાં આવશે.

ઓનલાઈન દાન કર્યા બાદ મો.૯૩૨૧૬૧૪૬૬૬ નંબર પર વોટ્સએપ કરવા વિનંતી.

જાહેરાતની રકમ
QR Code સ્કેન
કરી મોકલાવી શકો છો.

**Kutch Rachana Gramya Vikas Trust**
SARASWAT-CO.OP.BANK
BRANCH : NARANPURA, VADAJ, AHMEDABAD
A/C. No. : 366100100000346, IFSC Code : SRCB0000366

સંસ્થાને અપાતું દાન કલમ 80-G મુજબ કરમુક્તિને પાત્ર છે.




# સંતાનને સંપત્તિ નહિ, વારસામાં સંસ્કાર અને શિક્ષણ આપો



હાલના સમયમાં આપણે પરિવાર અને સમાજની પરિસ્થિતિ દિન પ્રતિ સમસ્યા રૂપ બનતી જાય છે, તે આપણે જોઈએ છીએ. જેમાં સંતાન અને વડીલો વચ્ચે જનરેશન ગેપના વિચારો અને ફેશનેબલ પરિસ્થિતિના ગુંચવાડા દિવસે દિવસે બનતા રહે છે. જે આપણે જોતા હોઈએ છીએ. જેમાં શિક્ષણ અને સંસ્કાર વચ્ચે તિરાડ રૂપ વિવિધ પ્રશ્નોની સમસ્યા સર્જાતી હોય છે. તેમાં સમજણ અને વિચારનો ભેદ રહેલ છે. તે ઘણી વખત સમજતો કે દેખાતો નથી, પણ સમય આવે સમજતો હોય છે તેવું ન બને તે માટે જીવનમાં જાગૃતિ રૂપ વિચાર કરવા જોઈએ.

આ માટે સંતાનને સંપત્તિ જ નહિ, પણ આધુનિક સમયમાં સંસ્કાર અને શિક્ષણની ખૂબ જરૂરત છે. જેથી બાળકોને જીવનમાં સુંદર સંસ્કાર અને આદર્શમય બનાવો સારું શિક્ષણ આપવાની આધુનિક સમયમાં તાતી આવશ્યકતા છે. જેથી પોતાના પગભર થવા તેમજ પરિવાર અને સમાજને ઉપયોગી થવાની લાગણીના વિચાર આવેને તેમાં સહયોગી બની સક્રિય સમાજ સેવા જેવા ઉમદા કાર્યના સદા વિચારો આવે તેવી અમૂલ્ય ભાવના જાગે, દરેક માનવીમાં સારું ને સુંદર કાર્ય કરવાની શક્તિ છુપાયેલી છે. જે જાગૃત કરવાની રહે છે. તેની જાગૃતિ માટે શિક્ષણ અને સંસ્કાર પાયાથી સિંચન થયા હોય તો તે ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવા શક્તિમાન બને છે. જેથી હાલ બનતી ઘટનાના બનાવોને પ્રસંગો સહનશક્તિના અભાવે બને છે, તે ન બને પરંતુ વ્યવસ્થિત રચનાત્મક અને અન્યની ઉપયોગી થવાની ભાવના જાગે તેવા વિચાર આવે ને તે માટે જીવનમાં આધ્યાત્મિક જેવા વિચાર ધાર્મિકને મહા પુરુષ, સંતોના જીવનમાંથી પ્રેરણા મળે તેવું વાંચન કરવું જોઈએ. તેથી બાળકોને જીવનમાં સંપત્તિ નહિ પણ સંસ્કાર અને શિક્ષણ નાનપણથી આપવું જોઈએ તેથી જીવન કેવું જીવવું જોઈએ તે માટે પ્રાચીન પંક્તિમાં કહેવામાં આવેલ છે, જે યાદ કરીએ...

"જબ તું આયા જગત મે જગ હસે તું રોય, એસી કરની કરચલો તું હસે જગ રોય..."

આમ જીવન સાચું અને સારું જીવવા માટે આ પંક્તિમાં ટુંકમાં ઘણું જ સમજાવે છે કે જિંદગી કેવી જીવવી જોઈએ તે જન્મ થાય ત્યારે બાળક રડે છે અને દુનિયા (જગત) પરિવાર હસે છે ને આનંદ કરી મીઠાઈ વહેંચે છે. પણ મહત્ત્વ જીવન કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી પણ કેવું જીવ્યા તે મહત્ત્વનું છે. તેની વાત કરતા એવું જીવનમાં કાર્ય કરવું જોઈએ કે આપણે આનંદમાં હસતા વિદાય જગતમાં લઈએ પણ સેવાના સારા કાર્યોની સુવાસ ફેલાવી હોય તો યાદ કરી વિદાય આપતા લોકો રડે છે અને સદાય યાદગાર જીવન અમર બની જાય છે.

■ **દિલીપ આચાર્ય "દિલકશ"**

## અજાયબ કચ્છી માડુ અને 'ચક્રમ' સાપ્તાહિકની રોચક તવારીખ

# અનોખા સામયિકના સંચાલકની વિદાય

■ ભરત'કુમાર' પ્રા.ઠાકર, વૃન્દાવન નગર, અંજાર (કચ્છ) ૯૪૨૭૨ ૨૩૧૫૦

ગત ૧૯મી ડિસેમ્બર 'ચક્રમ ચંદન' સાપ્તાહિકના તંત્રી-સંચાલક ભોલાભાઈ ગોલીબાર (૧૯૪૯-૨૦૨૪) આપણી વચ્ચેથી વિદાય લઈ ગયા. તેઓ ગુજરાતી સાહિત્યમાં રહસ્ય-રોમાંચની નવલકથા અને વાર્તાના એક સિદ્ધહસ્ત લેખક પણ હતા. અહીં એમના મેગેઝિનની રોચક તવારીખ (સ્થાપના-વિકાસ) અને એમના પ્રદાન આલેખવા સાથે એમને ભાવાંજલિ આપવાનો નમ્ર પ્રયાસ છે...

દુનિયામાં ભાગ્યે જ કોઈ એવો ગુજરાતી હશે, જેણે 'ચક્રમ' કે 'ગોલીબાર' વિશે સાંભળ્યું ન હોય. તેમ આપણામાંથી પણ મોટા ભાગનાએ જીવનના કોઈને કોઈ તબક્કે બકોર પટેલ, મિયાંફૂસકી, છકો-મકોનાં નિર્દોષ આનંદ આપતાં પુસ્તકોની સાથે હળવું હાસ્ય પીરસતા 'ચક્રમ'ના અંકો પણ વાંચ્યા હશે.


મૂળ કચ્છી ખોજા બિરાદર હાજીમહંમદ અલારખ્ખા શિવજી (૧૮૭૯-૧૯૨૧) એ ઉચ્ચ કોટિના સાહિત્યિક માસિક 'વીસમી સદી'ની ભેટ ધરી હતી તેમ મૂળ કચ્છી મેમણ બિરાદર નૂરમહંમદ જુસબભાઈ ઉર્ફે એન.જે.ગોલીબારે (૧૯૧૩-૬૬) 'ચક્રમ' સાપ્તાહિક આપણને આપ્યું, જે લગભગ પોણી સદી લગી એકધારું અમદાવાદ (નારોલ)થી પ્રગટ થતું હતું.

**'ગોલીબાર' ઓળખ કેમ મળી?**

૮મી ઓક્ટોબર, ૧૯૧૩ના પડધરી (જિ.રાજકોટ) ખાતે જન્મેલા નૂરમહંમદ જુસબભાઈ સમાણા એક બહુમુખી પ્રતિભા હતા. માત્ર ચાર ચોપડી ભણેલા નૂરભાઈ કિશોર વયે જ અમદાવાદ આવી ગયેલ. એમના પિતા વેપારી હતા, પણ પોતે વેપારમાં પડવા ઈચ્છતા ન હતા. નૂરમહંમદ પહેલેથી જ થોડા મસ્તીખોર, મનમોજી અને વાચાળ પણ હતા..

તેથી તેઓ જુદા જુદા છૂટક કામો કરવાની આવડત ધરાવતા હતા. શરૂમાં કાપડમિલ, આઈસકેન્ડી, બરફનું કારખાનું, શેરડીનો સંચો, ફળની લારી, કાપડની દુકાન, પીપરમીંટ ટોફીની ફેરી, સાબું કારખાનું, ચૂડીબંગડીનો વેપાર, કપરકાબીની ગાડી, થિયેટરમાં ડોરકીપર-બેનરો બનાવવા, ફિલ્મગીતોની પુસ્તિકાઓ વેચવી... વગેરે અનેક પ્રકારની કામગીરી કરી. તેમાં એમને 'ગોલીબાર' અટક મળવા પાછળ રસપ્રદ વાત છૂપાયેલી છે.

આમ, નૂરાજી એક સાધારણ ફેરિયા તરીકે ખૂમચો (નાની હાથલારી) ચલાવતા અને લીંબુ શરબતની ગોળીઓ (સ્ટ્રોન્ગ પીપર) વેચતા. એક આના (છ પૈસા)માં તેઓ આવી બાર ગોળી આપતા. તે દર્શાવવા ફેરી વખતે શેરી-ફળિયામાં લહેકાથી બૂમ પાડીને બોલતા : "એક આનામાં ગોળી બાર, ભાઈ, લઈ લ્યો,



'ચક્રમ' સાપ્તાહિકના સંસ્થાપક એન.જે. ગોલીબાર



હાલના તંત્રી એચ.એન.ગોલીબાર ઉર્ફે ભોલાભાઈ ગોલીબાર ઉર્ફે એટમ ગોલીબાર

આનાની ગોલી બાર.'' હવે આમાં બોલાતા છેલ્લા બે શબ્દોના સંયોગથી એમની કાયમી ઓળખ 'ગોલીબાર' બની !

**અંતે કલમ ચાલવા લાગી !**

એમને ઝડપથી બોલવાની કુદરતી બક્ષિસ પણ હતી. તેથી મૂંગી ફિલ્મોના જમાનામાં અમદાવાદની પ્રતાપ સિનેમામાં તેઓ 'મૂવી કોમેન્ટેટર' તરીકે પણ કામ કરતા. જ્યારે બોલતી ફિલ્મ (ટૉકી) શરૂ થઈ તો ગોલીબારને મૂંગી થઈ જવું પડ્યું ! એમનું બોલવું બંધ થયું તો એમની કલમ ચાલવા લાગી અને આમ 'ચક્રમ' નો જન્મ થયો.

ત્યાં સુધીમાં નૂરમહંમદભાઈ 'ગોલીબાર' તરીકે જાણીતા થઈ ચૂકેલા. હજુ રેડિયો શરૂ થયા ન હતા અને ગ્રામોફોન ઉચ્ચવર્ગ પાસે જ હતા. તેથી તેઓ ફિલ્મીગીતોની ચોપડીઓ વેચતા, પછી પ્રગટ કરતા અને છેવટે તેને લગતું જ એક સામયિક 'સંગીત' બહાર પાડવા લાગ્યા. દરમ્યાન, ખમાસા ગેટ પાસે દુકાન ખરીદી અને નામ આપ્યું : 'ગોલીબાર બુક ડેપો.

તે પછી એમણે જુલાઈ, ૧૯૪૭થી 'ચક્રમ' નામે રમૂજી અઠવાડિકનો આરંભ કર્યો. આ રીતે એમણે જાણે પોતાનો મૂંગો પડેલો 'અવાજ' પાછો મેળવી લીધો ! પ્રથમ અંકના મુખપૃષ્ઠ પર અવળે ગધેડે બેઠેલા ગોલીબારનું પોતાનું જ કાર્ટૂન મુકાયું હતું ! ત્યારે તેની કિંમત ચાર આના (પચીસ પૈસા) હતી, જે લાંબો સમય સુધી ટકી રહી હતી.

**સામયિક સૃષ્ટિમાં વિચિત્ર શીર્ષક !**

કોઈને આપણે 'ચક્રમ' કહીશું તો તે ખૂબ ગુસ્સે થશે. કેમ કે ચક્રમ એને કહે છે જેનામાં બુધ્ધિ ઓછી હોય, જેને જોઈને લોકો હસે. કોઈને હસાવવા માટે કોઈ પોતે ચક્રમ નથી બનતું. પરંતુ ગોલીબારે તો નક્કી કર્યું કે હું લોકોને હસાવીશ અને ચક્રમ બનીને જ હસાવીશ ! આ કારણે એમણે પોતાના નવોદિત સામયિકનું નામ 'ચક્રમ' પસંદ કર્યું.

કોઈ પ્રકાશક કે તંત્રી 'ચક્રમ' જેવું વિચિત્ર નામ ભાગ્યે જ પસંદ કરે. શબ્દકોશ અનુસાર તેનો અર્થ ગાંડો, ધૂની, ગમાર, ચસકેલા મગજનો માણસ થાય છે. આવું નામ છતાં તેને અપાર ગ્રાહકો, ચાહકો અને વાચકો મળ્યા. દૂરદર્શનના 'ન્યૂઝ વૉચ' કાર્યક્રમ (૩૧-૫-૧૯૯૪)માં એટમજીએ ઉચિત કહેલું કે કિશોરથી વરિષ્ઠ અને મજૂરથી મિનિસ્ટર સુધી બધા આ પત્રિકાના વાચકો હતા.

'ચક્રમ'ની અપ્રતિમ સફળતાથી અંજાઈને તે સમયે




દોઢ ડાહ્યો, અલેલટપ્પુ, જોકર, છટકેલ, ચસકેલ, ભેજાગેપ, ચાર ચક્રમ જેવા ચાળીસેક હરીફ સામયિકો શરૂ થયાં હતાં ! ત્યારે ગોલીબારે પણ 'ઘનચક્કર' શરૂ કરીને વળતો ગોળીબાર કર્યો હતો ! જો કે એ પછી સાઠના દાયકામાં પણ જોનીવૉકર, ભમરડો, હસાહસ જેવા હળવાં હાસ્ય સામયિકો આ લખનારના વાંચવામાં આવ્યા હતા. પણ ચક્રમને ક્યારેય આંચ આવી નહોતી.

### સામગ્રી અને સ્વરૂપમાં બદલાવ

એમને લાગેલું 'ગોલીબાર'નું લેબલ હવે એક કાયમી છાપ (બ્રાન્ડ) બન્યું હતું, જે એમની અનુગામી પેઢી સાથે પણ લોકપ્રિય બનવાનું હતું. આજના જેવી સુવિધાઓ પ્રાપ્ત નહોતી ત્યારે પણ તેનું મુખપૃષ્ઠ ત્રિરંગી છપાતું. તેમાં કટાક્ષચિત્રો અને વ્યંગપાત્રો દ્વારા માનવસમાજની નબળાઈઓ પર રમૂજ કરતા. ગોલીબારજીએ ગઝલ, હઝલ અને શાયરીઓની ત્રણસો જેટલી રચનાઓ કરેલી.

એન.જે.ગોલીબારનું ૨૬મી નવેમ્બર, ૧૯૬૬ના માત્ર ૫૩ વર્ષની વયે અવસાન થયું. તે પછી એમના મોટા પુત્ર હારુન ઉર્ફે 'છોટે ગોલીબાર' અને ૧૯૭૧થી બીજા પુત્ર હાજીમોહમ્મદ યુનુસ (ઉર્ફે એચ.એન.ગોલીબાર ઉર્ફે ભોલાભાઈ ગોલીબાર ઉર્ફે એટમ ગોલીબાર) (જ.૧૯૪૯) 'ચક્રમ'ના તંત્રી બન્યા. એમણે બે મહત્ત્વના ફેરફારો કર્યા. ૧૯૭૬થી જાહેરાતો છાપવાનું બંધ કર્યું. તેથી આવરણથી આવરણ લગી પૂરો અંક વાચનસામગ્રીથી ભરચક થતાં વાચકોને ફાયદો થયો. ઉપરાંત, સમય સાથે તેનું કલેવર પણ બદલાતું ગયું. વાચનસામગ્રીના પ્રકારમાં પણ થોડો ફેરફાર થયો. હવે તે પહેલાં જેવું ચક્રમ નહોતું રહ્યું. તેથી ૧૯૮૭થી તેનું નવું નામકરણ 'ચક્રમ ચંદન' કરાયું. એન.જે. ગોલીબારના વખતથી તેમાં હપ્તાવાર રહસ્ય કે રોમાંચ કથા આપવાની પરંપરા છેલ્લે સુધી જળવાઈ રહી.

### વિજ્ઞાપનમુક્ત એકમાત્ર સાપ્તાહિક

તે સમયે તેના બે વિભાગો ખૂબ લોકપ્રિય હતા. દર અંકે બેવફાઈની એક નવી પ્રેમકથા 'સાજન અને સજની' હેઠળ રજૂ થતી. જ્યારે 'અજબ સવાલોના ગજબ જવાબો' વિભાગમાં સમાજમાં સ્ત્રી-પુરુષ (પતિ-પત્ની) પર કટાક્ષ કરવા માટે ખુદ તંત્રી દંપતિના વ્યંગચિત્રો વાચકોને મોજ કરાવતા. તેમાં તેનાં નામો પણ કેવાં હાસ્યસૂચક છે... ગોલીબાર-બંદૂકડી, છોટે ગોલીબાર-મશીનગન અને એટમ-ફટાકડી !

કમનસીબે 'ચક્રમ' સતત ૭૩ વર્ષ ચાલીને કોરોનાકાળમાં સ્થગિત થયું. તેનો છેલ્લો અંક ૧૮-૩-૨૦૨૦નો બહાર પડેલો. ચાર વર્ષના અંતરાલ પછી સંભવતઃ દિવાળી સુધીમાં તેનું પુનઃપ્રકાશ થાય તેવી સંભાવના છે. તેના પ્રકાશનમાં ગોલીબાર પરિવારની ત્રીજી પેઢી (ભોળાભાઈના ત્રણ પુત્રો યાસીન, મોહસીન, રીઝવાન) પણ સક્રિય છે.

પ્રાદેશિક ભાષાનું કોઈ મેગેઝિન પ્રકાશનનાં ૭૩ વર્ષ એ વિજ્ઞાપન વિના ૪૪ વર્ષ પૂરાં કરે એ નાનીસૂની બીના નથી. વિજ્ઞાપન મુક્ત પ્રકાશનની આ સિધ્ધિ 'લિમ્કા બુક' (૨૦૦૬)માં નોંધાઈ ચૂકી છે. કોઈ જાહેરખબર વિના બહાર પડતું દુનિયાનું તે એકમાત્ર સાપ્તાહિક હતું ! તેના લાંબા અસ્તિત્વ અને લોકપ્રિયતા પાછળ તેનો વફાદાર વાચકગણ, નીચી વેચાણ કિંમત, પ્રશસ્ત વાચનસામગ્રી અને સાંપ્રત બાબતોની હળવી રજૂઆત જેવાં કારણો રહેલાં છે.

ત્યારે તેની ૮૫,૦૦૦ નકલો નીકળતી ! તેનું ૭૫ ટકા વેચાણ બુકસ્ટોલો પરથી થતું અને ૪૦ ટકા વાચકો વિદેશ સ્થિત ગુજરાતી હતા. ગોલીબાર પબ્લિકેશન્સના નેજા હેઠળ ભોળાભાઈએ 'ચક્રમ ચંદન'ના સંચાલન ઉપરાંત મે, ૨૦૦૯થી હાસ્યનું 'મેજિક ફન', વિજ્ઞાનનું 'સાયન્સ સીટી' અને કોયડાનું 'પઝલ મેજિક' નામે ત્રણ નવા ગુજરાતી સામયિકો પણ શરૂ કરેલાં. સ્થાપક એન.જે.ગોલીબાર અને ભોળાભાઈ ગોલીબારને આપણી હાર્દિક સ્મરણાંજલિ...

**મુખ્ય સંદર્ભ નોંધ : (પ્રકાશન વર્ષના ચડતા ક્રમમાં)**

**૧. ટેલિવિઝન પર 'દૂરદર્શન'ની નેશનલ ચેનલમાં 'ન્યૂઝ વોચ' કાર્યક્રમ** અંતર્ગત તારીખ ૩૧મી મે, ૧૯૯૪ (મંગળવાર) રાત્રે સાડાદસ વાગ્યે પ્રસારિત એચ.એન. ગોલીબાર સાથેની પ્રશ્નોત્તરીનું લખાણ. **૨.'સમકાલીન' દૈનિક (મુંબઈ) :** તારીખ ૨જી માર્ચ, ૧૯૯૭ )(રવિવાર)ના અંક સાથેની સાપ્તાહિક પૂર્તિ 'વરાઈટી'ની 'ગુર્જર ગૌરવ' કટારમાં ('ચક્રમ'ના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે) ટીના દોશીના લેખ, પૃષ્ઠ-૩. **3. 'સૌજ્ય માધુરી' માસિક (રાજકોટ) :** માર્ચ-૨૦૦૭ના અંકમાં 'સન્માન' તળેનો સંપાદિત લઘુ લેખ, પૃષ્ઠ-૩૯. **૪. ઈન્ટરનેટની વિવિધ વેબસાઈટો** પરથી લેખ તારવણી

# વાત્સલ્ય વંદના

## દીકરાનો જ મહત્ત્વ? દીકરીનો?

ઘણાં લોકો કહે વહુને દીકરો આવે કે દીકરી આવે અમને કંઈ જ ફરક પડતો નથી. પરંતુ ઝીણવટથી એમનાં વિચારોને માપવા જોઈએ. તો દરેકનાં મનમાં એમ જ હોય ''ગાયને વાછરડી આવે તો સારું ને વહુનો દીકરો આવે તો સારું.''

પરિવારનો ચિત્ર તપાસીએ તો ખ્યાલ આવે કે એક મા એ ત્રણ દીકરીઓને જન્મ આપી દીધો હોય. ચોથી સુવાવડ આવવાની હોય, ત્યારે એની સાસુ સુપરીટેન્ડન્ટની જેમ હાજર રહે, એની ભાભી ઈન્સ્પેક્ટર બનીને ઉભી હોય, નણંદ-દેરાણી-જેઠાણી કોન્સ્ટેબલની જેમ ઉભી હોય ને બધાનાં મનમાં ગડમથલ ચાલતી હોય, ''જોઈએ આ વખતે વહુ કઈ રીતે ચોથી દીકરીને જણે છે?'' પણ આ ચારે જણીઓ જો વિચાર કરે તો ખ્યાલ આવે કે દીકરી જણાતાની સાથે દૂધ પીતી કરી દીધી હોત (મારી નાંખી હોત) તો આપણા ચારમાંથી અત્યારે કોઈ હોત જ નહિ.

**પ્રસૂતી પીડા**

સ્ત્રીને પ્રસૂતિની પીડા જેવી કોઈ પીડા નથી. 'ફાટી ગયેલી રક્તશિરાઓ ધોધમાર રક્તસ્ત્રાવ... ને પછી બધું શાંત-સ્તબ્ધ, બધું જ સ્થિર ને એક માના ખોળામાં એક નવજાત બાળકનું અવતરણ.'

ખરેખર કુદરતી રચના તો જુઓ મા ના નાનાં એવા ઉદરમાંથી પાંચ-છ-આઠ પાઉન્ડનું બાળક બહાર આવે ત્યારે આ જીવ અને જનેતાને કેટલો ત્રાસ થતો હશે? કહે છે હજારો હજારો સોયને ગરમ કરી શરીરમાં ભોંકવામાં આવે ને જેટલી પીડા થાય તેનાથી આઠ ગણી પીડા થતી હોય છે. પરંતુ કુદરતને જીવ પર દયા કરી અને એને અબુધ રાખ્યો - અજ્ઞાન રાખ્યો એટલે જીવને તો ત્રાસથી ખબર ન પડે, પણ માને તો ત્રાસનો અનુભવ થાય જ. પણ કુદરતની કરામત - લીલા કહો કે ભગવાનની કૃપા કહો એને સર્જનનું આશ્વાસન આપ્યું એટલે દરેક મા પ્રસૂતિની પીડા સહી શકે એટલી ક્ષમતા



મળી જતી હોય છે.

બેનને ચોથી પ્રસૂતિમાં પણ દીકરી જ આવે, એટલે પરિવારના લોકોની કલ્પના પ્રમાણે દીકરો ન આવતાં બધાનાં હોશ કોશ ઉડી જાય અને મા ને તુચ્છકારની દૃષ્ટિએ જુએ. એટલે જાણે કે માની જિંદગી જ બરબાદ થઈ ગઈ. પહેલાં તો પ્રસૂતિ વખતે અશક્તિ ન લાગે એટલે એને સારું ખાવાનું આપવાનું હોય... બદામના લાડુ, કાટલું, ગુડ, એસીરાયાવાળા ગોળના લાડુ પણ એ બધી વસ્તુ ઘરે લઈ જાય, વહુને ખવડાવે નહિ અને એની સાસુ ઘરે પહોંચે ત્યારે એનું મોઢું જોઈને પાડોશીઓ સમજી તો ગયા હોય છતાં પણ પુછે, એની દુઃખતી નસ દબાવે. લોકોને પૂછવાની બહુ મજા આવે કે વહુને શું આવ્યું? ને આ પ્રશ્નનો જવાબ લોકોને કેવો આપે !! વહુને તો પાણો આવ્યો... !!! બાજુવાળાની વહુએ દેવ જેવા ત્રણ દીકરાઓ જણ્યાં ને અમારી આ વહુ આવી ત્યારથી દીકરીયું જ જણે છે. આપણાં નસીબ ફૂટી ગયા બીજું શું...!!

આમાં બિચારી વહુનો વાંક શું? ને એણે બાળકી જણી તો બાળકીને મોટી તો કરવી જ જોઈએ? એનું પાલન-



પોષણ-ઉછેર તો સરખુ જ કરવું પડે ને!! બાળક હોય કે બાલિકા હોય. મા તો એ જ મમતાથી ઉછેરતી હોય. પરિવારવાળા મોઢા બગાડે પણ મા બાળ ઉછેરમાં વાત્સલ્ય જ રાખે. એટલે આપણા કવિ શ્રી ગુલાબદાન બારોટ કહે છે :

**સ્નેહમાં છે ચડીયાતી જનેતા સ્નેહમાં છે ચડિયાતી,**
**પ્રેમ સુધારસ પાતી જનેતા સ્નેહમાં છે ચડિયાતી,**
**નિજ બાળકની નિંદરૂ માટે હરખે હાલરડાં ગાતી,**
**નિરાંતે પોતે સૂઈ શકે નહીં ને ઉંઘમાં ઝબકી જાતી... જનેતા...**

વાત્સલ્યમાં સૌથી શ્રેષ્ઠ જનેતા મા છે. હંમેશા સંતાનોને સ્નેહનાં અમૃતપાન કરાવતી રહે... બાળકને પારણામાં પોઢાડવામાં ગમે તેટલી થાકેલી હોય, ગમે તેટલા કામ બાકી હોય, પોતાના જીવનની પરવા કર્યા વિના નિરાંતે પારણાની દોરી હાથમાં લઈ હાલરડાં ગાતી રહે ને બાળક સાથે વાતો કરતી રહે. હાલરડામાં કેટલી મીઠાશ હોય એટલે તો વિચારકો કહે છે, “હાલરડું એ મા નામના પ્રદેશનું રાષ્ટ્રગીત છે !!” પારણામાં પોઢી ગયેલા સંતાનને થોડી થોડી વારે જોયા કરે... ને થોડી ઉંઘ મા લે ન લે ઝબકી જાગે. મને સ્વપ્ન આવ્યું કે ખરેખર મારો લાલ રડે છે જોઈ લે... સરવાડે સંતાન સૂઈ જાય ને મા સંતાનને જોતી જોતી જાગતી રહે. પછી કવિ આગળ વાત ચાલવતા કહે છે.

**સાજું માંદુ થાય છોકરું તો આકુળ વ્યાકુળ થાતી,**
**ભાવતાં ભોજન ત્યાગીને પોતે ખાણું અણગમતું ખાતી... જનેતા...**

ક્યારેક મા ને કોઈ લગ્ન પ્રસંગે જવાનું થાય અથવા કોઈ સારા પ્રસંગે સારું ખાવાનું મળે. મીઠાઈ-ફરસાણ



આદિ ભાવતા ભોજન મળે તો પણ ખાય નહીં અને કહે કે મારા બાળકને સદે નહીં. બીજા બધા લોકો સારું સારું ખાતા હોય ત્યારે મા સાવ સાદું શાક-છાશ-રોટલો ખાઈ લે. બાળક સાજુ માંદુ થાય તો મા આકુળ-વ્યાકુળ થઈ જતી હોય છે.

હું મારી જ નાનપણની વાત કરું... મારી ઉંમર આઠ-નવ વરસની હશે. ઠંડીમાં અમે સૌ ભાઈઓ ચૂલા પાસે બેસી ઠંડી ઉડાડતા હતા. અમારી માતા આજે મુંબઈ જવાની તૈયારીમાં હતી. ચૂલા પાસેથી હું ઉભો થવા જતો હતો ને એકાએક ચૂલા પર પડેલા કડકડતા ગરમ-પાણીમાં પડવા જતાં મારો હાથ તેમાં પડ્યો. મતલબ કે બંને હાથમાંથી એક હાથ સીધો જ ગરમ પાણીનાં તપેલામાં પડતાં એક હાથ પર વજન આવી જતાં પૂરો હાથ તપેલામાં ખુંપી ગયો. બીજા ભાઈઓએ મને પકડી લીધો. ગરમ પાણીથી કાંડા સુધી હાથ દાઝ્યો, ઘુંટણ પર પણ પાણી ઉડ્યું. અમારી મા ત્યારે જ કામ આટોપી ઘરે આવ્યા... ઉપચાર માટે દોડા દોડી કરી...હાંફળા ફાંફળા થવા લાગ્યા. આકુળ વ્યાકુળ થઈ ગયાને તરત જ મારી હાલત જોઈ મુંબઈ જવાનું મુલત્વી રાખ્યું. ઉપચારો ઘરગથ્થુ ખૂબ કર્યા. નાના ગામડે ડૉક્ટરની સગવડ નહિ. બાજુના કોટડી ગામમાં ડૉક્ટરની સગવડ તરત જ વાહનની તે સમયે કોઈ જ સગવડ નહિ એટલે ગાડામાં બેસાડી પાંચ - છ કિ.મી. પરના કોટડી ગામે સરકારી દવાખાને લઈ સારવાર ચાલુ કરી... તે દિવસો મને યાદ આવે મારી મા મારી પીડા જોઈ શકતી ન હતી. બધાને કહે નવિનને પીડા ખૂબ થાય છે. રડે છે શું કરું? શું કરું? એ પ્રશ્નમાં માની પીડા છતી થતી હતી. મહિના દિવસ લગી સારવાર ડ્રેસિંગ માટે ગાડામાં બેસી જવું પડતું. તે સમયની માની મમતા... આકુળ-વ્યાકુળતા વચ્ચે હુંફ મળી તે અનન્ય હતી.

એટલે ગુલાબદાન બારોટના આ વાક્ય મેં મારા જીવનમાં સારી રીતે અનુભવ્યા. બિમાર સંતાનને જોઈ મા કેટલી આકુળ-વ્યાકુળ થતી હોય. મારો નાનો ભાઈ બે-ચાર વખત જીવલેણ બિમારીમાં પટકાયો ત્યારે મારી દીક્ષા થઈ ગઈ હતી. અમે ગુરૂદેવ સાથે ભાઈને દર્શન દેવા જતાં ત્યારે માનાં મુખ પરના ભાવ વેદના જોઈ મારી ખુદની આંખો ભીની થઈ જતી. અમારી મા ગુરુદેવને કહેતી હોસ્પિટલમાં ઘણાં દિવસ થઈ ગયા. તારાચંદને સારું નથી થતું ને રડ્યા કરે છે. એને સમજાવો રડે નહિં... ત્યારે આ વાક્યો સાંભળતા માનાં હૃદયને સંતાનની બિમારીથી કેવા આકરા ઘા વાગતા હતા. તે અમે જાણતા હતા. આ માની મમતા-લાગણી હોય છે.

**નાના-મોટા સહુને જમાડી એ ગીત ઉપવાસના ગાતી. ખબર પડે નહીં ઘરમાં કોઈને એમ પાણી પી સુઈ જાતી... જનેતા...**

અન્નપૂર્ણાનાં અવતાર જેવી માનો ઉપવાસ હોય તે છતાં ઘરનાં બધાં લોકો માટે રસોઈ પણ બનાવી દે ને પ્રેમથી સૌને જમાડે પણ... ઘરવાળા કોઈને ખબર પણ ન આપે કે આજે મારો વ્રત-ઉપવાસ છે. પોતે પાણી પીને ચૂપચાપ સૂઈ જાય... ❁




Satyam Collection®

અનેક ભેટ, એક નામ

Discover Unique Greeting Cards,
Thoughtful Gifts and Novelty Treasures
at Our One-Stop Shop

• J. Tata Road, Nr. Eros, Churchgate, Mumbai, Tel: 42138800
• Ghantali, Vishnu Nagar, Thane (W), Tel: 25408714

# ઝારાનું યુધ્ધ

■ ડૉ. મિહિર એમ. વોરા



મિત્રો, સૌને મારા નવા વર્ષના રામ રામ. આ માહિતી આધારીત લેખ છે જેની નોંધ લેજો, વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરીને આ લેખ લખ્યો છે જેની નોંધ લેવા વિનંતી છે કે ઝારાના યુધ્ધના મૂળમાં સિંધુનાં પાણી? ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ કચ્છ મીડ કે માં કચ્છના જાણીતા ઈતિહાસકાર શ્રી નરેશભાઈ અંતાણી લખે છે કે, આ કરારનું વર્ષ ૧૭૬૧ જણાવ્યું છે, પરંતુ દેશળજીનો સમય ઈસવી સન ૧૭૧૯ થી ૧૭૫૨નો છે અને તેમના સમયમાં જ દીવાન દેવકરણ હતા.

આથી આ કરારનું વર્ષ એ દરમ્યાનું હોઈ શકે. ઝારાનું યુધ્ધ ઈસવી સન ૧૭૬૧માં થયું હતું, પણ આ કરાર એ પહેલાં એટલે કે ૧૭૧૯ થી ૧૭૫૨ દરમ્યાન થયો હોવો જોઈએ.

એ સમયે ઝાલાવાડના રાજવી ગજેન્દ્રસિંહજી સાથે કચ્છ રાજ્યના સંબંધો સારા હતા આથી આ કરારમાં ગજેન્દ્રસિંહજી પણ જોડાયા હતા. તેમનો ધાંગધ્રાના રાજવી તરીકેનો સમય ઈસવી સન ૧૭૪૫ થી ૧૭૮૨નો છે. કચ્છ, ધાંગધ્રા અને સિંધ વચ્ચે સિંધુ નદીના નીર માટે કરાયેલા કરારની વિગતો આ પ્રમાણે હતી.

(૧) સિંધુ નદીનાં પાણી સિંધ રાજ્ય કચ્છ અને ધાંગધ્રા રાજ્યને આપે અને એની બદલીમાં... (૨) કચ્છ રાજ્ય કંજરકોટથી રહીમ કી બજાર સુધીનો પ્રદેશ તથા ચાર લાખ કોરી રોકડ સિંધને આપે. (મતલબ કે કંજરકોટથી રહીમ કી બજાર સુધીનો પ્રદેશ કચ્છ રાજ્યનો હતો. (૩) આજ રીતે સિંધુનાં પાણીના બદલામાં ઝાલા રાણા ગજેન્દ્રસિંહજી સિંધ રાજ્યને એક લાખ વીસ હજાર રૂપિયા રોકડા આપે.

આ કરાર પછી કરારની શરત મુજબ કચ્છ રાજ્યે કંજરકોટથી રહીમ કી બજાર સુધીનો પ્રદેશ તથા ચાર લાખ કોરી રોકડ અને ગજેન્દ્રસિંહજીએ એક લાખ વીસ હજાર રૂપિયા રોકડા સિંધ રાજ્યને આપ્યા. આ કરારમાં કચ્છ રાજ્ય વતી દીવાન દેવકરણ તથા સિંધના દીવાન ગીધુમલ ચૌહાણ જોડાયા હતા. પરંતુ આ પ્રદેશો તથા રોકડ મેળવ્યા પછી ગુલામશાહ ફરી ગયો અને શરતનું પાલન કર્યું નહીં અને કચ્છ અને ધાંગધ્રા સિંધુનું પાણી મેળવી શક્યાં નહીં. તેણે કરારનો ભંગ કર્યો.

કચ્છ અને સિંધ વચ્ચે ઝારાના ડુંગરે લડાયેલા યુધ્ધમાં આ મુદ્દો જ મૂળ કારણભૂત છે અને આ કરારનો અમલ ન કરવો એ માટે જ ગુલામશાહે યુધ્ધ પછી કચ્છ છોડતી વખતે સિંધુ નહેરને આડ બંધ બાંધી કચ્છને સિંધુનાં પાણી માટેની શક્યતાઓ પર સિંધુના પાણી ફેરવી નાખ્યા એવું પણ હોવું જોઈએ. એટલું જ નહીં, જ્યારે નદી છલકાતી ત્યારે આવતું પાણી પણ આ આડ બંધને કારણે બંધ થઈ ગયું.

ઝારાનું યુધ્ધ કચ્છના રાવ ગોડજી બીજા (ઈસવી સન ૧૭૬૧-૧૭૭૯)ના સમયમાં લડાયું હતું. રાવ ગોડજી બીજા કચ્છની ગાદીએ આવ્યા પછી કચ્છના દીવાન તરીકે જીવણ શેઠની નિમણૂક કરવામાં આવી હતી. એ દરમ્યાન કચ્છના રાવ પદે ગોડજી આવ્યાની જાણ જૂનાગઢ રહેતા પૂંજા શેઠને થતાં તે કચ્છ આવવા નીકળ્યો.

આ બાજુ જીવણ શેઠને ડર લાગ્યો કે પૂંજા શેઠ ભુજ આવી જશે તો મહારાવને ગમે એમ સમજાવી પોતાનું દીવાનપદ છીનવી લેશે અને કચ્છનો દીવાન બની જશે. આથી તેને ભુજ આવતો રોકવામાં આવ્યો. પરિણામે પૂંજા શેઠે વાગડના વીરાવાવના સોઢાઓને શરણે ગયા. સોઢાઓ પર પૂંજા શેઠનું ઋણ હોવાથી તેઓએ તેને શરણ પણ આપ્યું.

જીવણ શેઠ પૂંજા શેઠના દૂરના સંબંધે ભાઈ થતો હતો. ભાઈએ કરેલા કૃત્યનો બદલો લેવાનું પૂંજા શેઠે મનમાં નક્કી કરી રાખ્યું હતું અને આ માટે વીરાવાવમાં રહીને યોજના ઘડી. પૂંજો જાણતો હતો કે સિંધનો રાજવી ગુલામશાહ કલોરા પોતાનો રાજ્યવિસ્તાર વધારવાનો લાલચી હતો અને કચ્છ પર તેની લાંબા સમયથી નજર હતી.

આથી પૂંજા શેઠે ગુલામશાહના દીવાન ગીધુમલને સાધી કચ્છ પર ચડાઈ કરવા ઉશ્કેર્યો અને પોતાની યોજના સમજાવી. આથી ગુલામશાહે માન સાથે પૂંજાને સિંધ બોલાવ્યો અને તેની સાથે મસલત કરી કેવી રીતે યુધ્ધ કરવું એની સંપૂર્ણ યોજના નક્કી કરી લીધી. આ યોજના મુજબ ગુલામશાહ મોટા લાવલશ્કર સાથે કચ્છ પર લડાઈ કરવા ચડી આવ્યો.

કચ્છ રાજ્યે આ યુધ્ધ જીતવા અનેક પ્રયાસ કર્યા. ભાયાતી ગામોના આગેવાનો, ઠાકોરો અને આમપ્રજાને સાથે જોડી. આમ છતાં, ગુલામશાહના વિશાળ લશ્કર સામે ફાવ્યા નહીં. યુધ્ધની વિગતે વાત કચ્છના ઈતિહાસમાં નોંધાઈ છે અને અહીં એનાથી જુદી વાત કરવાની હોવાથી એની વિગતમાં ઊતરતા નથી.

આ લડાઈમાં બંને પક્ષે મોટી ખુવારી થઈ. કચ્છના દીવાન જીવણ શેઠ પણ આ લડાઈમાં માર્યા ગયા. આથી પોતાનો માર્ગ સાફ થયાનું જણાતાં પૂંજા શેઠે કચ્છના દીવાન બનવાની લાલચે ભુજ તરફ આગળ વધતા સિંધના લશ્કરને પોતાની રાજકીય કુનેહથી સમજાવી પાછું વાળ્યું અને એના બદલામાં કચ્છનું દીવાનપણું મેળવી લીધું.

કચ્છ સાથે સિંધનું યુધ્ધ બંધ કરાવવાની એક શરત પૂરી કરવાના ભાગરૂપે પૂંજા શેઠે પોતાના પુત્ર દેવજીને બાનામાં સિંધ રાજ્યને આપ્યો હતો. કચ્છના દીવાન થયા પછી પોતાના પુત્રને બાનામાંથી છોડાવવા સિંધને ઠરાવેલી રકમ આપીને પુત્રને મુક્ત કરાવવા કચ્છ રાજ્ય પર દબાણ કરવા લાગ્યા.

આથી ગોડજીએ તેની ધરપકડ કરાવી ઝેર આપીને મરાવી નાખ્યો. આ સમાચાર સિંધના ગુલામશાહને મળતાં તે ફરી કચ્છ પર લશ્કર લઈને ચડી આવ્યો, પરંતુ રાવ ગોડજી સાથે સમાધાન કરી પાછો ચાલ્યો ગયો, પરંતુ જતાં-જતાં માર્ગમાં કચ્છમાં આવતી સિંધુ નદીની શાખા પર કોરી બંધ બાંધી બન્ની અને લખપતમાં આવતું સિધુનું પાણી બંધ કરતો ગયો.

કચ્છના ઈતિહાસ સાથે બે સૌથી મોટા યુધ્ધો જોડાયેલા છે. વર્ષ ૧૮૧૯માં સિંધના ગુલામશા કલોળાએ કચ્છની ધરતી પર આક્રમણ કર્યું હતું. આ સમયે વિંજાણના સર સેનાપતિ લાખાજીરાજની આગેવાનીમાં ઝારાનું યુધ્ધ ખેલાયું હતું.

જેમાં કચ્છના તમામ જ્ઞાતિ-જાતિના આશરે ૫૦ હજાર જેટલા સૈનિકો ખપી ગયા હતા. તેના પાળિયા ગામે


**With Best Compliments From**

**AMRATLAL K. SAVLA**

Insurance Advisor

603, Girner Towar, Plot No.208, Ram Tekdi Road, Sewri, Mumbai-400015

**Mo. : 98212 15265 - 83560 37821**





# Chheda's

## Chheda Insurance & Investment Services

**Contact For :**

- Mutual Fund
- General Insurance
- Fixed Deposit
- Life Insurance

**Nilesh L. Chheda**
**+91 9820134626**
**Shaila N. Chheda**
**+91 9819208711**

E-mail : nileshchheda@hotmail.com

## Chheda Graphics

*Graphic Designers* | *Quality Printers*

- Packaging Designs
- Stationery
- Brochures
- Books
- Screen Printing
- Offset Printing
- Multicolour Prints
- Banners & Sign Board

**Ketan : 98209 77922**
E-mail : ketanlchheda@gmail.com

**309-ATLANTIC COMMERCIAL TOWER, RB MEHTA MARG, PATEL CHOWK, ABOVE VODAFONE GALLERY, GHATKOPAR (E), MUMBAI-400 077**
**Tel. : +91 22 25060549 / 25060283 / 21020495 / 21020692**

ગામ આવેલા છે. આ ઉપરાંત ૧૭૭૫માં ભુજીયાના કિલ્લા પર અમદાવાદના શેર બુલંદખાને ચડાઈ કરી હતી. આ વખતે કચ્છના સૈનિકો ઉપરાંત અહીંથી નારાયણ સરોવર જઈ રહેલી દિગમ્બર સંતોની ફૌજ પણ તેમાં હોમાઈ ગઈ હતી. અલબત, યુધ્ધમાં કચ્છમાં વિજય થયો હતો. તેના પાળિયા પણ છે. આ ઉપરાંત સ્થાનિક નાના-મોટા યુધ્ધ અને અન્યાય સામે લડતા લડતા શહીદ થયેલા લોકોના પાળિયા કચ્છમાં છે.

કચ્છના ભીમાસર, ધુનેરી, મુળુ, અકરી, આસંબીયા, કોજાયરા, માથાળ, પીપળી, વાંઢાય તીર્થ, વિંજાણ, વરંડી, ઘેડી, લલીયાણા વગેરે ગામો પાળિયા માટે જાણીતા છે. આ સિવાય પણ ઘણા બધા ગામોમાં સીમાડે ઉભેલા પાળિયા શૌર્ય ગાથા ઉજાગર કરે છે.

જો કે જાળવણીના અભાવે સેંકડો પાળિયા વેરવિખેર થઈ ગયા છે. અનેક પાળિયા નષ્ટ થઈ ગયા છે. થોડા સમયથી આવેલી જાગૃતિના કારણે હવે પાળિયાનું મહત્ત્વ થોડું વધ્યું છે.

કચ્છના ઈતિહાસમાં નોંધાયેલી આ ઘટના ઝારાના યુધ્ધનું તાત્કાલિક કારણ હોઈ શકે અને એ માટે પૂંજા શેઠ નિમિત્ત બન્યો. પરંતુ કચ્છ પર ચડાઈ કરવા પાછળ ગુલામશાહની મેલી મુરાદ બહુ લાંબા સમયથી ઘુંટાતી હતી અને કચ્છ સાથે દગોફટકો કરી યુધ્ધ કર્યું હતું જેના મૂળમાં પણ એક ઘટના રહેલી છે.

જેની વિગત કચ્છના ઈતિહાસમાં ક્યાંય નોંધાઈ હોવાનું જણાતું નથી. એક સમયે માત્ર સિંધનું કંજરબેટ જ નહીં, પણ રહીમ કી બજાર પણ કચ્છની હદમાં હતા. એ પ્રદેશો કચ્છ રાજ્યના જ હોવાના દસ્તાવેજી આધારે ઝાલાવાડના ધ્રાંગધ્રા રાજ્યના રાજ દફતરમાં હતા જે પાછળથી રાજ્ય સરકારના અભિલેખાગારમાં હોવાનું જાણવા મળે છે.

આ પુરાવાઓ જોવા તથા મેળવવા આ લેખકના પ્રયાસ ચાલુ છે. આ દસ્તાવેજમાં કચ્છ-ધ્રાંગધ્રા અને સિંધ રાજ્યો વચ્ચે સિંધુનાં પાણી માત્ર કચ્છને જ નહીં, પણ છેક ઝાલાવાડ સુધી પહોંચાડવાના કરાર કરાયા હતા એની વિગતો હોવાનું જાણવા મળ્યું છે.

૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુધ્ધ સમયનો ૧૯૬૫ની ૪ મેના 'કચ્છ મિત્ર'માં પ્રસિધ્ધ થયેલો એક અહેવાલ આ સમગ્ર ઘટનાને પ્રકાશમાં લાવે છે. અગાઉ સિંધુ નદી છલકાતી ત્યારે એનાં પાણી કચ્છમાં લખપત, બન્ની, અબડાસા અને ગરડા પંથકમાં ફરી વળતાં.

આ પાણીથી કચ્છમાં લાલ ચોખાનો મબલખ પાક લેવામાં આવતો. સિંધુ નદીનાં છલકાતાં પાણીથી જો આટલો લાભ થતો હોય તો એના નીરને કચ્છમાં વહેવડાવીને એનો કાયમી લાભ કેમ ન મેળવી શકાય? એવો વિચાર કચ્છના રાવ દેશળજીને આવ્યો.

આ પાણી કચ્છમાં લાવી કાચું સોનું પેદા કરવા રાવ દેશળજીએ તેના દીવાન દેવકરણને સિંધના ગુલામશાહ કલોરા સાથે કરાર કરવા મોકલ્યા. આ હકીકત કચ્છના ઈતિહાસમાં ક્યાંય નોંધાઈ હોવાનું જોઈ શકાતું નથી, પણ આ અહેવાલ કચ્છના ઈતિહાસનો એક નવો અધ્યાય જરૂર ઉજાગર કરે છે.

સંદર્ભ : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો


**વિનોદ કે. શાહ ફોન (ઘર) ૨૪૧૪૪૪૪૧**
**ગામ : મોટા આસંબીયા**

**વાડીલાલ કે. શાહ ફોન (ઘર) ૨૪૦૯૬૬૯૪**
**મો. : ૯૮૨૦૦૫૯૬૨૧, ૯૩૨૨૮૬૫૯૪૩**

**મેસર્સ ભાવેશ એન્ડ કાં.**

**અનાજ, કઠોળ અને દાળોના જથ્થાબંધ અને છૂટક વેપારી તથા કમિશન એજન્ટ**

**ડી/૩૨, એ.પી.એમ.સી. માર્કેટ નં.-૨, દાણાબંદર, વાશી, નવી મુંબઈ - ૪૦૦૭૦૫.**
**ફોન : ૨૭૮૩૮૨૮૦, ૨૭૮૪૯૦૧૬**

# વેલેન્ટાઈન ડે

■ હર્ષદ પંડ્યા શબ્દપ્રીત

જેમની ઉંમર ૩૫ પછીની છે એવા ઘણા લોકો વેલેન્ટાઈન ડેની પહેલાં અને પછી બળાપો કાઢતા હોય છે કે આ લોકો તો શું પ્રેમ કરે છે. પ્રેમ તો અમારા જમાનામાં થતો. વડીલોની હાજરીમાં ભલે બોલીએ નહીં, પણ ઈશારા તો થાય ને ! વડીલોની આમન્યા પણ જાળવવી પડે, કેમ કે એ લોકો પણ અમારી આમન્યા જાળવીને જ ઈશારાની આલ્ફાબેટમાં સંવાદો કરતા'તા ! એમ તો આટલી ઉંમરેય હું અને તમારાં ભાભી ચાલુ દિવસોમાં ટાઈમ કાઢીને બગીચામાં એકાદું ઝાડ શોધીને બેસી આવીએ. ચાલુ દિવસોમાં એટલા માટે કે ત્યારે બગીચામાં બહુ ભીડ ન હોય. બાકી રજાના દિવસે તો બગીચાના માળીને લાંચ આપવી પડે. બગીચામાં પેસવા કે મોડે સુધી બેસવા દેવા માટે નહીં, પેલું ઝાડ અમારા માટે 'રિઝર્વ' રહે એ માટે !

ગયા વેલેન્ટાઈન ડે નિમિત્તે અમે બંને જણાં બગીચામાં ગયા'તાં. ફિલ્મોમાં હીરો-હીરોઈન જે રીતે સાતતાળી કે થપ્પોની રમત નાચતાં-ગાતાં રમતાં હોય છે, એવું અમને આવડે નહીં એટલે અમે બંને જણા પેલા એકના એક લાડકવાયા ઝાડના ટેકે બેસી રહીએ. ઘેરથી અમે નક્કી કરીને જ આવ્યા હોઈએ કે બગીચામાં પ્રેમ સિવાયની બીજી કોઈ વાતો નહીં કરવાની. બીજી બધી ફાલતું વાતો માટે તો ઘર છે જ ! વાઈફનો સ્વભાવ પાછો કરકસરિયો, કારણ કે એ પોતાને મારી વાઈફ ઉપરાંત સંપૂર્ણ ગુજરાતી સ્ત્રી પણ માને છે. બગીચામાં 'સીંગચણા' કે 'ચણાજોર ગરમ...'ની બૂમો પાડતો ફેરિયો આવે તો એની પાસેથી પાંચ-દસ રૂપિયાના સીંગચણા કે ચણાજોર ગરમ લે નહીં. અને મને લેવા દે પણ નહીં. 'તમને ખબર ના પડે', એમ કહીને એ મને ખબર પાડતાં કહે, 'આ ફેરિયાઓને તો જેટલી ટેવ પાડીએ એટલી ઓછી.' આપણે દયા ખાઈને એકાદ વાર એની પાસેથી કશુંક ખરીદીએ એટલે એને છેક આપણી



નજીક આવવાનું બહાનું મળે અને પછી વારંવાર આવીને પૂછ્યા કરે, 'સીંગચણા આપું?', 'ચણાજોર ગરમ આપું?' આ રીતે અવારનવાર ડિસ્ટર્બ થયા જ કરવાનું હોય તો પછી આપણું ઘર શું ખોટું? બગીચામાં જઈએ એટલે કંઈક ખાવું જ પડે એમ જો તમને લાગતું હોય તો જુઓ, આ ડબો લઈને જ આવી છું, ગરમાગરમ થેપલાં અને છૂંદો...'

ડબા તરફ સહેજ ઓશિયાળા ભાવે જોઈને હું 'ઉમ્મીદ સે દુગના' એમ વિચારી ઢાંકણું ખોલવા જઉં ત્યાં જ મારા હાથ પર ટપલી મારતાં એ બોલે : 'તમારું તે છટકી ગયું છે કે શું? આ થેપલાં ખાવામાં ટાઈમ બગાડવાનો છે? થેપલાં તો ઘરમાં બેસીનેય ખવાય. પ્રેમની બે વાત કરો ને?'

કબીરજી એમ કહેતા હોય કે 'ભૂખે ભજન ન હોત ગોપાલા' તો ભૂખ્યા પેટે પ્રેમની વાતો કેમ કરીને થાય? લગ્ન પછીનાં આટલાં વર્ષો પછી પ્રેમની એવી તે કઈ વાત રહી ગઈ હોય કે એનો ઉલ્લેખ કરવો? હું ખરેખર મૂંઝવણમાં પડી ગયો, પણ ઉપરવાળો દયાળું છે. જે ઝાડનો ટેકો લઈને હું બેઠો'તો એ ઝાડની ડાળ પરથી એક કાગડાનો અવાજ સંભળાયો. તક ઝડપીને મેં કહ્યું, 'હવે તો કાગડા પણ બગીચામાં ટહેલતા થઈ ગયા ને કંઈ !' ત્યારે વાઈફે આજુબાજુ જોઈને કહ્યું, 'ધીમે બોલો, લોકો સામે આમ ખુલ્લા ન પડો, વેલેન્ટાઈન વિશે બોલવાને બદલે કાગડો કેમ યાદ આવે છે?'

"કાગડા જેવો કોઈ પ્રેમી નથી." મેં કાગડાનો પક્ષ



લેતાં કહ્યું, ''કાગડાનો પ્રેમ પણ વેલેન્ટાઈન જેટલો જૂનો છે.''

''હું તો ઝાડ પર બેઠેલા કાગડાની વાત કરું છું.'' વાઈફે કહ્યું, ''તમારો પ્રેમ પણ વેલેન્ટાઈન જેટલો જૂનો છે એની તો મને ખબર જ નહીં.''

મેં હરખાતાં કહ્યું, ''તને હવે ખબર પડશે !''

''તેમ હવે?''

''દોઢ કિલોમીટર લાંબી લાઈનમાં ઊભો રહીશ ત્યારે તને ખબર પડશે કે મારો પ્રેમ કેટલો જૂનો છે !''

''શેની લાઈન?''

''ગેસની લાઈન !'' મેં લમણે હાથ મૂકતાં કહ્યું, ''ઓફિસમાંથી કાલે રજા લઈને ગેસવાળાને ત્યાં સિલિન્ડર લઈને નહીં ઉભા રહેવું પડે?''

''તમેય ખરા છો'', એકદમ ઊભા થઈને કપડાં ખંખેરતાં વાઈફે ગરમ થઈને કહ્યું, ''હજુ તમે ગેસનો સિલિન્ડર નથી બદલાવ્યો? કાલે તો સિલિન્ડર લઈ ગયા'તા.''

''સિલિન્ડર તો લઈ ગયો'તો, પણ પૈસા ભૂલી ગયો'તો.'' મેં વાઈફને બેસવાનો આગ્રહ કરતાં કહ્યું, ''બેસને હવે, જવાય. છે. શું ઉતાવળ છે?''

''આટલું મીઠું મીઠું ઘરમાં કેમ બોલતા નથી?'' વાઈફે નીચે બેસતાં કહ્યું.

''બગીચાની અસર જ કંઈક જુદી હોય !'' મેં આખા બગીચામાં નજર ફેરવતાં કહ્યું, ''એમાંય ભૂતકાળની યાદો તાજી થવા માંડે પછી તો પૂછવું જ શું !''

''ભૂતકાળની યાદો?'' વાઈફ ચમકી, ''આપણે તો અહીં પહેલી જ વાર આવ્યાં છીએ.''

''હું આપણી નહિ, મારી વાત કરું છું.''

''તો ઠીક...'' આટલું બોલ્યા પછી એને કંઈક ટ્યૂબલાઈટ થઈ કે ગમે તે... મારો ઊધડો લેતાં એણે કહ્યું, ''ઊભા થાવ. આવી ખબર હોત તો હું આવત જ નહીં, મને હવે ખબર પડી કે બગીચામાં બીજે ક્યાંય નહીં ને આ જ ઝાડ નીચે બેસવાનો આગ્રહ તમે કેમ રાખ્યો? સાચું કહો, આ પહેલાં અહીં તમે કોની સાથે આવેલા?''

''અરે યાર, તું તો ખરી છે.''

''ખરી જ છું. ખોટી હોત તો ક્યારનીય ઊપડી ગઈ હોત.''

''એવું નહીં બોલ, ભગવાન તને સો વર્ષની કરે !'' મેં ઊભા થતાં કહ્યું, ''અહીંથી હવે ઘરે જ જવું છે કે પછી કોઈ ફિલ્મ જોઈ નાખવી છે? હમણાં એક ગુજરાતી સારી ફિલ્મ આવી છે. ૧૦૦ ટકા ટેક્સ-ફ્રી છે !''

''ના હોં.'' એણે મક્કમ અવાજે કહ્યું, ''ગમે તેટલી સારી ફિલ્મ હોય તો પણ હવે તો ઘેર સીડી લાવીને જ જોવાની. આજથી કોઈ પણ થિયેટરમાં જવાનું બંધ.''

''અરે?'' મેં થિયેટરોનો બચાવ કરતાં કહ્યું, ''હવે તો થિયેટરો ઘણાં સુધરી ગયાં છે !''

''પણ માણસ સુધર્યો નથી ને...'' એણે તીરછી નજરે મારી સામે જોઈને કહ્યું, ''જેમ અહીં આવતાં જ તમને ભૂતકાળ યાદ આવ્યો, એમ થિયેટરમાં જતાં પાછો બીજો ભૂતકાળ યાદ નહીં આવે એની શી ખાતરી?''


''કેમ આમ બોલે છે?''

''હું તમને ઓળખું ને.'' બગીચાના ઝાંપામાંથી વાંકા વળી બહાર નીકળતાં એણે કહ્યું, ''હવે મને સમજાય છે કે 'ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા' એ ગીત તમે અવારનવાર કેમ ગણગણતા રહો છો.''

''અરે એ ગીતમાં તો કાદુની બહાદુરીનું વર્ણન છે.''

''મને હવે ધીરે ધીરે સમજાય છે કે તમારા મિત્રો તમને 'દાદુ' કહીને કેમ બોલાવતાં થઈ ગયા છે.'' પછી એ ધીમેથી બબડી : ''કાદુનો ભ'ઈ દાદુ.''

''પણ...'' મેં જરાક બાઘાવેડા કરતાં પૂછ્યું, ''ભલે, હમણાં આપણે ઘર સિવાય બીજે ક્યાંય નથી જવું, પણ આવતાં 'વેલેન્ટાઈન ડે'ના દિવસે તો બગીચામાં કે થિયેટરમાં જઈશું ને?'' ''નહીં,'' એણે હાઈકોર્ટના જજ બનીને કહ્યું, ''હવે તો આપણું ઘર એ જ બગીચો અને એવરીડે ઈઝ વેલેન્ટાઈન ડે'' એમ સમજીને ઘરમાં જ રહેવાનું ! હવે મારે આ વરસના તો શું, ભવિષ્યના એક પણ 'વેલેન્ટાઈન ડે'ની રાહ જોવાની રહી નહીં. આને કહેવાય વેલેન્ટાઈન ડે માટેની Thought બંધી ! ❁



દિનકર દેસાઈ 'વિશ્વબંધુ'

# કુમકુમ પત્રિકા



**જ્યા**રે હું નાનો હતો ત્યારે માત્ર મારે ઘેર આવતી જ નહીં પણ પારકે ઘેર આવતી કુમકુમપત્રિકાઓ જોઈને હું રાજી રાજી થઈ જતો, પણ હવે ઉંમરલાયક થતાં કોઈની પણ કુમકુમપત્રિકા જોઈને જ મને ધ્રુજારી છૂટે છે. ધરપકડ વોરંટથી જેટલો નથી ડરતો એટલો હવે હું મલકાતે મુખડે અપાયેલ કુમકુમપત્રિકાથી ડરી જાઉં છું. આખરે તો એ બની શકે એટલી શિષ્ટ ભાષામાં સામાને સપડાવવા માટેની 'ચાંલ્લા કલેક્ટિંગ નોટીસ' જ છે ને !

ગામડાં કરતાં શહેરની પોળોમાં કુમકુમપત્રિકાઓની લહાણી છૂટથી થાય છે. માત્ર મોં દેખ્યાનો જ વ્યવહાર હોય એવાઓની પણ કુમકુમપત્રિકાઓ અવિરતપણે આવ્યે જ જાય છે. ના પણ પડાતી નથી. કેટલીક વાર તો આપણને જમવાનું નિમંત્રણ ન હોય, પોળમાં આપણી આંખો સામે જ, જમણવાર થતો હોય, પણ કુમકુમપત્રિકાની પધરામણી તો થઈ જ ચૂકી હોય છે. એવી કંકોત્રીઓ લખવા પાછળનો 'શુભ હેતુ' કેવળ પોતાનું સાજન વધારવાનો ચાંલ્લો લેવાનો હોઈ શકે, પરંતુ સાચા વ્યાવહારિક માણસો આ ચાલબાજીથી છેતરાતા નથી હોતા. નવાસવા અલબત્ત છેતરાઈ જાય છે અને એવા મૂર્ખજનો ઘણી વાર ભોજનની અપેક્ષા રાખ્યા વિના પણ બે રૂપિયા ચાંલ્લો આપી છૂટે છે.

થોડા સમય ઉપર મારા પર એક કુમકુમપત્રિકા આવી હતી. જેના એક વાક્ય ઉપર હું ખુશ થઈ ગયેલો. એ વાક્ય હતું, 'ચાંલ્લો લેવાનો નથી.' જે ભાઈએ આવી કુમકુમપત્રિકા મારા ઉપર મોકલાવેલી તેમની સાથે મારે ચાંલ્લા-વ્યવહાર ન હતો, છતાં ઔપચારિકતા ખાતર કે બાહ્ય વિવેક ખાતર બે રૂપિયા ધરવા માટે ગયો. પણ તમે માનશો? મારા આશ્ચર્ય વચ્ચે એ બે રૂપિયા મારા હાથમાંથી ચાંલ્લો ન લેવાના આગ્રહી એ ભાઈના હાથમાં પહોંચી ગયા. આટલી ઝડપથી મારા બે રૂપિયા સામાના બની જશે એવું તો મેં ધારેલું પણ નહીં. આવી રીતે તો ચાંલ્લાની ધારેલી રકમ કરતાં ઘણી વાર બમણી રકમ એકત્રિત થઈ જવાનો સંભવ રહે. મારા નમ્ર મત પ્રમાણે સામાને છેતરવાની આ પધ્ધતિ અખત્યાર કરવા કરતાં કુમકુમપત્રિકાનું સમાપન કરતાં નીચે પ્રમાણે લખવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો ઘટે.

'ચાંલ્લો લેવાનો છે - ઓછામાં ઓછા પાંચ રૂપિયા, બે રૂપિયાવાળાઓએ ખાલી તસદી લેવી નહીં.'

એક બીજી કુમકુમપત્રિકાનું 'આશીર્વાદ આપવા પધારશો' એ વાક્ય ગમેલું. આશીર્વાદ આપવામાં કશું ગાંઠનું જવાનું નથી એવી ખાતરી સાથે સ્નેહીને માંડવે પહોંચ્યો. નવદંપતીપગે લાગતાં લાગતાં મારી પાસે આવી પહોંચ્યા. 'બંને જણ સુખી રહો' એવા આશીર્વાદ ખાસ્સા બે હાથ એમને માથે મૂકી મેં આપ્યો, પણ રે ! એમના મુખારવિંદ પર હર્ષની લહેરખી સરખી ન દેખાઈ. કોઈએ પાછળથી મારી ટીકા કરતાં કહેલું કે 'ખરા લુખ્ખા નીકળ્યા !' જોયું? ઠાલા આશીર્વાદથી લોકો સંતુષ્ટ થતા નથી. એ જાણ્યા પછી તે કોઈને આપવા જવાની હોંશ રહે ખરી?

કુમકુમપત્રિકામાંના 'પાન-ગુલાબ લેવા પધારશો' લખાણથી પ્રભાવિત થઈ કેટલાક ભોળા માણસો ચાંલ્લો કરવા દોડી જાય છે. તો કેટલાક વળી 'પાર્ટીમાં પધારશો' વાંચીને રાજીના રેડ થઈ જાય છે. એમાં રાજી થવા જેવું શું છે? આઈસક્રીમની મૂળ ડિશની કિંમત ચાર કે છ આના થતી હોય, પણ ચાંલ્લો? વીસ રૂપિયાથી નીચે

નહીં ! મારા એક મિત્રે આવા એક લિસ્ટમાં, મારું નામ લખેલું, પણ આના જેવા અનેક મિત્રોની સ્વાર્થવૃત્તિ જોઈ અનુભવી બનેલા મેં તો રોકડું જ પરખાવ્યું. 'ભાઈ, તેં છ આનાનો આઈસક્રીમ ખવડાવ્યો, તો તને ચાંલ્લો બહુ તો આઠ આના શોભે - એથી વધુ ન હોય !'

મારા બનેવી આ બાબતમાં નિષ્ણાત છે. વર્ષોથી પોળમાં રહેતા હોવાથી તે પોળમાં રહેતા લગભગ બધા જ તેમને કુમકુમપત્રિકા લખતા. પરંતુ એથી કંઈ મારા બનેવી સીધા ચાંલ્લો કરવા દોડી જતા નથી. કુમકુમપત્રિકા લખનાર સંભારીને તેમને ઘેર પીરસણ ઢાંકવા આવે છે કે નહીં અને આવે છે તો કેટલું ઢાંકી જાય છે તેનો હિસાબ કર્યા પછી જ તે રૂપિયો કે બે રૂપિયા ચાંલ્લો કરે છે. આવા હિસાબીપણામાં વૈશ્યજાતિ વધુ પાવરધી છે. જેને ત્યાંથી જે કંઈ આવ્યું હોય તે લગ્નની ચોપડીમાં જમા કર્યા પછી જ્યારે સામાને ત્યાં લગ્ન હોય ત્યારે તે જ ચોપડી બગલમાં મારીને તેને ત્યાં જાય અને જેટલું પોતે તેના તરફથી પામેલ હોય એટલું જ આપે, એક પણ પાઈ વધારે નહીં ! અલબત્ત, આવા વ્યવહારમાં કોઈને લાભ કે નુકસાન થતાં નથી, વ્યવસ્થિત વ્યવહાર ચાલતો રહે છે.

અત્યારે તો 'કેમ છો?' એમ કોઈને ભૂલેચૂકે પૂછવામાં પણ ભયનાં દર્શન થઈ રહ્યાં છે. ત્યારે લગ્નગાળામાં તો 'કેમ છો?' પૂછવાનું અનેક પ્રયત્નો કરીને પણ ટાળવું જ, કારણ કે એવું બોલતાની સાથે જ ગજવામાંથી કુમકુમપત્રિકા કાઢીને તાત્કાલિક તે ઉપર આપણું નામ લખી હાથમાં ધરી દેતા વાર લાગવાની નહીં. 'ના, ના, ભાઈ, તમારો ચાંલ્લો હોય નહીં.' એમ કહી ચાંલ્લાનો અસ્વીકાર કરનારાઓમાંના ઘણા તો કેવળ મુખે બોલતા હોય એટલું જ, બાકી રૂપિયા તો કોથળીમાં પહોંચી જ જતા હોય છે.

ઘણા કુંવારા મહાશયો જેમ જેમ પોતાનું લગ્ન નજીક આવતું જાય છે તેમતેમ નવાનવા મિત્રો સ્થાપવાનું કામ પૂર ઝડપથી કરતા હોય છે. આ મિત્રો પાસેથી લગ્નનિમિત્તે અવનવી ભેટો પ્રાપ્ત કરીને તેઓ નવવધૂને રીઝવવા માગતા હશે? એ તો જાણે ઠીક, પણ મારા એક દિલોજાન મિત્રની જાન મુંબઈ મુકામે જવાની હતી, એની વાત કરું. એણે મને જ પૂછીપૂછીને બધે કુમકુમપત્રિકાઓ મોકલાવેલી, પણ હું તો ચોક્કસ એના લગ્ન પર મુંબઈ આવવાનો જ, એમ જાણી જતાં તેણે મને જ કુમકુમપત્રિકાવિહોણી વિરહવ્યથામાં રહેવા દીધેલો. ત્યારથી કુમકુમપત્રિકા મને કાળોત્રી જેવી લાગે છે ! ❁


*With Best Complimants*


KALYANJI RAMBHIA PARAS RAMBHIA



- B.P.MACHINE
- GLUCO METER
- WHEEL CHAIR
- NEBULIZER
- AIR BED
- MORNING WALKER
- PULSE OXYMETER
- ADULT DAIPPER
- HOT WATER BAG
- HEATING PAD
- WEIGHT SCALE
- WATER BED

# FORTUNE SURGICALS

C/004, SUPATH-2, NEAR OLD VADAJ BUS STAND,
ASHRAM ROAD, USMANPURA, AHMEDABAD-380013
PH.27560480 M.9375022555


Gala Caterers®
GALA CATERERS
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US NOW |
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280
GALA CATERERS

# ઋતુઓના સર્જનહારનું વિરાટ સર્જન ઋતુરાજ વસંત

■ પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ-ભુજ



મહાસુદ પાંચમ એટલે વસંતઋતુનો ઉદ્‌ઘાટનનો ભવ્ય દિવસ. ગુલાબી વસંતનો ઘડતર કારીગર એ તો માત્ર પરબ્રહ્મ પરમાત્મા સિવાય અન્ય કોઈ ન હોઈ શકે. ગુલાબ, કુમકુમ, કરેણ અને સોનચંપો વસંતના વધામણા કરતા જણાય છે. કવિ નાનાલાલે રચ્યા મુજબ ‘‘વસંતનો પ્રાણ દલે દલે રમો.’’ વસંત પંચમી માનવજીવનમાં સ્નેહ, સંગીત અને સૌંદર્યને પ્રગટાવે છે. વસંત એટલે મઘમઘતા પુષ્પોનો ગુલદસ્તો. શિયાળા અને ઉનાળાનો સેતુ એટલે જ ઋતુરાજ વસંત. વસંતના આ ઉલ્લાસમાં ભમરાઓ પણ એક પુષ્પથી બીજા પુષ્પ પર ગુંજારવ કરતા જતા જોવા મળે છે.

મંજરીની મહેંક માનવ હૈયાને ભરી દે છે. મતવાલી વ્રજની વ્રજનારીઓ ઉમળકા ભેર રાસ રમતી ગાય છે. ‘‘અણુએ અણુએ વસંત છાયો, વસંતપંચમી આવી અલબેલી.’’

‘‘God made the pretty colours
good made the Tiry wings
of every flower that ofens
of every Bird that sing.’’

સંસ્કૃતિ સાહિત્યમાં રસરાજ જયદેવના ગીતગોવિંદમાં વસંતઋતુનું મનોહર વર્ણન છે. આ એજ વસંત છે જેણે શીવજીના તપ તોડ્યા હતા. આ એ જ વસંત છે જેણે પાંડુરાજા જેવા તપસ્વીના હૃદયમાં કામના કામળા પાથર્યા હતા. કવિ કાન્તે વસંતવિજય નામના ખંડ કાવ્યો રચ્યા છે.

અંગ્રેજ કવિ ડેવિસે કહ્યું છે –

‘‘What is this life is full of care
we have no time to stand and share.’’

આસામ વાસીઓનો મોટામાં મોટો તહેવાર ‘‘બોહાગ બિધુ’’ વસંત પંચમી સાથે સંલગ્નિત છે. નૂતન વર્ષ, કૃષિ જીવન અને વસંતઋતુ આ ત્રણેયની ઉજવણી થાય છે. બોહાગ એ આસામી પંચાંગનો પ્રથમ દિવસ છે.

બોહાગ ઉજવણી મહિનામાં ઘણા દિવસો ચાલે છે. જાહેર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. ભારતીય સાંસ્કૃતિક પરંપરાના તેમાં દર્શન થાય છે. વિવિધ વાદ્યોની સૂરાવલિ તનમનને ભરી દે છે. વિવિધ નૃત્યો પણ મનભાવન હોય છે. બિધુમાં ભેટ આપવાનો રિવાજ છે. જે ભેટને ‘‘બિંધુબન’’ કહેવાય છે. બિધુ નૃત્યો જોમવાળા હોય છે. જે યુવાની અને શક્તિનું દર્શન કરાવે છે.

કોયલડીઓના પંચમ સૂર પણ માણવા મળે છે એ પણ આ વસંતઋતુની વિશેષતા છે. કવિશ્રી ઉમાશંકર જોષીએ લખ્યું છે ‘‘લજ્જાથી નમેલી, કળિઓથી ખીલેલી, નમેલી ચમેલીએ અંગુલિ નિર્દેશ કીધો નહોતો.’’ વિકાર્જનજ સર્જનની વસંતની અદ્‌ભુત ભેટ છે.

સંવત ૧૮૮૨ના વડતાલ મધ્યે સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામીશ્રીએ સ્વહસ્તે ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી રચી જે પણ કલ્યાણકારી છે. શિક્ષાપત્રી દ્વારા સ્વયં શ્રીહરિ જીવાત્મા સમક્ષ તેમના આત્મકલ્યાણ અર્થે પ્રગટ થયા છે.

શેક્સપિયરે લખ્યા મુજબ–

‘‘Men are April when they woo
But December where they wed.’’

❁

# બિદડામાં પેરામેડિકલ કોલેજ માટે સત્તર કરોડનું દાન

કચ્છમાંથી આજીવિકા અર્થે કમને સ્થળાંતર એ મોટો પ્રશ્ન છે તેની સમાંતરે માદરે વતનના સર્વાંગી વિકાસ અને સવલતો નસીબ કરવામાં પરમભૂમિ ઉપર ઠરીઠામ થયેલા હમવતનીઓએ અદ્ભુત સેવાની જ્યોત જલતી રાખી છે. બિદડામાં સત્કર્મના હવનમાં આહુતિ આપનારાઓ પ્રેરણાદાતા છે. કચ્છ યુનિવર્સિટી આવા સેવાયજ્ઞમાં સહયોગ આપવા તત્પર રહેશે એમ બિદડા સર્વોદય ટ્રસ્ટ આયોજિત ૫૧મા મેગા મેડિકલ એન્ડ સર્જિકલ કેમ્પના લોકાર્પણ વેળાએ ક્રાંતિગુરુ પં.શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિ.ના કુલપતિ ડૉ.મોહનભાઈ પટેલે મુખ્ય મહેમાન પદેથી આ મુજબ જણાવ્યું હતું. મુખ્ય દાતા માતુશ્રી રસીલાબેન મહિપતરાય શાહ પરિવાર દ્વારા સ્પોન્સર આ કેમ્પમાં રૂપિયા બે કરોડ ૨૫ લાખના ખર્ચે સીટી સ્કેન ઈમેજિંગ સેન્ટરના તકતી અનાવરણ સાથે એ જ દાતા સર્વમંગલ ફેમિલી ટ્રસ્ટ અને હેપીનેસ ફાઉન્ડેશનના મનુભાઈ શાહ (કેલિફોર્નિયા) દ્વારા પેરામેડિકલ કોલેજ સહિત બે યુનિટો સાકાર કરવા રૂપિયા સત્તર કરોડના માતબર દાનની જાહેરાત ડૉ.નીતિનભાઈ શાહે કરી હતી. માંડવીના ધારાસભ્ય અનિરુધ્ધભાઈ દવેએ પ્રમુખ અતિથિ પદેથી ઓવારણા લેતાં કહ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિની પરંપરા રહી છે કે પરમાર્થે યોગદાન આપવું.

સંપત્તિની ત્રણ ગતિ હોય છે : દાન, ભોગ અને નાશ. દાન એ સંપત્તિનો સુમાર્ગ હોય છે. કચ્છનું ખમીર અભિન્ન છે. અત્રે મેડિકલ કોલેજ શરૂ કરાશે તેમાં સમર્થનની ખાતરી આપતાં પર્યાવરણ સુરક્ષાર્થે પ્લાસ્ટિક મુક્ત થવા હાકલ કરી હતી. બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાએ સ્વાગત પ્રવચનમાં પાંચ દાયકાની સેવા સફર કરાવતાં જણાવ્યું હતું કે, ૫૦ લાખ નિદાન સારવાર. બે લાખ શસ્ત્રક્રિયાઓ સાથે હવે સીટી સ્કેન વિઝાણું સુલભ થતાં એકાદ કલાકમાં રિપોર્ટ મળી શકશે. જેથી સમય, સંપત્તિ અને શક્તિનો બચાવ થશે. મેડિકલ સાથે પ્રિવેન્ટિવ વર્ક પણ એટલું જ જરૂરી હોવાથી બે તરફી સેવાયાત્રા જારી છે.

આવા સત્કાર્યોમાં દીર્ઘકાલીન સેવાઓ આપવા બદલ તેઓએ દાતાઓ સાથે ડૉ.ખુશાલ સાવલા, ડૉ.અમોલ દાડીવાલા, ડૉ.નીતિન શાહ, ડૉ.શાંતિ કેનિયા, જિજ્ઞેશ દોશી, હરેશ શાહ વગેરેનો મોમેન્ટો વડે ઋણ સ્વીકાર કરાવાયો હતો.

શ્રી છેડાએ ટ્રસ્ટી અરવિંદભાઈ? શાહ સાથે બિદડા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા રૂપિયા બે કરોડ ૧૧ લાખનો ચેક ડૉ.મહેશ શાહ, ડૉ.કિશોર વોરા, ડૉ.નીતિન શાહ વગેરેના હાથે અર્પિત ચેક સ્વીકારાયો હતો. મુખ્ય કેમ્પ સ્પોન્સર માતુશ્રી રસીલાબેન મહિપતરાય શાહ પરિવાર વતી વિપુલભાઈ શાહે કહ્યું હતું કે, અહીંનું સેવા વ્યવસ્થાપન ઘણું બધું 'યુનિક' છે. સેવામાં પ્રેમ તરબતર છે. માતાએ ૩૫ વર્ષો પહેલાં આશીર્વાદ સાથે આજ્ઞા કરેલી તે ફળીભૂત થવા બદલ અહોભાવ છે. નવનીત પરિવારના દાતા સુનીલભાઈ ગાલાએ દિવંગત ચેરમેન બચુભાઈ રાંભયાની સ્વપ્નસૃષ્ટિને પોંખતાં



કેમ્પાહેની સફળતા માટે વ્યવસ્થાપક મંડળ, દાતાઓ, તબીબો, સ્વયંસેવકોને કાબિલેદાદ કહીને પેરામેડિકલ કોલેજ માટેના દાન પ્રેરક કહ્યું અને જી.ડી.પી.માં ૨૬ ટકા જૈન સમાજનો હિસ્સો હોવાની જાણકારી આપી હતી. જૈનોના પૂર્વ પ્રમુખ હરેશભાઈ શાહે જૈના નિરંતર બિદડા સ.ટ્રસ્ટને સેવા આપવા તત્પર હોવાથી આગામી વર્ષોમાં તમામ રોગોની બધી સારવાર અત્રે ઉપલબ્ધ થશે એવો આશાવાદ પ્રસ્તુત કર્યો હતો. સન્માનિતો પૈકી ડૉ.અમોલ સાડીવાલાએ ૩૨ વર્ષોના સ્મરણો વાગોળી સંસ્થાને સેવા મંદિર પૈકી લેખાવી હતી. ત્રણ દાયકાઓની સેવા બદલ બહુમાનિત ડૉ.ખુશાલ સાવલા મોબાઈલ, પેઝર નહોતા ત્યારે : સ્થાપિત કરવામાં કર્મધરોની આગવી સુઝ-બુઝની સરાહના કરી હતી. સુપર સ્પેશ્યાલિસ્ટ હૃદયરોગ નિષ્ણાત ડૉ.શાંતિભાઈ કેનિયાએ ઋણ સ્વીકારના પ્રતિભાવમાં કહ્યું હતું કે અહીં સેવા આપતાં શક્તિ અને ભક્તિ રિચાર્જ થાય છે. રૂા.૧૭ કરોડ જેવી નેત્રદીપક નિધિ જાહેર કરાવતાં એ દાતા પરિવાર સાથે મજબુત કડી એવા ડૉ.નીતિનભાઈ શાહે કે જેઓ લહમા લીન્ડા યુનિવર્સિટી (કેલિફોર્નિયા)માં પ્રોફેસર છે. તેમના મારફતે સિટી સ્કેન ઈમેજિંગ સેન્ટર માટે સર્વમંગલ ફેમિલી ટ્રસ્ટ અને શાહ હેપીનેસ ફાઉન્ડેશનના રીકા-મનુભાઈ શાહ (અમેરિકા) વતીથી પેરામેડિકલ કોલેજ નિર્માણ અર્થે બે યુનિટો માટે ૨ મિલિયન ડોલરની જાહેરાત કરી હતી. ઉક્ત દાતા પરિવાર દ્વારા ૨.૨૫ કરોડના ખર્ચે સિટી સ્કેન વિજાણું યંત્ર નસીબ થયું છે. તેમની પેઢીઓ માંડવી ભોમકામાં મુળ ધરાવે છે. ૩૫ દેશો સાથે જેમનો કારોબાર છે અને ૫૭ જેટલી શાખાઓ છે. ૩૭૦૦ લોકો રોજગારી મેળવે છે.

કચ્છ યુનિ.ના વા.ચાન્સેલર ડૉ.મોહનભાઈ પટેલે કહ્યું હતું કે કોરોના કાળ વિપદાની વિકરાળતા વર્ણવીને અમેરિકા ટોપ યુનિવર્સિટીઓ મારફતે આજે પાવર સેન્ટર બની શક્યું અને સ્વ.બચુભાઈ અને એમના સહયોગીઓએ અત્રે ક્ષિતીજો વિસ્તારતાં મેડિકલ અને પેરામેડિકલમાં ડિપ્લોમાં, ડિગ્રી અને માસ્ટર ડિગ્રીવાળી ગુંજાઈશનું સ્મરણ સામે આવ્યું છે.

આ અવસરે દેશના ટોચના ૧૧ સેન્ટરોમાં બિદડા સમાવિષ્ટ હોવાનો દાવો કરાયો હતો. બાલીમાં અકસ્માતનો ભોગ બનેલા અમદાવાદના મીત શર્માએ અસંભવ કહેવાય એવી સેવાઓ થકી પોતે દોઢેક કલાક ઉભા રહી શકે છે અને થોડું ચાલી શકે તેમ અહીં ઘર જેવી અનુભૂતિ થઈ રહી છે. આરંભમાં દાતાઓના પરિવારજનો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં રિબીન કાપીને ૫૧મો મેગા કેમ્પ ખુલ્લો મુકાયો હતો. વક્તાઓ ઉપરાંત દાતા પરિવારના રાકેશભાઈ શાહ, વી.ટ્રાન્સના અશોકભાઈ શાહ, જયા રિહેબના દાતા અને ટ્રસ્ટી અરવિંદભાઈ શાહ, ભોજાય સર્વોદય ટ્રસ્ટના મોભી લીલાધરભાઈ ગડા, ડેન્ટલ ચેરના દાતા જાદવજીભાઈ વરસાણી, પ્રીતિબેન સુનિલ ગાલા, નિમીષાબેન રાકેશ શાહ વગેરે મંચસ્થો હતા. ટ્રસ્ટી મંડળના શરદભાઈ બચુભાઈ રાંભિયા, શાંતિભાઈ વીરા, ડૉ.મયૂર મોતા, અરવિંદભાઈ શાહ, હિતેશભાઈ વીરા, વિપુલભાઈ અને નિશા શાહ, રિહેબના નિયામક મુકેશભાઈ દોશી, અશોકભાઈ શાહ, ચેતનાબેન વીરા, મારૂ હોસ્પીટલના ટ્રસ્ટી લક્ષ્મીચંદ વોરા (આર.ટી.ઓ.) પૂર્વ ટ્રસ્ટી રમેશભાઈ મહેતા, ભરત સંઘાર, મણીલાલ ગડા, મનિષ સાવલા વગેરેના હાથે દાતાઓએ મંચસ્થોનું બહુમાન કરાવ્યું હતું.

આયોજન અંતર્ગત વિશનજી હરશી ગાલા પરિવાર માતુશ્રી રંજનબેન બિપીન ગાલા એમ પાંચ નગરો (વિભાગો)નું નામાભિમાન કરાયું હતું. બિદડાના સરપંચ જયાબેન છાભૈયા, પૂર્વ સરપંચ સુરેશ સંઘાર, પૂર્વ મામલતદાર વી.કે. સોલંકી, કિરનકુમાર વાડીલાલ વગેરે જોડાયા હતા. સીટી સ્કેન ઈમેજિંગ ઈ.એન.ટી. માઈક્રોસ્કોપ (દાતા સુધા અને ભરતકુમાર એન. કોઠારી) અને ડેન્ટલ ચેર વગેરેનું લોકાર્પણ થયું હતું. શરૂઆતમાં વ્યસનમુક્તિ આંદોલન માનવ મંદિરના પ્રણેતા નરેશમુનિએ સાધુ ભગવંતોની નિશ્રામાં માંગલિક ફરમાવ્યું હતું. પ્રાગટ્ય થયું હતું. સંચાલન ધીરજ છેડા 'એકલવીરે' કર્યું હતું. ભરત સંઘાર, સૈયદ ગુલામ મુસ્તફા, રફીક મિસ્ત્રી, ઉમરશી ચંદે, મેહુલ ગોર, દીપુભા જાડેજા, લક્ષ્મીચંદ વોરા વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી.

❁

# બાળપણના સંભારણા

■ મનુભાઈ શાહ



જ્યારે નાનું બાળકને જોવું છું તેની ગતિવિધી જોવા મળે છે ત્યારે આટલી ઉંમરે મને મારું બાળપણ નજર સમક્ષ આવે છે અને બાળપણમાં ખોવાઈ જાઉં છું. બાળપણ જોઉં છું પણ તે લાંબો સમય જોવાનું ચાલતું નથી પણ મોટપણમાં જે પડળ ચડી ગયા હોય એટલે વિશેષ સ્મૃતિમાં લાંબો સમય બાળપણ નજર સમક્ષ તરતું નથી. વળી મારા ભાઈ-બહેનો હૈયાત નથી જો હોત તો મારા બાળપણની વાત જાણી શકત. આ ઉપરાંત ગામમાં કોઈ વડીલો પણ નથી જેથી હું મારું બાળપણ જાણી શકું.

ખેર સ્મૃતિના આધારે લખું છું.

હું નાનો હતો ત્યારે મારા ભાઈ સાથે મારાબેન હીરાબેન અને લીલીબેન જે પાલીતાણાથી ૩ ગાઉ દૂર રતનપર તેમના સાસરે જતા. બેન બનેવી ખૂબ સારી રીતે સાચવે. ભાઈ આવે એટલે બહેને હરખ ન માય શું? ભોજનમાં ગળપણ કરે.

બનેવી કાળીદાસ શેઠ અમને દલસુખભાઈ જે લોકભારતીના સ્નાતક અને ગુજરાત રાજ્યના મહેસુલ મંત્રી થયેલ તેની વાડીએ જઈએ. તેમના બાપુજી વાડીમાંથી શેરડીના સાઠા લઈ આવે. સીંગના પાથરા લઈ આવે, અમો ત્યાં કૂવાની બાજુમાં ઝાડ નીચે બેસી ખાઈએ. જતી વખતે શેરડી અને જે વાડીમાં શાકભાજી કર્યું હોય તે પણ આપે.

આ કાળમાં કૂવામાંથી કાઢવા મોટર ન હતી. બળદથી કોસ દ્વારા પાણી કાઢવામાં આવતું. ધોરિયા દ્વારા ઊભા પાકને પાણી કાઢવામાં આવતું. ધોરિયા દ્વારા ઊભા પાકને પાણી અપાતું. વળી બપોરના ઘેર ન જતા બહેનો ઘરેથી ભાથુ લઈ આવે. બપોર થતા ઝાડ નીચે બેસી રોટલો, શાક, ગોળ, અથાણું, છાશ જે લાવ્યા હોય તે ખાઈ પાણી પી લેતા. ઘણી વખત તો ખેતીમાં ઘરના બહેનો પણ મદદ કરતા.

અમો શેરીના છોકરા વાડીમાં સીંગના પાથરા લેવા ગયા પછી આંટો મારી જે સીંગ મળે જમીનમાં રહી ગઈ હોય તેને કાઢી ઝાડ નીચે તાપણું કરી સીંગ શેકી સાથે મળી સીંગ ખાઈએ. આ બાળપણમાં આનંદ હતો.

મારા બાપુજી શેરડી લાવ્યા હોય તો શેરડીને છોલી નાના કટકા કરી મને ખાવા આપતા. અમારી ધર્મશાળામાં પીલ પીપડાનું ઝાડ હતું. તેમાં મોટી મોટી અને નાની લાંબી સીંગો આવે તે અમો વાસથી પાડતા. કૂણી કૂણી ખાઈ જતા અને મોટી સીંગમાંથી બી કાઢી ખાતા હતા. ધર્મશાળાની દિવાલ બહાર એક આંબલીનું મોટું ઝાડ હતું. તેમાં કાતરા ખૂબ થતા. અમો પથ્થરના ઘા કરી કાતરા પાડતા. કૂણા કૂણા કાતરા અમે ખાતા અને મોટા કાતરા બહેનો માટે લઈ જઈએ. દરેક બહેનોને ખાટી વસ્તુ ભાવતી હોય છે.

ખેડૂત જ્યારે તેની ખેતીમાં શેરડી થઈ હોય ત્યારે વાડીમાં ગોળ પાડતા હોય છે. એટલે મારા કાકા નાના છોકરાને ત્યાં લઈ જાય. ખેડૂત ગરમ ગરમ ઢીલો ગોળ ખાવાનો આપે અને શેરડીનો રસ કાઢી અમને પીવા આપે. આ દવા વિનાનો દેશી ગોળ હતો. તે ગાળામાં દેશી ગોળનું જ ચલણ હતું.

મહેનત કરીને ખાવું અને બીજાની મહેનતથી પૈસા આપી ખાવું. આ બંનેમાં આનંદમાં મોટો ફેર હતો. પરસેવો પાડીને ખાવું તેમાં અનેરો આનંદ હતો.



ગામમાં કોઈનું અવસાન થયું હોય તો તેને સ્મશાને લઈ જતા પહેલા પૂર્વ તૈયારી કરાતી હોય છે. તે પછી પુરુષ વર્ગ મૃતદેહને સ્મશાનમાં લઈ અગ્નિદાહ કરાતો, બહેનો રડતા રડતા થોડે દૂર જઈ ઘરે પરત ફરતા.

ભાઈઓ નદીએ કે નળે ખંખોળિયા કરી લેતા બહેનો ઘર આંગણે ખંખોળિયું કરી લેતા. પુરુષ વર્ગ સ્મશાનેથી જેમને ઘેર મરણ થયું ત્યાં આવી થોડી વાર પછી બધા છૂટા પડે. પછી નક્કી સમયે દાડો કરે. સગાસંબંધી આવ્યા હોય. ગામના લોકો બહેનોને પણ બોલાવે. બટુક ભોજન પણ કરાવે.

ઘરમાં જે સોગ થયો હોય તેને અમુક સમયે દૂર કરવામાં આવતો. મરણ થયું હોય તે ઘરે રાતના સગા સંબંધી, ગામના લોકો બેસવા આવે. આ એક પ્રણાલી હતી. તેની પાછળનું કારણ દુઃખમાં આવેલ પરિવારના દુઃખમાં ભાગીદાર થવા આવે એટલે થોડું દુઃખ હળવું થાય.

આ ગાળામાં ઘરે મહેમાન આવે કે વડીલો જમવા બેસે ત્યારે આસન, થાળી, વાટકા, પાણીનો લોટો અને ઢીંચણીયું અપાતું. ઢીંચણ વિશે કહેવાય છે કે આવી સમજ આયુર્વેદિક શાસ્ત્રમાં જણાવાયું છે કે જો જમતી વખતે ડાબા પગની નીચે ઢીંચણ રાખવામાં આવે ત્યારે જમણી બાજુની સૂર્ય નાડી શરૂ થાય છે અને જમણી બાજુ ઢીંચણ રાખવામાં આવે તો ડાબી બાજુની નાડી શરૂ થાય છે.

જમણમાં દૂધપાક, બાસુંદી, શીંખડ, લાડુ, શીરો બીજું ગળપણ ખાવામાં આવે ત્યારે તેને પચાવવામાં સૂર્ય નાડીનો ઉપયોગ થતો હોય છે. આ શરીરની રચના સહજ છે. આ પચાવવા ઢીંચણ ડાબી બાજુ રાખવામાં આવે છે. તેથી ગળપણ પચી જાય છે. પણ દૂધ, દહીં જેવા પ્રવાહી પદાર્થ ભોજનમાં લેવામાં આવે તો જમણી બાજુના પગ નીચે ઢીંચણ રાખવામાં આવે એટલે ચંદ્ર નાડીને કારણે પચી જાય છે.

આ ભોજન કરનારને ખ્યાલ નથી આવતો. તેને ગમે તો જમણી કે ડાબી બાડુ ઢીંચણ રાખતા હોય છે. મારા માટે ઢીંચણ નાનું હતું. આ ઢીંચણ સૂથાર લાકડાનું બનાવતા હોય છે. ગોળ પ્રકારનું ઢીંચણ રહેતું.

બાળકનો કિલકિલાટ ઘરમાં આનંદ ભરી દે છે. વાતાવરણ પ્રફુલ્લિત કરી દે છે. બાળકનો કિલકિલાટ નિર્દોષ હોય છે. બાળકની સામે કરુણ દશ્ય જોવામાં આવે તો તે સહન કરી શકતું નથી. તે ઘણી વખત રડવા લાગે છે. દા.ત. ગલુડીયું તરફડિયા મારતું હોય, બિમાર બાળક હેરાન થતું હોય, આવા દશ્યો તે જોઈ શકતું નથી. કારણ તેનામાં કરૂણાનો ભાવ પ્રગટ થતો હોય છે.

બહેનો બાળકો હસી શકે છે, રડી પણ શકે છે પણ પુરુષ હસી શકે છે પણ રડી શકતો નથી. દીકરીને વળાવતી વખતે બાપ આંસુ સારે છે.

હાસ્ય એ માનવ જીવનની પ્રકૃતિ સ્વરૂપ દેણગી છે. બહેનો કરુણાનો ભાવ હોય છે પણ જ્યારે પ્રેમની સરવાણીમાં અડચણ આવી હોય તો તે રડી લે છે. આંસુનો ઝરો ફૂટી નીકળે છે. આવું ઘણી વખત બહેનોની સાસરીમાં બનતું હોય છે. સંસાર જીવનમાં આવું સહજ છે.

હું રાતના સમયે ફળિયામાં ખાટલો નાખી સૂતા સૂતા વાદળાઓ જતા આવતા તેની જુદી જુદી આકૃતિ મારી કલ્પના આધારે હું જોયા કરું છું. આ આકૃતિ સતત બદલાતી રહેતી હતી. આ જોવાની મજા પડતી.

બાળક સહજ ભાવે નાચી શકે છે, કૂદી શકે, ઠેકડા ઠેકડી કરે તેને જરાપણ સંકચો થતો નથી હોતો. આવું મોટા કરે ખરા? તેને પોતાનો અહમ નડે છે. જેનું પોતાનો અહમ ન નડે તેને બાળકો પ્રેમથી સ્વીકારે. સાથે મળી આનંદ માણે.

મારા મોટાપણાનો અનુભવ અહીં રજૂ કરું છું, ત્યારે

મારી ઉંમર ૮૨ વર્ષની હતી.

મહેસાણા જીલ્લાના વિશ્વગ્રામ સંસ્થાના જેમના સંચાલક શ્રી સંજય તુલા (સંજયભાઈ તેમના પત્ની તુલાબેન) દર વરસે વેકેશનમાં ૧૫ દિવસ માટે સેવાના કાર્યમાં શાળાના કાર્યક્રમમાં ટુકડી લઈને જતા હતા. એક ઉનાળામાં અમો ૬૦ ભાઈ-બહેનો (૮૨ વર્ષનો હું આઠ વર્ષનું બાળક) બાકીના યુવાન ભાઈ-બહેન હતા. ઉરી વિસ્તારમાં બે ટુકડીમાં વહેંચાયા હતા. અમારે સવારના પાકો નાસ્તો કરી ટુકડી પ્રમાણે અલગ અલગ ગામડે જવાનું. શાળામાં જવાનું. આમ રવિવાર સિવાય ટુકડી પ્રમાણે અલગ અલગ ગામડે જવાનું થતું.

શાળાના બાળકોની સાથે અમો શ્રેણી વાર વેંચાઈ અલગ અલગ સર્જન પ્રવૃત્તિ કરતા. કાગળકામ, વિજ્ઞાનના પ્રયોગો, ગાણિતિક વિષય આમ અમારી પ્રવૃત્તિ રહેતી.

તેમની પ્રાર્થનામાં ભાગ લેતા. બાલ અભિનય કરાવતા. રમતગમત કરાવતા. ૯.૩૦ થી ૩.૩૦ સુધી શાળા ચાલતી.

હું નીચલા ધોરણમાં કાગળની ટોપી શીખવતો અને તૈયાર થયેલી ટોપીને વ્યક્તિગત પહેરી શાળાના પ્રાંગણમાં લાઈનમાં એક બે રાઉન્ડ મરાવતા.

બાલગીતમાં લગભગ શાળાના તમામ બાળકો ભાગ લેતા. અમો ટુકડીના સભ્યો બાળકો સાથે બાલ અભિનય કરતા. અમને કોઈપણ પ્રકારનો સંકોચ ન થતો. બાળ સ્વભાવ હોવો જોઈએ. બાળમય બની જવું જોઈએ. અહમને કોરાણે મૂકવું જોઈએ. શાળા પુરી થયે આજુબાજુના લોકો સાથે સંપર્ક કરતા.

બીજે વર્ષે કાશ્મીરના ડોડા જિલ્લામાં ૪૫ જણની ટુકડીમાં ગયેલ. પછી વધુ ઉંમર થવાથી કાશ્મીરની આવી પ્રવૃત્તિમાં જવાનું બંધ કરી દીધું.

બાળ સ્વભાવની હઠ હોય છે જે તેની ઈચ્છા હોય તે લેવા હઠ કરતું હોય છે. આમ તો બાળહઠ, સ્ત્રી હઠ, ઘોડા હઠ કહેવાય છે. કરેલી હઠ છોડતું નથી. હઠ ન સંતોષાય તો બાળક તોફાન કરે. ચીજવસ્તુઓનો ઘા કરે. ખાતું નથી, રડ્યા કરે, માતા-પિતા કંટાળી જાય. કોઈપણ પિતા મારી પણ દે. બાળકને યોગ્ય અને જરૂરી વસ્તુ આપો તો તે કદી હઠ નહિ કરે.



હું ૧૪ વર્ષનો હઈશ ત્યારે પાલીતાણાના ધારાસભ્ય શ્રી જોરસિંહભાઈએ સાર્વજનિક ગ્રંથાલય શરૂ કરેલ. તેમાં મને સવાર સાંજ ઉઘાડવાનું કહ્યું. મહિને રૂા.૨૫/- (પચીસ) આપતા. તેમાંથી ૨૦ (વીસ) તેમની જ લોજ હતી તેમાં આપતો બાકીના પાંચ રૂા. મારા ખર્ચના રાખતો અને પાલીતાણા ગુરુકુળ (સ્ટેશન પાસે) અભ્યાસ કરવા જતો.

પાલીતાણા થોડા યુવાનોએ એક મંડળ ઊભું કરેલ. તે સેવાકીય પ્રવૃત્તિ કરે. તેમાં મારા મિત્રો મુખ્ય હતા. પાલીતાણા પોલીસ લાઈનમાં બાલ સંસ્કાર કેન્દ્ર ચલાવવાનું મને કહ્યું. હું રોજ રાતના ૮.૦૦ કલાકે ત્યાં જાઉં સંસ્કાર કેન્દ્રના પ્રાર્થના સિવાય બીજી પ્રવૃત્તિ કરાવતો. રમત કરાવતો, બાળકો હોંશે હોંશે આવતા. વાલીઓ દૂરથી બધુ જોયા કરતા.

એક વખત હોળીનો દિવસ આવ્યો. ઘણી જગ્યાએ હોળી પ્રગટાવતા હોય છે. પોલીસ લાઈનમાં હોળી પ્રગટાવી હું ત્યાં હતો. હોળી પુરી થવા આવી. કોલસા ધગધગતા હતા. ઘણા યુવાનો હોળી કૂદતા હતા. હું જૈન હતો. લોહી જૈનનું હતું પણ ગાંધી વિચારના રંગે રંગાયેલ યુવાન ઉંમરે આવી ઊભો હતો. વળી સાહસી જીવ એટલે હિંમત કરી એક વખત હોળી ટપી ગયો. બીજી વખત ટપવા જતા સહેજ અટકી ટપવા ગયો એટલે દાઝી ગયો અને બોર્ડની પરીક્ષા ન આપી શક્યો અને ઠીક ઠીક સમયનો ખાટલો થયો.

પાલીતાણાના ધારાસભ્યને ખાદી કમિશનની એક યોજના મળી. તેમાં મને ખાદી કાર્યકર તરીકે કામ આપ્યું. હું સાઈકલ ઉપર ખાદીના તાકા, ટુવાલ, ચાદર, વારિયું, બીલ બુક, કાતર લઈ ગામડે ગામડે ખાદી વેચવા જતો.

આ દરમ્યાન પાલીતાણાના ખાદી ભંડારમાં કામ કરતાં શ્રી બળવંતભાઈ ત્રિવેદીએ મને કહ્યું મનુભાઈ હજુ તમો નાના છો. હજુ તમારે ઘણી જિંદગી જીવવાની છે. આમાં તમારું ભાવિ નથી. મેં કહ્યું તો શું કરું. તો કહે અભ્યાસ કરો. મેં કહ્યું મારી કોઈ ઓળખાણ નથી. આર્થિક સગવડ નથી. તો કહે હું પ્રયત્ન કરું.

ગઢડા તાલુકાનું આદર્શ ગામ માલપરા જ્યાં શ્રી માટલિયાભાઈ ધૂણી ધખાવીને બેઠા હતા. તેની સાથે વાત કરી મારું અભ્યાસ કરવાનું ગોઠવાય ગયું. એક ગુરુ એક શિષ્ય. મને પુસ્તકોની યાદી આપી. પુસ્તક પૂરું થયે તેની ચર્ચા કરવી. સાથે ખાદી વેચાણ અને પહેલા ધોરણના બાળકોને ભણાવવા, આમ મારી સાચી જીવન યાત્રા શરૂ થઈ. છાત્રાલયમાં જમવાનું અને ઓફીસમાં જ મારે રહેવાનું.

ઓરિસાના કટક શહેરમાં મને યાદ છે ત્યાં મોટું સંમેલન ભરનાર હતું. તેમાં કામગીરી કરવા લોક ભારતીના વિદ્યાર્થીઓ જવાના હતા. આ સંમેલનમાં કોંગ્રેસ પ્રમુખ શ્રી ઉદરંગભાઈ ઢેબર મુખ્ય મહેમાન આવનાર હતા. શ્રી માટલિયાભાઈને ટુકડી સાથે જવાનું હતું એટલે મને પણ સાથે લઈ ગયા.

હું અને માટલિયાભાઈ કટક વિસ્તારમાં બે-ત્રણ દિવસ ભૂદાન યાત્રા કરનાર હતા. વિદ્યાર્થીઓ કટક પહોંચી જશે. ગામમાં ભૂદાન અંગે વાતો કરતા. તેની ભાષાનું એક વાક્ય હજુ યાદ છે કે ''હમ ગાંવ મેં ભૂમિ માલિક રહેશે નહિ રહેશે નહિ'' અમારા ગામમાં જમીન માલિક રહેશે નહિ.

કટક પહોંચી ત્યાં સ્વયંસેવકના કામમાં બધા સાથે લાગી ગયા. સંમેલન પુરું થયે વિદ્યાર્થીઓ દક્ષિણ ભારતના પ્રવાસે જનાર હતા. તેમાં એક વિદ્યાર્થી લગભગ સ્મૃતિના આધારે શ્રી જયવંતસિંહભાઈ જાડેજા બીમાર પડ્યા એટલે પ્રવાસમાં જનાર ન હતા. સીધા લોક ભારતી આવી જનાર હતા. એટલે શ્રી માટલિયાભાઈએ પ્રવાસી ટુકડીમાં જોડી દીધો અને આ પ્રવાસમાં કન્યાકુમારી, રામેશ્વર, મૈસુર, પોંડીચેરી બીજા સ્થળોનો પ્રવાસ કર્યો. પોંડીચેરીમાં પૂ.માતાજીના દર્શન થયા. આ પ્રવાસ પછી ક્યારેય દક્ષિણ ભારતનો પ્રવાસ કર્યો નથી.

શ્રી માટલિયાભાઈએ આંબલા ગ્રામ દક્ષિણા મૂર્તિમાં શ્રી નટવરભાઈ બુચ (બુચભાઈ)ને ફોન કરી મને આંબલા ભણવાનું ગોઠવી દીધું. પછી તો આગળ સ્નાતક, જી.બી.ટી.સી., એમ.એડ. થયો અને ૨૯ વર્ષ લોક ભારતીમાં અધ્યાપન મંદિરમાં કામ કરી ૧૯૯૪માં નિવૃત્તિ થયો. તે પછી પૂ.મનુભાઈ પંચોળીના મંત્રી તરીકે ૨૦૦૧ સુધી રહ્યો. પછી નિવૃત્ત થયો.

અનુભવ જીવનને બદલી શકે છે. લોકભારતીમાં જાત મહેનતથી એટલે સારા સારા પુસ્તકો સંસ્કાર સાહિત્ય મંદિર ભાવનગરમાં પુસ્તક ભંડારમાં પૂ.મનુભાઈના કહેવાથી જાંગડ પુસ્તકો આપે. હું ગામડે ગામડે વેકેશનમાં જાઉં, પુસ્તકાલયોમાં તેમજ અન્ય સહકારી મંડળીઓમાં જઈ પુસ્તકોનું વેચાણ કરું. મને તેનું કમિશન મળે. બીજું સોમવારે રજામાં સંસ્થામાં શ્રમ કરવા જાઉં. સંસ્થામાં શ્રી પ્રાગજીભાઈ વૈદ્ય આરોગ્યનું એક માસિક ચલાવતા. તેનું પેપર ઉપર સરનામા લખવાનું કામ મળ્યું. તે સિવાય તે સમયના ઉપાચાર્ય શ્રી કડકિયાભાઈએ મારા ખાતામાં રૂા.૫૦ જમા કરાવ્યા. મારો તેમના પરિવાર સાથે સારો સંબંધ હતો.

આમ મારો અભ્યાસ ચાલતો. લોકભારતીમાં એ ગાળામાં સમૂહ કાંતણ રહેતું. કાર્યકરો અને વિદ્યાર્થી ભાઈ-બહેનો કાંતણમાં આવે. મેં ટાઉનહોલના દરવાજા પાસે એક એક ડોલ રાખી. તેમાં કાંતણ પૂરું થયે કાંતણનો જે બગાડ થયો હોય તે અંદર નાખે. હું રોજ તે બગાડ ભેગો કરતો.

મારા લેંખા વગેરે ફાટેલા હોય તેની ગાદલાની ખોળ બનાવી કાંતણનો બગાડ ભરી ગાદલું બનાવેલ તેનો ઉપયોગ કરતો. શ્રમ અને મહેનત દ્વારા મારું શિક્ષણ થયું.

પૂ.મનુભાઈ મારી આ ગતિવિધિ જોયા કરતા. એક વખત હું ફરવા જતો હતો ત્યારે કહે મનુભાઈ તમારે અભ્યાસ માટે લોનની જરૂર પડે કહેશો. મેં કહ્યું હવે ખાસ લવાજમ બાકી નથી.

હજુ તો જીવનના અનુભવો બાકી છે પણ અહીં જ અટકું છું.

❁

વૈદ્ય પ્રશાંત ગૌદાની

# શીતકાળમાં શ્વાસરોગનો ઈલાજ

શિયાળામાં શીત વાતાવરણની વૃધ્ધિથી શરીરના વાયુ દોષને પ્રકોપ થવા લાગે છે અને તેની અસરથી કફદોષની વૃધ્ધિ થવા લાગે છે અને વાયુ અને કફદોષની પ્રધાનતા ધરાવનાર શ્વસનતંત્રનો સર્વસામાન્ય - જટિલરોગ - શ્વાસરોગ (અસ્થમા) ના કેસ આ ઋતુમાં વેગ પકડવા લાગે છે. આયુર્વેદમાં શ્વાસના પાંચ પ્રકાર જણાવેલ છે જે છે - ક્ષુદ્ર શ્વાસ, તમક શ્વાસ, છિન્નશ્વાસ, મહાશ્વાસ અને ઉર્ધ્વશ્વાસ. આ પાંચ પૈકી મહા, ઉર્ધ્વ અને છિન્ન શ્વાસ મરણ-પથારીએ પડેલા રોગીને થતા જોવા મળે છે, જેમાં મૃત્યુ નિશ્ચિત જ હોય છે. જયારે ક્ષુદ્રશ્વાસ એનિમિયા, નબળાઈ કે અન્ય રોગના સામાન્ય લક્ષણોમાં વ્યક્તિને જ શ્વાસમાં થોડી મુશ્કેલી થાય તે સ્વરૂપમાં જોવા મળે છે. જે આરામ કરવાથી કે જે તે મુખ્યરોગની યોગ્ય સારવારથી તુરત મટી જાય છે. જયારે વ્યવહારમાં તક્ષકશ્વાસના દર્દીઓ વિશેષ જોવા મળે છે. તમક શ્વાસનો રોગ એટેક એટલે કે વેગ-હુમલાના સ્વરૂપમાં જ જોવા મળે છે. જે ચોમાસા કે વાદળવાળા વાતાવરણ - ધૂપ-ધુમ્મસ જેવા વાતાવરણમાં વધવા લાગે છે. શિયાળામાં આ તકલીફ વિશેષ જોવા મળે છે. આ તાકલીફમાં મુખ્યત્વે પ્રાણવદ સ્ત્રોતસ એટલે કે શ્વાસનળીઓ વાયુકોશ જેવી સૂક્ષ્મ-નાજુક સોજો આવી કફ જામવા લાગે છે, ફેફસામાં વાયુના આવાગમનમાં મુશ્કેલી ઉત્પન્ન થાય છે. દર્દીને ખૂબ જ ગભરામણ થાય છે. અડધી રાત્રે કે વહેલી સવારે દર્દી બિસ્તરમાંથી એકદમ બેઠી થઈ જાય છે, તથા ગળા અને શ્વાસનળીમાં અવરોધ થવાથી ઘણીવાર અવાજ સાથે શ્વસન થાય છે. વિવિધ પદાર્થોની એલર્જી તથા શ્વાસનળીઓની નબળાઈથી પણ આ તકલીફ થાય છે.

આયુર્વેદમાં દર્શાવેલ સારવારના ઉચિત ઉપયોગથી દર્દીના શ્વસનતંત્રના અવયવોનું સ્વાસ્થ્ય સુધારવાથી મૂળગામી ઉપચાર થઈ શકે છે. આયુર્વેદ અનુસાર તમકશ્વાસના રોગીને થનારા લક્ષણો આ શ્વાસરોગ સાથે ખૂબ સામ્ય ધરાવે છે. આવા દર્દીને બાલ્યકાળથી જ સીઝન બદલાતાં શરદી-સળેખમ-ઉધરસ જેવા પ્રાણવહસ્ત્રોતસના સામાન્ય લક્ષણોથી થતી જોવા મળે છે. બાળપણમાં થોડી ખાંસી ઉંટાટિયા જેવા રોગોની હિસ્ટ્રી પણ મળે છે. આવી વ્યક્તિઓ ઘણીવાર ખૂબ સેન્સીટીવ હોય છે. જેમને ઘરવપરાશની વસ્તુઓ અત્તર-સેન્ટ-ફૂલોની સુગંધ કે અન્ય ધુપ-ધુમાડા-રસોડાના વઘાર કે ઘરવપરાશ પંખા વિ.ની સાફસૂફી કરવાથી ઉડનાર સેપટ-ધૂળરજકણોથી શ્વાસનો હુમલો આવી શકે છે.



આવી વ્યક્તિઓને પ્રદૂષણની અસરથી પણ ખૂબ જ તકલીફ અનુભવવી પડે છે. ઘણાં દર્દીઓને કેળા-દહીં-છાશ-કોલ્ડ્રીંક્સ-આઈસક્રીમ-કેડબરી-દૂધની વાનગીઓ - વાસી ખોરાક - મેંદાવાળા, તળેલા આહાર તથા ભારે પદાર્થો લેવાથી અતિશય મુશ્કેલી ઉભી થાય છે. આવા અભિષ્યંદી ગુરૂ - શીત પદાર્થો - કબજીયાત કરનાર પદાર્થો ઠંડા વાતાવરણમાં રહેવું - એરકંડિશન્ડ કે એરકુલ્ડ સ્થળે લાંબા સમય સુધી રહેવાથી આવા રોગ વધુ જોવા મળે છે. રોગના વેગ સમયે દર્દીને પુષ્કળ ખાંસી આવે છે - જે સૂકી ખાંસી હોય છે. કફ ન નીકળવાને કારણે દર્દીને ખૂબ જ કષ્ટ પડે છે. છાતી-પડખા-પેટમાં વેદના થાય છે. દર્દી પથારીમાં બેસી જાય છે ત્યારે તેને થોડી રાહત અનુભવાય છે, પણ સૂતા રહેવાથી રોગના લક્ષણો વધવા લાગે છે. વેગના કારણે દર્દીને ઓછું ઓક્સિજન મળવાથી રોગીને આસપાસનું ભાન પણ ઘટી જાય છે. તે સમજી નથી શકતો કે બોલવામાં કેમ મુશ્કેલી અનુભવાય છે. પણ ખાંસી ખાતાં ખાતાં થોડોક કફ પડે ત્યારે રોગનું જોર ઓછું પડે છે. દર્દી થોડો સમય રાહત અનુભવે છે. પણ વળી પાછો અચાનક શ્વાસનો વેગ આવવા લાગે છે. ઠંડા પદાર્થો ખાવા પીવાથી કે ઠંડા વાતાવરણ કે ભેજવાળા વાતાવરણમાં કે કફવર્ધક આહાર-વિહારથી શ્વાસરોગના હુમલા વારંવાર આવવા લાગે છે.

**શ્વાસરોગના ઈલાજ :** રોગીને રોગ થયે એક વરસ જેવું થયું હોય ત્યારે આ રોગ તદ્દન મટી શકે છે, પરંતુ એક વર્ષ પછી આવેલ રોગી જો અલ્પ લક્ષણોથી યુક્ત હોય તો રોગ કાબુમાં રાખી શકાય છે. શ્વાસ રોગના ચિકિત્સા સૂત્ર - લાઈન ઓફ ટ્રીટમેન્ટ અનુસાર દર્દીને કફ તથા વાયુને સવળો કરે (અનુલોમન કરે) તેવા ઔષધોની પસંદગી તથા દર્દીની પ્રકૃતિ, રોગનો ગાળો, લક્ષણો, દોષ દ્રવ્ય કોપ, અગ્નિ જેવી સૂક્ષ્મ અંશાશ કલ્પના બાબત ઉંડો અભ્યાસ કરી નિષ્ણાત વૈદ્ય યોગ્ય રીતે દર્દીની સારવાર નક્કી કરે છે. શાસ્ત્રોક્ત ઔષધોમાં શ્વાસ હર યોગોમાં - શ્વાસ ચિંતામણી, શ્વાસકુઠારરસ, હેમગર્ભ - પોટ્ટલી રસ, ભોરંગી - સૂંઠ - સિત્પલાદી મરીચ મનઃશીલ સોમલના કેટલાક ઔષધયોગો આવજયક્તાનુસાર ઉપયોગમાં લેવાય છે. દર્દીને ઉષ્ણજળ, ઉપર રાખી શકાય. દિવસ દરમિયાન સૂંઠ નાખીને સવારે ઉકાળેલ પાણી (થર્મોસમાં ભરેલું) હૂંફાળા પાણીને દિવસ દરમિયાન પીવા માટે ઉપયોગમાં લેવું જોઈએ. જેથી શરીરમાં આમદોષ એટલે કે કાચો રસ જલ્દી પચી જાય છે. જેથી ફેફસાંની શ્વાસનળીમાં ભમનારી કાચો કફ ઓછો બને છે. જૂના દોષનું પાચન થઈ પ્રાણવહ સ્ત્રોતસની જલ્દીથી શુધ્ધિ થાય છે.

દર્દીએ ઠંડા વાતાવરણનો ત્યાગ કરવો જરૂરી છે. શિયાળામાં ગરમ કપડાં, મફલર, સ્વેટર્સ વિ.જરૂર પહેરવા. આહારમાં કફ વર્ધક - ભારે - વાયડા પદાર્થો - ફરસાણ - તીખાં-ખાટાં પદાર્થોનો પ્રયોગ ન કરવો. આ રોગના દર્દીને આયુર્વેદ અનુસાર દર્દીની પ્રકૃતિ અનુસાર યોગ્ય ઔષધ - આહાર-વિહાર સૂચવી - અપનાવી આજીવન વિના તકલીફ જીવન સારી રીતે યાપન કરી શકાય છે.

❀

Ramesh P. Shah
M. : 9321414680

Sagar R. Shah
M. : 9833184943

Shree Mamal Novelty

Mfg, of Hairpins & Hair Accossoiles

A-15, Bhatiya Estate, Ganesh Nagar, Opp. Garuda Petrol Pump, Kandivali (West),
Mumbai-400 067. Maharashtra (India) - E-mail : gapu.saga@gmail.com



# સોની કાનજી આણંદજી જ્વેલર્સ પ્રા.લી.

**IN MUMBAI**

**Since 1968**

બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, ૨જે માળે, સહકાર નગરની સામે,

નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧. ફોન : ૨૪૧૫૦૫૭૨, ૪૧૭૫૫૫૦૦

E-mail : admin@sonikanji.com - Website : www.sonikanji.com

કચ્છ : ફરાદીવાલા



# હસજો હળવે હળવે

■ **કૌશલ ગુલાબચંદ રાંભીયા**

❖ શિક્ષક : પાટલુન એક વચન છે કે બહુવચન.
શ્રધ્ધા : ઉપરથી એક વચન, નીચેથી બહુવચન.

❖ મનહરભાઈ : તમારા છોકરાએ મારા છોકરાને પથરો માર્યો.
પરેશભાઈ : પથરો તમારા છોકરાને વાગ્યો?
મનહરભાઈ : હું જરાકમાં બચી ગયો.
પરેશભાઈ : તો તે મારો છોકરો નહીં હોય, કારણ મારો પુત્ર અચૂક નિશાનબાજ છે.

❖ છબીલી : તમારી વરસગાંઠ પર હું એક સુંદર ભેટ લઈ આવી છું. એ ભેટ જોઈ તમે ખુશખુશ થઈ જશો.
રસિક : એમ? એવી કઈ વસ્તુ છે જરા મને બતાવ તો.
છબીલી : હું હમણાં અંદર જઈ એ સુંદર સાડી પહેરીને આવું છું.

❖ મીના : આપણે ઘરેથી કબાટ સાથે લેતા આવ્યા હોત તો ઠીક રહેત.
મનુ : ટ્રેઈન આવવાની તૈયારીમાં છે. હવે તો મશ્કરી બંધ કરી ગંભીર થા.
મીના : આ મશ્કરી નથી. હું ટ્રેઈનની ટિકિટ કબાટમાં ભૂલી આવી છું.

❖ શિલ્પા : સાચું કહેજો આ પાર્ટીમાં મારાથી વધુ સુંદર કોઈ સ્ત્રી હતી?
અક્ષય : ના તારા જેવી કોઈ સુંદર નહોતી.
શિલ્પા : ઓહ તમે કેટલા સારા, સમજદાર અને વફાદાર છો.
અક્ષય : અને ડરપોક પણ.

❖ ચિન્ટુ : શું તમારે ત્યાં ટીવી, ફ્રિજ, કાર, સ્કૂટર વગેરે બધું જ છે ને.
મોન્ટુ : હા... પણ તું કેમ આવું પૂછે છે.
ચિન્ટુ : અમારે તમારી બાજુનું મકાન ભાડે લેવાનું છે માટે.

# હાસ્યનો ફુવારો

❁ લતેશ : ડૉક્ટર સાહેબ ! મારે વજન ઘટાડવા શું કરવું જોઈએ.
ડૉક્ટર : બે જ રોટલી ખાવી જોઈએ.
લતેશ : જમ્યા પછી બે રોટલી ખાવા લાગ્યો.

❁ લહેરીને રેસ્ટોરંટના વેઈટરે પૂછ્યું - તમને શું જોઈએ છે.
લહેરી : એક પ્લેટ કેલાવડા ને સત્ય વાત.
વેઈટર : કેલાવડા લાવ્યો ને કાનમાં કહ્યું : 'આ કાલના વાસી છે'

❁ લગ્નમાં ચાલીસ બહેનો આવી. કોઈના કપાળ પર ચાંદલો ન હતો.
સુરેશ ભાઈએ પૂછ્યું : તમે લોકોએ ચાંદલો કેમ નથી કર્યો?
એક બહેન બોલી : કંકોત્રીમાં ચાંદલા પ્રથા બંધ લખેલું.

❁ લાલીઓ ભિખારી : શેઠ ! પહેલા દશ રૂપિયા આપતા. પછી પાંચ કર્યા ને હવે એક જ આપો છો એમ કેમ?
શેઠ : પહેલા કુંવારો હતો, પછી પત્ની આવી, પછી દિકરો થયો, પરિવાર વધે એટલે આપવાનું ઘટે.

■ **લઘુગોવિંદ**


## બચુડો

| | | |
|---|---|---|
| અધા | : | પુત્તર બચુડા? |
| બચુડો | : | કો અધા કુરો કમ આય? |
| અધા | : | બચુડા પુત્તર જરા તપાસ કર અચતાં કી પાંજે સામે મહોલ્લે વાળી મુસલમનબાઈ ચરઈ તા નાય થે વઈને? ઈ પંઢજે ધણીજી કબર પાસે વઠેવઠે હવા વજેતી. |
| બચુડો | : | 'અધા... ઈ ચરઈ નાય થે વઈ પણ અન જે ધણી કે વચન દેને વે ક કબર જી મટી સુકાજે ન ત્યાં સુધી આંઉ બ્યા લગન નહીં કંઈયા. સે મટી સુકાજે તેંલા કરે હવા વજેતી.' |

કીટીગેમ

# ચોરસ શબ્દની મજા માણો

**મિત્રો, આ રમતમાં આડી ચાવી અને ઊભી ચાવીને અનુરૂપ યોગ્ય શબ્દ શોધી કાઢો...**





**આડી ચાવી**

(૧) એક ધાન્ય
(૨) પવન, વાયુ

**ઊભી ચાવી**

(૧) મક્કાની યાત્રા
(૨) પગથિયાવાળો કૂવો





**આડી ચાવી**

(૧) આનંદ, લહેર
(૨) છાપખાનું

**ઊભી ચાવી**

(૧) અનુરાગ, પ્રીતિ
(૨) શિક્ષા, કેદ





**આડી ચાવી**

(૧) વેર, દ્વેષ
(૨) ઈન્ક

**ઊભી ચાવી**

(૧) ડાળી, વિભાગ
(૨) રાંઝાની પ્રેયસી





**આડી ચાવી**

(૧) તિરાડ
(૨) ક્ષીર

**ઊભી ચાવી**

(૧) સંદેશો પહોંચાડનાર
(૨) માથા વિનાનું શરીર





**આડી ચાવી**

(૧) નસીબ
(૨) મુખ્ય, ઉપરી

**ઊભી ચાવી**

(૧) બોજો, ભાર
(૨) અંગ્રેજીમાં-બતક





**આડી ચાવી**

(૧) જો (જો. છુ.)
(૨) મિજાજ, ગુમાન

**ઊભી ચાવી**

(૧) ધારણા,અભિપ્રાય
(૨) ઈદની ખુશાલીની ભેટ





**આડી ચાવી**

(૧) બારણું, દ્વાર
(૨) છેવટે

**ઊભી ચાવી**

(૧) એક દેવી
(૨) અપશુકનિયાળ અંક




**આડી ચાવી**

(૧) પાણી, નીર
(૨) સિતારો, ગ્રહ

**ઊભી ચાવી**

(૧) મુગટ,
(૨) વીંટો, પિંડો

---

**નોંધ :**

**(૧) કચ્છ રચનાનું લવાજમ ભરેલ ગ્રાહકને ઈનામ આપવામાં આવશે. (૨) એક કરતા વધારે સાચા જવાબ મળશે તો ડ્રો કરીને વિજેતા નક્કી કરવામાં આવશે. (૩) ગ્રાહકે પોતાના મોબાઈલ નંબર સાથે મોકલવો. જેથી ઓનલાઈન ઈનામ આપી શકાય. રોકડ ઈનામ આપવામાં આવશે નહીં. (૪) સરખા સાચા જવાબ આપનારના નામ કચ્છ રચનામાં છાપવામાં આવશે. (૫) ગ્રાહક નંબર સાથે જવાબ મોકલો.**

**જવાબો ફોટો પાડીને વોટ્સઅપ નંબર પર મોકલવા - મો.૯૧૬૭૪૬૬૩૩૯**

**પ્રથમ ઈનામ - ૧૦૧ રૂ.** **બીજું ઈનામ - ૫૧ રૂ.**

**નામ :** **ગ્રાહક નં. :**

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ સ્નેહભરી સ્મરણાંજલી



## સ્વ. શામજી રામજી માલશી ગાલા

**હાલ – અમદાવાદ, ગામ– ફરાદી (કચ્છ)**

**અરિહંત શરણ : તા. ૧૨–૦૨–૨૦૨૪**

પપ્પા ! આ શબ્દોમાં આખું વિશ્વ સમાયેલું છે. આપના પડછાયામાં વિતાવેલી ક્ષણો હજી પણ સ્પર્શે છે. મીઠા મધુરા સંભારણાની સુવાસ હજી મહેકે છે. પ્રેમાળ આંખોનો અનોખો પ્યાર અને લાગણીની ક્ષણો ધબકે છે. આપની પાસેથી મેળવેલી તાલીમ - સંસ્કાર જીવનની અણમોલ મૂડી છે. તમારી આંગળી ઝાલી મોટા થયા પપ્પા, આપની સ્મૃતિ હૈયે અકબંધ છે.

**આપનો આત્મા સત્વરે મુક્તિ પદને પામે**

**એજ નત્ મસ્તકે આદરાંજલી... શ્રધ્ધાંજલી... પુષ્પાંજલી...**

## લી. તમારી યાદમાં વ્યાકુળ...

સ્વ. માતુશ્રી મેઘબાઈ રામજી માલશી ગાલા પરિવાર - ગામ- ફરાદી (કચ્છ)

ભાઈ-ભાભી : ઝવેરબેન ભવાનજી રામજી ગાલા

પત્ની : સ્વ. સુધાબેન શામજી રામજી ગાલા

પુત્રવધૂ-પુત્ર : નેહા મયુર શામજી ગાલા

પૌત્રી-પૌત્ર : રીવા - મીત મયુર ગાલા

પુત્રી-જમાઈ : પ્રિતી કૌશલ ગુલાબચંદ રાંભીયા, ગામ - નાના ભાડિયા

દોહિત્રી-દોહિત્ર : તનિષા - આદિત્ય કૌશલ રાંભીયા,





# કચ્છનો સફારી પાર્ક

ડૉ. મિહિર એમ. વોરા




મિત્રો આ લેખ માહિતી આધારિત છે જેનો સ્વીકાર કરશો. લેખકના એક પણ શબ્દો નથી જેની નોંધ લેજો. તમામ અખબારી અહેવાલને તેના ફોટો છે જેની નોંધ લેજો. કચ્છના પ્રસિધ્ધ તીર્થધામ નારાયણ સરોવર ખાતે પ્રવાસીઓ માણી શકશે જંગલ સફારીની મજા. કચ્છના નારાયણ સરોવર વિસ્તારમાં સફારી પાર્ક સ્થાપવાની મંજૂરી મળતાં આગામી સમયમાં સમુદ્રી સીમાદર્શનની સાથે સફારી પાર્કનો પણ પર્યટકોને લાભ મળે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

૨૫૦ હેક્ટરમાં આ સફારી પાર્ક બનશે. નારાયણ સરોવર વન વિભાગ તરફથી સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી સમક્ષ કુલ ૧૪૦ કરોડની દરખાસ્ત સામે પ્રાથમિક રૂા.૩૦ કરોડની મંજૂરી મળી હોવાનું વનવિભાગના અધિકારીએ જણાવ્યું હતું. સરહદી જિલ્લા કચ્છની પશ્ચિમી સરહદે આવેલ પ્રખ્યાત યાત્રાધામ નારાયણ સરોવર હવે માત્ર પ્રવાસીઓ માટે તીર્થધામ નહિ રહે, આવનારા સમયમાં પ્રવાસીઓ અહીં જંગલ સફારીને પણ માણી શકશે અને સાથે સાથે સિંહ પણ કચ્છની ધરતી પર જોવા મળશે.

હાલમાં કચ્છ જિલ્લામાં કુલ ૪ અભયારણ્ય અને છારીઢંઢ સંરક્ષિત ક્ષેત્રે આવેલા છે. ૪૪૪.૨૩ ચોરસ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલા નારાયણ સરોવર અભયારણ્યમાં ચિંકારા, કાળિયાર અને ચિત્તરની વસ્તી વધારે જોવા મળે છે. કચ્છના નારાયણ સરોવર ખાતે શરૂ કરવામાં આવનાર જંગલ સફારી અંગે વધુ માહિતી આપતા પશ્ચિમ કચ્છના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ગીરના જંગલની જેમ પ્રવાસીઓ કચ્છના પવિત્રધામ નારાયણ સરોવર ખાતે આગામી વર્ષોમાં જંગલ સફારી માણી શકશે. કચ્છ વન વર્તુળ હેઠળના પશ્ચિમ કચ્છ વનની રેન્જમાં નારાયણ સરોવરના આસપાસનો વિસ્તાર છે. તે પ્રવાસન ક્ષેત્રે વિકસાવી શકાય તેવો વિસ્તાર છે. ઉપરાંત પ્રવાસીઓ માટે અને વાઈલ્ડ લાઈફ માટેનું પણ એક પ્રવાસન વિકસે તે બાબતે વન વિભાગ દ્વારા નારાયણ સરોવરના આસપાસના વિસ્તારમાં એક સફારી પાર્કનું આયોજન થઈ રહ્યું છે.

જેમાં પહેલાં સ્ટેજમાં તૃણાહારી પ્રાણીઓથી એટલે કે ચિંકારા ઉપરાંત કાળિયાર અને ચિત્તર જેવા પ્રાણીઓને એક ફેન્સ એરિયામાં રાખીને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીના નોર્મ્સ મુજબ સફારી પાર્ક ડિઝાઈન કરવામાં આવી રહ્યું છે અને તેના આધારે સફારી પાર્ક બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. દેશ-વિદેશના પ્રવાસીઓ માણી શકશે જંગલ સફારી : નારાયણ સરોવર સફારી પાર્કની સાથે સાથે કન્ઝર્વેશન બ્રિડીંગની પણ વ્યવસ્થા થાય તે બાબતનું આયોજન પણ હાથ ધરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે નારાયણ સરોવર અભારણ્યમાં ૧૮૪ પ્રકારના પક્ષીઓ જોવા મળે છે.

જે પૈકી ૧૯ પ્રકારની પ્રજાતિ શિકારી પક્ષીઓની છે. જે રીતે પ્રવાસીઓ ગીરના સફારી પાર્કમાં સિંહ - ચિત્તા જેવા પ્રાણીઓને નિહાળવા માટે જતા હોય છે. તેમ દેશ-વિદેશના પ્રવાસીઓ આવનારા સમયમાં હવે જંગલ સફારીની પણ મોજ માણી શકશે.

લખપત તાલુકાના નારાયણ સરોવર વિસ્તારમાં ચિંકારા અભયારણ્ય પણ છે. જેમાં ૫૦૦ જેટલા ચિંકારા જંગલમાં વસવાટ કરી રહ્યા છે. ચિંકારા અભયારણ્યની સાથે હવે માંસાહારી પ્રાણીઓ માટે સફારી પાર્કનો નિર્ણય કેન્દ્રીય સત્તા મંડળ દ્વારા લેવામાં આવ્યો છે. નારાયણ સરોવર વન વિભાગ તરફથી સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી સમક્ષ સફારી પાર્ક માટે મંજૂરી મેળવવા માટે રજૂઆત કરવામાં આવી હતી જેને મંજૂરી મળી છે.

since 1975

**MANSI textiles**

*Specialise in :*
Fabric for girl's dresses, infant wear, women's night wear and men's shirting

101, Kumar Fun'n'shop, 1st Floor, Old Hindmata Theatre, Dr Ambrdkar Rd , Dadar East , Mumbai 400014

TEL : 02224114329 / 02224136151
Harakhchand Gangar : 9820032030
Kirti (Ravi) Gangar : 9967768833

**MILAN textiles**

*Specialise in :*
Exclusive fancy shirting fabric

21, Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224112352 , 02224113032
Nemchand Gangar : 9821097336

**APNA® textiles**

*Specialise in :*
Fancy shirting fabric

22 , Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224120734
Vinod Gangar : 9321162013
Hasmukh Gada : 9320031226

**Sankalp SYNTHETICS**

*Specialise in :*
Exclusive shirting fabric

37, Kesharbaug , Dr. B. J Devrukhkar Marg, Opposite Progressive Co-op Bank, Hindmata, Dadar East, Mumbai 400014

TEL: 02224131661
Shivji Shah : 9820001312 | Sailesh Shah : 9821016559
Mayur Shah : 9820790587

**MAYKA® Lifestyle**

*Specialise in :*
Casual wear fabrics for men and women

37/38 , Kewal Industrial Estate, Ground Floor, Senapati Bapat Marg, Lower Parel, Mumbai 400013

TEL : 02249556666
Amit Gangar : 9819901234 | Hardik Gangar : 9819577677
Mayank Gangar : 9820550015

**MAYKA® SYNTEX**

*Specialise in :*
100% Cotton shirting garment fabric supplier, smart formals and clubwear shirting fabric

52, Kewal Industrial Estate, Ground Flr, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013

TEL : 02262495555
Jayanti Gangar : 9224500000 | Samay Gangar : 9819032325
Nirav Gangar : 9773296976 | Nilesh Shah : 9820790572

*With best compliments*

માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર પરિવાર - ચુનડી



પણ વધારો કરવામાં આવશે.

પ્રવાસન ક્ષેત્રે કચ્છ હરણફાળ ભરી રહ્યું છે. ક્ષેત્રફળની દૃષ્ટિએ દેશના સૌથી મોટા જિલ્લા કચ્છમાં દરિયો, ડુંગર અને રણના ત્રિવેણી સંગમની સાથે અનેક ધાર્મિક સ્થાનકો પ્રવાસીઓને કચ્છમાં આવવા આકર્ષે છે, ત્યારે વનવિભાગ દ્વારા નારાયણ સરોવરની બાજુમાં આવેલા ઉજ્જડ ગામ ધુણઈની સીમમાં સફારી પાર્કનું નિર્માણ કરોડોના ખર્ચે કરવામાં આવ્યું છે.

૨૫૦-૨૮૦ હેક્ટર વિસ્તારમાં સિંહ, દીપડા, ચિંકારા અને કાળિયાર જેવા માંસાહારી પ્રાણીઓ અહીં જોવા મળશે. આ ઉપરાંત આ સફારી પાર્કમાં સર્વોચ્ચ અદાલતની પરવાનગી મેળવી માંસાહારી પ્રાણીઓ સરિસૃપ, જુદા જુદા પક્ષીઓની પ્રજાતિ પણ આગામી સમયમાં જોવા મળશે.

ઉલ્લેખનીય છે કે આ સફારી પાર્ક પ્રોજેક્ટ માટે કુલ ૧૪૦ કરોડની દરખાસ્ત કરવામાં આવી હતી. જે સામે હાલમાં પ્રાથમિક તબક્કે રૂા.૩૦ કરોડની મંજૂરી મળી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આ ઉપરાંત અહીં બ્રિડિંગ સેન્ટર બનાવવામાં આવશે. જેથી પ્રાણીઓની સંખ્યામાં વધારો થાય જેથી કરીને સિંહ સિંહણ જેવા પ્રાણીઓ સફારી પાર્કમાં ખુલ્લા વિચરણ કરી શકે એ રીતે મૂકવામાં આવશે.

નારાયણ સરોવર સફારી પાર્ક ૨૫૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું રહેશે અને એને ફેન્સિંગ કરવામાં આવશે. આ વિસ્તાર પ્રવાસન વિસ્તાર છે જેમાં એક જ રૂટમાં પ્રાણીઓ કચ્છની કુળદેવી મા આશાપુરાના માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ મંદિર, સફારી પાર્ક, સમુદ્રી સીમાદર્શન વગેરે કરી શકે તેવું આયોજન કરી શકાશે.

આ ઉપરાંત ગીર સફારી પાર્કની જેમ નારાયણ સરોવર સફારી પાર્ક માટે વન વિભાગ પાસે વિવિધ વ્યવસ્થાઓ પણ ઊભી કરશે અને પ્રવાસીઓ ગાડીમાં સફારી પાર્કની મુલાકાત કરી શકે તેવી સુવિધા ઊભી કરવામાં આવશે. તો સાથે જ વનવિભાગના સ્ટાફમાં

કચ્છમિત્રના બાહોશ પત્રકાર ગિરીશ એલ. જોશી પોતાના કચ્છમિત્રના અખબારી અહેવાલમાં જણાવે છે કે પાવાગઢથી સાત જેટલા દીપડા (નર)ને લખપત તાલુકામાં ધુણઈ સ્થિત સફારી પાર્કમાં લઈ આવવામાં આવ્યા છે. બાકીના પાંચ જેટલા દીપડા જામવાડા, જિ.ભાવનગરથી અહીં લાવવાની પ્રક્રિયા વનવિભાગ દ્વારા તેજ કરાઈ છે. આ સફારી પાર્કમાં આરસીસીવાળું એક ગોળાકાર બાંધકામ કરવામાં આવ્યું છે. સાથે તેર જેટલા જેલ જેવા પાક્કા પિંજરાનું નિર્માણ કરાયું છે.

આ પિંજરામાં આ સાત દીપડાઓને મૂકવામાં આવ્યા છે. દીપડાના વજન પ્રમાણે તેમને રોજનો અઢીથી ત્રણ કિલો ખોરાક આપવામાં આવી રહ્યો હોવાનું વન વિભાગના એસીએફ હસમુખ ચૌધરીએ જણાવ્યું હતું. વનવિભાગના અધિકારીઓ સાથે કચ્છમિત્ર દ્વારા સ્થળની મુલાકાત કરાઈ ત્યારે પાંજરામાં પૂરેલા હિંસક દીપડા બિલાડીની જેમ સુસ્ત અવસ્થામાં દેખાયા હતા. પાવાગઢથી લવાયેલા આ દીપડાઓને લખપતના સમુદ્ર કિનારાવાળી આબોહવા-વાતાવરણમાં આવતાં વાર લાગશે પણ ધીમે ધીમે તે સેટ થઈ જશે તેવું નિષ્ણાંતોનું માનવું છે. ઈકો ટૂરિઝમ ક્ષેત્રે આ વિસ્તારને વિકસાવવા સરકાર કટિબધ્ધ છે. વનવિભાગ પણ ટૂરિઝમ અર્થે અહીં આવનાર પ્રવાસીઓને પૂરતી વ્યવસ્થા આપે એ જરૂરી છે, કારણ કે પાવાગઢથી આવેલા દીપડાઓની દેખરેખ રાખવી, તેને અન્ય કોઈ બીમારી ન થાય તે માટે સમયાંતરે

મેડિકલ ચેકઅપ થાય, તેના ખાધાખોરાકનું પણ ધ્યાન વનવિભાગે રાખવું પડશે તેવું પણ વન્યજીવપ્રેમીઓ જણાવી રહ્યા છે. આ સફારી પાર્કમાં હજી વીજળી પહોંચી નથી, તો પીવાના પાણી માટે ટેન્કરની વ્યવસ્થા રખાઈ છે તે અપૂરતી છે. અહીં પા.પુ.બોર્ડ નર્મદાનું પાણી આપે તે જરૂરી જણાય છે.



અહીં આવેલા દીપડાઓ માટે ક્યા પ્રકારનો ખોરાક આપવામાં આવશે તેવા પ્રશ્નમાં શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, દીપડાઓને આરોગવા માટેના ખોરાકની ટેન્ડરિંગ પ્રક્રિયા કરી ટેકો આપવામાં આવશે. પશુચિકિત્સકની સૂચના પ્રમાણે ખોરાક આપવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું. આ સફારી પાર્કમાં અપૂરતી વ્યવસ્થા હોવા છતાં આ દીપડાને અહીં લાવવામાં ક્યાંક વનવિભાગે ઉતાવળ તો નથી કરીને તેવો પ્રશ્ન પૂછતાં આરએફઓ પ્રિયકાંતભાઈ તેમજ એસીએફ હસમુખભાઈ ચૌધરીએ જણાવ્યું કે જે અધૂરાશો દેખાય છે તે વહેલી તકે સુધારવામાં આવશે.

અહીં દીપડાઓની દેખરેખ માટે નિષ્ણાંત છે ખરા? તેના જવાબમાં અધિકારીએ જણાવ્યું છે કે બે વ્યક્તિ કામદારોને આ દીપડાની સંભાળ માટે રાખવામાં આવ્યા છે. આ સફારી પાર્કને પ્રવાસન ક્ષેત્રે વિધિવત ક્યારે ખુલ્લું મૂકવામાં આવશે તે અંગે વનવિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈકો ટૂરિઝમ અર્થે આખી સાંકળ બનાવવામાં આવશે. અઢીસો હેક્ટરમાં અહીં કાળાતરા, ચિંકારા લવાશે. આ પાર્કમાં હજી પ્રથમ તબક્કે પ્રયાસ ચાલી રહ્યા છે તેવું તેમણે જણાવ્યું હતું.

સંદર્ભ : https://kutchmitradaily.com/news/mukhya_samachar/28599, માહિતી શ્રી કચ્છમિત્ર ભુજ કચ્છના બાહોશ પત્રકાર ગિરીશ એલ. જોશી ફોટો અને માહિતી શ્રી રોનક ગજ્જર દિવ્યભાસ્કર ભુજ કચ્છ, વિવિધ અખબારી અહેવાલ અને વિકિપીડિયા

❀


॥ શ્રી ગણેશાય નમઃ ॥ ફોન ઘર : ૨૪૦૯૨૦૪૩/૨૪૦૭૬૪૧૮

**શ્રી ઓધવાનંદ જ્યોતિષ મંગલ કાર્યાલય**

સંચાલક : રાજગુરુ હિંમતલાલ ઉત્તમરામ મોતા, જ્યોતિર્વિદ, બી.એ.એસ. - મો.-૯૩૨૨૧૦૩૪૪૫ રાજગુરુ હરેશ હિંમતલાલ મોતા, જ્યોતિર્વિદ, બી.કોમ.-મો.-૯૩૨૪૩૯૯૫૭૫ - રાજુભાઈ મો. : ૯૩૨૪૫૨૭૪૨૭ - સચીન મો. : ૯૯૩૦૩૭૨૪૬૨ જન્માક્ષર, વાસ્તુ, ગૃહપ્રવેશ, લગ્ન મુહુર્ત તથા અન્ય મુહુર્તો, લગ્ન રજીસ્ટર્ડ વિધી, જૈન લગ્ન વિધી, રાશી મેળાપક, લગ્ન વિધી, ધાર્મિક કર્મકાંડ, વૈદિક મંત્ર જાપ, જયેષ્ઠનક્ષત્ર, મૂળનક્ષત્ર, આશ્લેષનક્ષત્ર, વૈધૃતિયોગ, વ્યતિપાતયોગ, વદી ૧૪ અમાવાસ્ય ભારી વેરાઘડી શાન્તીપૂજા વગેરે ક્રિયાઓ કરનાર. ચંડીપાઠ, નવચંડી, શિવરૂદ્રાભિષેક, સત્યનારાયણ મહાપૂજા, કુંભ વિવાહ, અર્કવિવાહ, વિષ્ણુ વિવાહ, ભૂમિ પૂજન, નવગ્રહ શાંતી, નવગ્રહ જાપ, નવગ્રહ રત્ન સિધ્ધિ તથા જાપ, યંત્ર સિધ્ધિ પૂજા કરનારા.

૨૮૨/૪, સેવાકુંજ, જયશંકર યાજ્ઞીક માર્ગ, હિમાલય હોટલ પછી, સન્મુખાનંદ હોલની બાજુમાં, જનતા અને મેઘદૂત સ્ટોરની બાજુમાં, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.

# વાનગી

■ નેહા ગાલા

## મંચાઉ સૂપ

**સામગ્રી :** કોર્નફ્લોર ૨ ચમચી, સમારેલી કોબીજ ૫ા કપ, લીલું લસણ ૪ ચમચી, સમારેલું ગાજર ૫ા કપ, સમારેલું કેપ્સિકમ ૫ા કપ, સમારેલી ડુંગળી ૫ા કપ, બાફેલાં નૂડલ્સ અડધો કપ, તળેલી નૂડલ્સ અડધો કપ, લીલી ડુંગળી ૨ ચમચી, બટર ૧ ચમચી, તેલ ૧ ચમચી, ગ્રીન ચિલી સોર્સ ૨ ચમચી, રેડ ચિલી સોસ ૧ ચમચી, સોયાસોસ ૫ા ચમચી, મરી પાઉડર ૫ા ચમચી, મીઠું સ્વાદ મુજબ.

**રીત :** કડાઈમાં બટર અને તેલ ગરમ મૂકો. ગરમ થાય એટલે સમારેલું લસણ અને ડુંગળી ઉમેરીને સાંતળો. હવે તેમાં બાકીના શાક પણ વારાફરતી ઉમેરીને સાંતળો. એક તપેલીમાં જરૂર મુજબ પાણી ગરમ મૂકો. કોર્નફ્લોરને વાડકીમાં થોડું પાણી લઈને પેસ્ટ બનાવો. ગરમ પાણીને સાંતળેલા શાકમાં રેડો. કોર્નફ્લોરની પેસ્ટ પણ ઉમેરી બધું સારી રીતે મિક્સ કરી ઊકળવા દો. સ્વાદ મુજબ મીઠું, મરી પાઉડર અને બધા સોસ ઉમેરો. પાંચથી દસ મિનિટ સુધી ઊકળે એટલે બાફેલા નૂડલ્સ ઉમેરી ગેસ બંધ કરી દો. સર્વિંગ બાઉલમાં મંચાઉ સૂપ લઈ તળેલા નૂડલ્સ અને લીલી ડુંગળીથી ગાર્નિશ કરીને સર્વ કરો.

## બટર ગાર્લિક ટોમેટો સૂપ

**સામગ્રી :** ટામેટાં ૪ થી ૫ નંગ, ડુંગળી ૧ નંગ, બટર ૧ ચમચી, સમારેલું લસણ ૧ ચમચી, કોથમીર ૨ ચમચી, લીમડો ૪ થી ૫ પાન, મીઠું સ્વાદ મુજબ, કોર્નફ્લોરની સ્લરી ૨ ચમચી, બટર ૧ ચમચી, જીરું ૫ા ચમચી, આખા ધાણા ૫ા ચમચી, ફ્રેશ ક્રીમ ૨ ચમચી, ફુદીનાના પાન ૪ થી ૫

**રીત :** આખા ધાણા, મરી અને જીરુંને અધકચરા ખાંડી લો. કુકરમાં બટર ગરમ થાય એટલે લવિંગ, તજ, સમારેલું લસણ અને લીમડો સાંતળો. રંગ ગોલ્ડન થાય એટલે સમારેલી ડુંગળી અને ટામેટાં ઉમેરો. જરૂરિયાત મુજબ પાણી રેડી ૨ સીટી વગાડી ચર્ન કરી લો. હવે તેને ગાળી લો અને ઉકળવા મૂકો. થોડું ઉકળે એટલે કોર્નફ્લોર સ્લરી મિક્સ કરો. પાંચ મિનિટ ઉકળવા દેવું. સર્વિંગ બાઉલમાં રેડી ફ્રેશ ક્રીમ અને ફૂદીનાનાં પાનથી ગાર્નિશ કરી સર્વ કરો.

## હોટ એન્ડ સોર સૂપ

**સામગ્રી :** લસણની કળી ૫ થી ૬ નંગ, સમારેલું લીલું લસણ ૫ા કપ, સમારેલી લીલી ડુંગળી ૫ા કપ, આદું નાનો ટુકડો, લીલાં મરચાં ૨ નંગ, સમારેલું ગાજર ૫ા કપ, સમારેલી કોબીજ ૫ા કપ, સમારેલું ફ્લાવર ૫ા કપ, કોર્નફ્લોર ૨ ચમચી, સોયાસોસ ૧ ચમચી, રેડ ચિલી સોસ ૧ ચમચી, ગ્રીન ચીલી સોસ ૧ ચમચી, મીઠું સ્વાદ મુજબ, ખાંડ ૫ા ચમચી, વિનેગર ૧ ચમચી, તેલ ૧ ચમચી, મરી પાઉડર ૫ા ચમચી.

**રીત :** સૌપ્રથમ દરેક વેજિટેબલ બારીક સમારી લેવાના છે. એક તપેલીમાં કોબી, ગાજર અને ફ્લાવરને પાણી સાથે બાફી લો. બાફેલું પાણી ફેંકી ન દેશો. આ રીતે સૂપ માટે વેજિટેબલ સ્ટોક પણ તૈયાર થશે. આદું, મરચાંની અધકચરી પેસ્ટ તૈયાર કરો. લસણને બારીક સમારી લો. કડાઈમાં તેલ ગરમ મૂકી આદું-મરચાંની પેસ્ટ, સમારેલું લસણ, સૂકી ડુંગળી અને લીલી ડુંગળી સાંતળી લો. અન્ય સમારેલા શાક પણ ઉમેરો. વેજિટેબલ સ્ટોક અને કોર્નફ્લોરની પેસ્ટ મિક્સ કરો. સતત હલાવતાં ઊકળવા દો. સોયા સોસ, ગ્રીન ચિલી સોસ, રેડ ચિલી સોસ, વિનેગર, સ્વાદ મુજબ મીઠું, ખાંડ અને મરી પાઉડર મિક્સ કરો. પાંચ મિનિટ ઉકાળી બંધ કરી દો. સર્વિંગ બાઉલમાં સૂપ લઈ સમારેલ ડુંગળી અને લીલાં લસણથી ગાર્નિશ કરી સર્વ કરો. શિયાળામાં આ આદું-લસણથી ભરપૂર આ તીખો સૂપ પીવાની મજા પડશે.

## મિનિસ્ટ્રોન સૂપ

**સામગ્રી :** ટામેટાં ૪ નંગ, સમારેલા બેબીકોર્ન ૪ થી ૫ નંગ, બ્રોકોલી ૪ થી ૫, ફ્લોરેટ્સ, બ્રોકોલીને નીચેના

ભાગ-૪ ચમચી, સમારેલું કેપ્સિકમ પા કપ, સમારેલી ડુંગળી ૧ નંગ, સમારેલું ગાજર પા કપ, બારીક સમારેલું લસણ ૨ ચમચી, ટોમેટો કેચપ-૧ ચમચી, મરી પાઉડર અડધી ચમચી, મીઠું સ્વાદ મુજબ, બટર ૧ ચમચી, બાફેલા પાસ્તા અડધો કપ, ચીઝ ગાર્નિશ માટે

**રીત :** ટામેટામાં એક-બે કાપા પાડી તેને તપેલીમાં પાણી મૂકી બાફી લો. બફાઈ જાય એટલે છાલ કાઢી એમાંથી એક ટામેટાંને બારીક સમારી લો અને બાફીના ટામેટાંને ક્રશ કરી લો. બેબીકોર્નને બે સીટી વગાડી બાફી લો. હવે એક પેનમાં બટર મૂકી તેમાં સમારેલ લસણ, ડુંગળી અને ગાજર ઉમેરી સાંતળો. ત્યારબાદ બાકીના વેજિટેબલ્સ, બેબીકોર્ન, પાસ્તા અને ક્રશ કરેલા ટામેટાની પ્યુરી ઉમેરો. થોડું પકાવી જરૂર મુજબ પાણી રેડી સ્વાદ મુજબ મીઠું, મરી પાઉડર અને ટોમેટો કેચપ મિક્સ કરી ઉકાળી લો. ચીઝથી ગાર્નિશ કરી સ્વાદિષ્ટ મિનિસ્ટ્રોન સૂપ સર્વ કરો.

## વેજિટેબલ બાર્લિ સૂપ

**સામગ્રી :** બાર્લિ (જવ) અડધો કપ, ઝીણા સમારેલા શાકભાજી ૧ કપ (ગાજર, કોબી, ફણસી, કેપ્સિકમ અને તમને ગમતાં શાકભાજી લઈ શકો છો), મીઠું સ્વાદ મુજબ, મરી પાઉડર પા ચમચી, ઓરેગાનો પા ચમચી, બારીક સમારેલા આદું-મરચાં-લસણ ૧ ચમચી, તેલ ૧ ચમચી, સમારેલું લાલ કેપ્સિકમ પા કપ, ટોફુ પા કપ.

**રીત :** સૌપ્રથમ તમને મનગમતા શાકભાજી ઝીણાં સમારી લો. જવને પાંચ કલાક અગાઉથી પલાળી રાખવા. ત્યારબાદ તેને કૂકરમાં બાફી લો. હવે એક કડાઈમાં તેલ મૂકી આદું, મરચાં અને લસણને સાંતળો. થોડું સંતળાય એટલે બધા શાક ઉમેરી અને સાંતળો. શાકને થોડા ક્રન્ચી જ રાખવાના છે. હવે તેમાં બાફેલા જવ, સ્વાદ મુજબ મીઠું, મરી અને ઓરેગાનો ઉમેરી દો. જવ સ્ટાર્ચથી ભરપુર હોય છે તેથી કોર્ન ફ્લોર નાખવાની જરૂર નથી. હવે બે ગ્લાસ જેટલું પાણી ઉમેરી ઉકળવા દો. ત્યારબાદ તેમાં નાના ટુકડામાં સમારેલું ટોફુ અને લાલ કેપ્સિકમ ઉમેરો. આ સૂપ ખૂબ જ પૌષ્ટિક છે. શિયાળામાં આ સૂપની મજા અવશ્ય માણજો.

## મેક્સિકન ટોર્ટીલા સૂપ

**સામગ્રી :** ટામેટાં ૩ નંગ, બટર ૨ ચમચી, ઘી ૧ ચમચી, સમારેલી ડુંગળી ૧ નંગ, સમારેલું કેપ્સિકમ પા કપ, સમારેલું લસણ ૧ ચમચી, બાફેલા મકાઈ પા કપ, બાફેલા રાજમા પા કપ, મીઠું સ્વાદ મુજબ, ઓરેગાનો પા ચમચી, મરી પાઉડર પા ચમચી, છીણેલું ચીઝ ૪ ચમચી, નાચોસ.

**રીત :** ટામેટાંને ધોઈને બાફી લેવા. બફાઈ જાય એટલે ક્રશ કરીને ગાળી પ્યુરી તૈયાર કરવી. હવે એક પેનમાં બટર અને ઘી ગરમ મૂકી તેમાં ડુંગળી, લસણ અને કેપ્સિકમ સાંતળો. સંતળાઈ જાય એટલે બાફેલી મકાઈ, બાફેલા રાજમા, મીઠું, મરી અને ઓરેગાનો ઉમેરી બરાબર મિક્સ કરી લેવું. હવે તેમાં ટામેટાની પ્યુરી અને એક કપ પાણી રેડી ઢાંકીને પાંચ મિનિટ પકાવો. સર્વિંગ બાઉલમાં સુપ રેડી નાચોસના ટુકડા અને છીણેલું ચીઝ ભભરાવી સર્વ કરો. આ સૂપ થોડો હેવી હોવાથી ઓછું જમવાની ઈચ્છા હોય ત્યારે લંચ કે ડિનરમાં ફક્ત આ સૂપની મજા માણી શકાય.

## મકાઈના રોલ



**સામગ્રી :** ૧૧ તાજી બ્રેડની સ્લાઈસ પૂરણ માટે, ૧ કપ અધકચરેલા મકાઈના દાણા, ૧ ટેબલ સ્પૂન તેલ, ૧ ટી સ્પૂન ઝીણાં સમારેલાં લીલાં મરચાં, અડધો કપ ઝીણા સમારેલાં કાંદા, ૧ ટીસ્પૂન સોયા સોસ, મીઠું અને તાજા પીસેલા કાળા મરીનો પાઉડર, સ્વાદાનુસાર, બીજી જરૂરી સામગ્રી, ૩ ટેબલ સ્પૂન મેંદો, તેલ તળવા માટે, પીરસવા માટે સેઝવાન સોસ, ટોમેટો કેચપ.

**રીત :** પૂરણ માટે એક ખુલ્લા નોનસ્ટિક પેનમાં તેલ ગરમ કરી તેમાં લીલાં મરચાં ને કાંદા મેળવી મધ્યમ તાપ પર ૧ થી ૨ મિનિટ સુધી સાંતળી લો. તે પછી તેમાં મકાઈના દાણા, સોયા સોસ, મીઠું અને મરી મેળવી સારી રીતે મિક્સ કરી મધ્યમ તાપ પર ૧ થી ૨ મિનિટ

સુધી અથવા મિશ્રણ સૂકું બને ત્યાં સુધી વચ્ચે હલાવતા રહી સાંતળી લો. આમ તૈયાર થયેલા મિશ્રણને ઠંડું થવા બાજુ પર રાખો.

**આગળની રીત :** એક બાઉલમાં મેંદા સાથે લગભગ ૫ ટેબલ સ્પૂન જેટલું પાણી મેળવી તેને સારી રીતે મિક્સ કરી બાજુ પર રાખો. બધી બ્રેડની સ્લાઈની દરેક બાજુઓ કાપી લો. હવે દરેક બ્રેડની સ્લાઈસને વેલણની મદદથી હલકા હાથે દબાવીને વણી લો. આમ તૈયાર કરેલી એક બ્રેડની સ્લાઈસને એક સ્વચ્છ અને સૂકી જગ્યા પર મૂકી, તેની એક તરફ એક ટેબલ સ્પૂન તૈયાર કરેલું પૂરણ મૂકી બ્રેડને ટાઈટ રોલ કરી લો. આમ તૈયાર થયેલા રોલની અંદરની બાજુને સંપૂર્ણ રીતે બંધ કરી લો. રીત ક્રમાંક ૪ અને ૫ મુજબ બીજા ૧૧ રોલ તૈયાર કરો. હવે એક નોનસ્ટિક કઢાઈમાં તેલ ગરમ કરી તેમાં થોડા થોડા રોલ મેળવી મધ્યમ તાપ પર રોલ દરેક બાજુએથી ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી તળી લીધા પછી તેને બહાર કાઢી ટિશ્યૂ પેપર પર મૂકી સૂકા થવા દો. દરેક રોલના ત્રાંસા બે ટુકડા કરી તરત જ શેઝવાન સોસ અથવા ટોમેટો કેચપ સાથે પીરસો.

## ક્રેપ્સ

**સામગ્રી :** ૧/૪ કપ મેંદો, ૧/૪ કપ કોર્નફ્લોર, ૧/૪ કપ દૂધ, ૨ ટેબલ સ્પૂન પીસેલી સાકર, ૧ ટીસ્પૂન પીગળાવેલું માખણ, એક ચપટીભર મીઠું, માખણ સજાવવા માટે અને રાંધવા માટે.

**રીત :** એક ઊંડા બાઉલમાં મેંદો, કોર્નફ્લોર, દૂધ, સાકર, માખણ, મીઠું અને ૧/૪ કપ પાણી મેળવી, સારી રીતે મિક્સ કરી ગ્રાઈન્ડર વડે તેને મિક્સ કરી લો. એક ૧૫૦ મિમી.ના ગોળાકાર નોનસ્ટિક પેનને ગરમ કરી તેમાં બ્રશ વડે માખણ ચોપડી થોડું ઠંડું કર્યા પછી તેમાં એક મોટો ચમચો ભરી ખીરું રેડી એક બાજુએથી નમાવીને ૧૫૦ મિમી.નો ગોળાકાર બનાવો. હવે તેની બંને બાજુએ ઓછા ગુલાબી ધાબા દેખાય ત્યાં સુધી થોડા માખણ વડે શેકી લો. આ જ રીતે બાકીના ખીરા વડે વધુ ૫ ક્રેપ્સ તૈયાર કરો. જ્યારે જરૂર પડે ત્યારે ઉપયોગ કરો.

## બીટ અને તલના પરોઠા

સામગ્રી : ૧/૪ કપ બીટનું છીણ, ૧ ચમચી તલ, ૧/૨ કપ ઘઉંનો લોટ, ૨ ચમચી તેલ, ૧/૪ ચમચી લાલ મરચાંનો પાઉડર, ૧/૨ ચમચી ધાણા પાઉડર, ૧/૪ ચમચી હળદર, ચપટીભર હિંગ, મીઠું સ્વાદાનુસાર, ઘઉંનો લોટ વણવા માટે, ૨ ચમચી તેલ તળવા માટે.

**રીત :** એક ઊંડા બાઉલમાં બધી સામગ્રી ભેગી કરી સારી રીતે મિક્સ કરી, થોડું પાણી ઉમેરી મસળીને નરમ લોટ બાંધો. હવે લોટના એકસરખા ભાગ પાડી દરેક ભાગને થોડા ઘઉંના લોટની મદદથી ગોળાકારમાં વણી લો. એક નોનસ્ટિક તવાને ગરમ કરી ૧/૪ ચમચી તેલની મદદથી રોટી બંને બાજુએથી ગોલ્ડન બ્રાઉન થાય તે રીતે તળી લો. પરોઠાને એકદમ ઠંડા થવા દો.

## ફ્રૂટ-વેજિટેબલ રાયતું

**સામગ્રી :** ૩/૪ કપ ઝીણી સમારેલી કાકડી, ૧/૪ કપ લીલી દ્રાક્ષ અડધી કાપેલી, ૧/૨ કપ ઝીણાં સમારેલાં સફરજન, ૧/૨ કપ ઝીણાં સમારેલાં કેળા, ડ્રેસિંગ માટે : ૧ થી ૧/૨ કપ તાજું દહીં, ૨ ચમચી ફ્રેશ ક્રીમ, ૧ ચમચી શેકેલો જીરા પાઉડર, ૨ ચમચી પીસેલી સાકર, મીઠું સ્વાદનુસાર.

**રીત :** એક ઉંડા બાઉલમાં બધી વસ્તુઓ અને તૈયાર કરેલું ડ્રેસિંગ મેળવી સારી રીતે મિક્સ કરી લો. આ મિશ્રણને રેફ્રિજેટરમાં ઓછામાં ઓછું એક કલાક માટે રાખી મૂકો. ઠંડું થાય એટલે પીરસો.

## સુરતી ગ્રીન પાઉંભાજી

**સામગ્રી :** ત્રણ બટાકા, ૨૦૦ ગ્રામ ફ્લાવર, અડધો કપ લીલા વટાણા, એક ડુંગળી, ત્રણ લીલી ડુંગળી, ત્રણ લીલાં ટામેટાં

**ગ્રીન પેસ્ટ માટે :** અડધો કપ કોથમીર, અડધો કપ લીલું લસણ, આદુંનો ટુકડો, ૪-૫ લીલાં મરચાં, અડધી ઝૂડી પાલક, એક ચમચી પાઉંભાજી મસાલો, સ્વાદ અનુસાર મીઠું, ૫-૬ ચમચી તેલ, અડધી ચમચી હિંગ, અડધું લીંબુ, બટર જરૂર મુજબ.

**રીત :** સૌપ્રથમ બાફેલા વેજિટેબલ્સને મેશ કરી લો. હવે મિક્સર જારમાં ગ્રીન પેસ્ટની સામગ્રી લઈ ક્રશ કરી લો. ત્યારબાદ અડધી ઝૂડી પાલકને ધોઈને મિક્સરમાં ક્રશ કરી લો. ત્યારબાદ કઢાઈ ગરમ કરવા મૂકો. કઢાઈમાં તેલ નાખી ગરમ કરો. ત્યારબાદ ગરમ તેલમાં ઝીણી

સમારેલી લીલી ડુંગળી નાંખવી, ધીમી આંચ પર એક મિનિટ સાંતળી અંદર ત્રણ કાચાં લીલાં ટામેટાંને ઝીણાં સમારીને નાંખો. ત્યારબાદ અંદર ટામેટાં પૂરતું મીઠું નાખી ચઢાવો. ટામેટાં સોફ્ટ થાય ત્યાં સુધી સાંતળવા. હવે અંદર ગ્રીન પેસ્ટ એડ કરો. બધું જ બરાબર મિક્સ કરી ૩-૪ મિનિટ સાંતળો. તેલ છુટું પડી જાય એટલે અંદર દોઢ ચમચી જેટલો પાઉંભાજી મસાલો નાંખો. ત્યારબાદ તેમાં પાલકની પેસ્ટ મિક્સ કરો. ત્યારબાદ અંદર બાફેલાં શાક મિક્સ કરો. જરૂર મુજબ પાણી એડ કરો. સ્વાદ અનુસાર મીઠું નાંખી શકો છો. હવે શાક ઢાંકીને તેલ છુટું પડે ત્યાં સુધી ચઢવા દો. વચ્ચે વચ્ચે હલાવતા રહેવું. ૬-૭ મિનિટમાં તેલ છુટું પડી તૈયાર થઈ જશે. ગ્રીન ભાજીને સલાડ તથા પાઉં સાથે સર્વ કરો.

## કોર્ન ફીલ્ડ બ્રેડ ટાર્ટલેટ્સ

**સામગ્રી :** ૬ સ્લાઈસ બ્રેડની, ૨ ટી સ્પૂન પીગાળેલું માખણ. પુરણ માટે ૨ ટી સ્પૂન માખણ, ૨ ટી સ્પૂન મેંદો, ૧/૨ કપ દૂધ, ૨ ટેબલ સ્પૂન ખમણેલું ચીઝ, ૧/૨ કપ પીળી અમેરિકન મકાઈના બાફેલા દાણા, મીઠું અને મરી સ્વાદ પ્રમાણે.

**બેક કરવા માટે :** ૨ ટેબલ સ્પૂન ખમણેલું ચીઝ (૧) એક મફીન ટ્રે તથા ૬ ટાર્ટ મોલ્ડોને આછા ચીકણા કરવા. પછી બાજુમાં મૂકી દેવાં. (૨) બ્રેડની સ્લાઈસમાંથી કડક ભાગ કાઢી નાંખવા. (૩) દરેક સ્લાઈસને વેલણથી વણવી. (૪) બ્રેડની વણેલી દરેક સ્લાઈસને ચીકણી કરેલી મફીન ટ્રે અથવા હાર્ટ મોલ્ડોમાં દબાવવી. (૫) બ્રેડ ટાર્ટલેટ્સને પીગાળેલું માખણ ચોપડવું. (૬) પહેલેથી ગરમ કરેલા ઓવનમાં ૧૫૦ ઔંસ સે. તાપમાન પર ૫ થી ૭ મિનિટ બેક કરવું.

**રીત :** એક સોસપેનમાં માખણને ગરમ કરવું. તેમાં મેંદો નાંખી ૨ મિનિટ ધીમા તાપે એકસરખું હલાવતાં પકાવવું. ધીમે ધીમે દૂધ નાંખવું અને એકસરખું હલાવતાં રહેવું જેથી કોઈ ગાંગડી બને નહીં. એક ઊભરો આવે ત્યાં સુધી ગરમ કરવું.

ગેસ પરથી ઉતારી લેવું. ચીઝ, મકાઈના દાણા, મીઠું અને મરી નાંખવા અને બરાબર મિક્સ કરવું.

બ્રેડના બેક કરેલાં ટાર્ટલેટ્સ પર પૂરણનું મિશ્રણ પાથરવું. ઉપરથી ખમણેલું ચીઝ ભભરાવવું અને પહેલેથી ગરમ કરેલા ઓવનમાં ૧૮૦ સે. તાપમાન પર ૩ થી ૪ મિનિટ બેક કરવું. ગરમ ગરમ પીરસવાં.

## કૂકડ રાઈસ પેનકેક

**સામગ્રી :** ૨ કપ ભાત (રાંધેલા ચોખા), ૧/૩ કપ ખમણેલાં ગાજર, ૧/૩ કપ બારીક કાપેલા લીલાં કાંદા, ૧/૩ કપ લાંબી અને પાતળી કાપેલી કોબી, ૧/૪ કપ ઘઉંનો લોટ, ૧/૨ કપ ચણાનો લોટ, ૧/૨ ટીસ્પૂન હળદર, ૧/૪ ટીસ્પૂન હિંગ, ૨ લીલા મરચાં બારીક કાપેલા, ૨ ટેબલ સ્પૂન દહીં, ૨ ટેબલ સ્પૂન બારીક કાપેલી કોથમીર.

**રીત :** એક બાઉલમાં તેલ સિવાય બધી સામગ્રીને મિક્સ કરવી. પૂરતું પાણી લઈને નરમ લોટ બાંધવો. લોટમાંથી ૧૦ થી ૧૨ સરખી સાઈઝના લૂઆ કરવા. પાણીથી ભીના કરેલા હાથથી એક લૂઆને ભીના કપડાથી દબાવીને ૧૦૦ મિ.મી. વ્યાસનો ગોળાકાર બનાવવો. કપડાને ઉઠાવી લેવું અને પેનકેકને એક નોનસ્ટિક તવા પર ઉપરની બાજુ નીચે રહે તેમ નાંખવું.

થોડું તેલ લઈને બંને બાજુથી રાંધવું. જ્યાં સુધી બ્રાઉન રંગનું ન થઈ જાય. બાકી બચેલા લૂઆને પણ આ રીતે પ્રમાણે રાંધીને ૧૦ થી ૧૨ પેનકેક બનાવવાં. ગ્રીન ચટણી સાથે ગરમ ગરમ પીરસવું.

## ક્રિસ્પી પીનટ પોટેટો ચાટ

**સામગ્રી :** ૪ મોટા બાફેલા બટાટા, ૧/૨ કપ શેકેલા સીંગદાણા, ૧૧/૨ ટીસ્પૂન ચાટનો મસાલો, ૧ ટીસ્પૂન મરચાંની ભૂકી, ૧/૨ ટીસ્પૂન હળદર, ૧ ટીસ્પૂન જીરાનો ભૂકો, ૧/૨ ટીસ્પૂન સાકર, ૧ ટેબલસ્પૂન લીંબુનો રસ, ૩ ટેબલ સ્પૂન તેલ, મીઠું સ્વાદ પ્રમાણે

**રીત :** બટાટાનો છાલ ઉતારવી અને સરખી સાઈઝના ટુકડા કાપવા. એક નોનસ્ટિક પેનમાં તેલને ગરમ કરવું. તેમાં બટાટા નાંખી ધીમા તાપે સાંતળવા અને વચમાં ક્યારેક હલાવતાં રહેવું જ્યાં સુધી બટાટા ક્રિસ્પી અને બ્રાઉન રંગના ન થઈ જાય. સીંગદાણા નાંખવા અને ૧ થી ૨ મિનિટ સુધી સાંતળવું. બીજી બધી સામગ્રી નાંખવી અને બરાબર મિક્સ કરવું.



મનની શાંતી...
सौथी अलग सौथी अनोखी
હેમ
प्रे · शि · य · स
અગરબત્તીયો
મેન્યુફેક્ચરર એન્ડ એક્સ્પોર્ટર
હેમ કૉર્પોરેશન
મુંબઇ • બેંગલોર
જી-૫, રિદ્ધી સિદ્ધી એપાર્ટમેંટ, મીઠાગર ક્રોસ રોડ,
મુલુંડ (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૮૧.
हेम
प्रे · शि · य · स
गुलाब
अगरबत्ती
चंदन
मोगरा
www.hemincense.com

# મહિલા મંચ

## જેગિંગ્સ : આધુનિકાઓનો ફેવરિટ લેટેસ્ટ ફેશન ટ્રેન્ડ

■ પાયલ પટેલ

જો તમે શિયાળાની આ સીઝનમાં પહેરવા માટે ફેશનેબલ અને આરામદાયક વિકલ્પની શોધમાં હો તો જેગિંગ્સની પસંદગી કરી શકાય છે. આ જેગિંગ્સનો લૂક અને સ્ટાઈલમાં વધારો કરે છે અને ખાસિયત એ છે કે તે લગભગ તમામ ટોપ્સ સાથે મેચ કરીને પહેરી શકાય છે. જેગિંગ્સ એ સ્ત્રીઓ માટે એક સરસ ફેશનેબલ આઉટફિટ છે જેઓ જીન્સ પહેરવામાં કમ્ફર્ટ નથી અનુભવતી. જો તમે વેસ્ટર્ન વેર સાથે કેટલાક સ્ટાઈલિશ અને આરામદાયક બોટમ વેર પહેરવા ઈચ્છતા હો તો જેગિંગ્સ સારામાં સારો વિકલ્પ સાબિત થાય છે. પરફેક્ટ લુક મેળવવા માટે જેગિંગ્સને અલગ અલગ સ્ટાઈલમાં પહેરી શકાય છે.

**ટી-શર્ટ સાથે જેગિંગ્સ**

જો તમે ઘરે કેઝ્યુઅલ લુકમાં જેગિંગ્સ પહેરવા ઈચ્છો તો તેને ટી-શર્ટ સાથે પહેરી શકાય છે. જો તમે મિત્રો સાથે ફરવા જઈ રહ્યા છો અને ટી-શર્ટ સાથે જેગિંગ પહેરી રહ્યા છો તો તેની સાથે ચંકી નેકપીસને સ્ટાઈલ કરીને તમારા દેખાવને સ્ટાઈલિશ બનાવી શકો છો.

**સેમી ફોર્મલ લુક**

જેગિંગ્સની ખાસિયત એ છે કે એને ઘણી રીતે પહેરી શકાય છે. તેને કેઝ્યુઅલથી લઈને ઓફિસમાં તેમજ પાર્ટીઓમાં પણ પહેરી શકાય છે. બસ તમારી સ્ટાઈલ યોગ્ય હોવી જોઈએ. ઉદાહરણ તરીકે વાત કરીએ તો જો તમારે જેગિંગ્સ સાથે સેમી ફોર્મલ લુક જોઈતો હોય તો એની સાથે સફેદ શર્ટ પહેરી લો. તમે ફોર્મલ લુક માટે સફેદ શર્ટ સાથે ગ્રે અથવા તો બ્લેક જેગિંગ્સ પહેરી શકો છો.



**પાર્ટી વેર ટોપ સાથે કોમ્બિનેશન**

જો તમે પાર્ટીમાં જેગિંગ્સ પહેરવાનું નક્કી કર્યું હોય, તો તમે તેને પાર્ટી વેર ટોપ સાથે પહેરી શકો છો. ટોપને સ્ટેટમેન્ટ નેકપીસ સાથે પેર કરો અને તેને બ્લેક અથવા જેગિંગ્સ સાથે સ્ટાઈલ કરો જે તમારા આઉટફિટને પૂરક બનાવે છે અને તમે પાર્ટીમાં બધાં કરતાં અલગ લુક મેળવી શકો છો.

**લોંગ ટોપ અને જેગિંગ્સ**

લુકને બેલેન્સ કરવા માટે જેગિંગ્સને લાંબા ટોપ સાથે પહેરી શકાય છે. આ લુકની ખાસ વાત એ છે કે તે સ્લિમ

અને પ્લસ સાઈઝ બંને મહિલાઓ પર સારી લાગે છે. તમારા લુકને વધારે સ્ટાઈલિશ બનાવવા માટે તમે ટુંકા જેકેટ અથવા શ્રગ સાથે તેને પહેરી શકો છો. જો તમે ઈન્ડો વેસ્ટર્ન લુક કેરી કરવા ઈચ્છો છો તો લાંબી કુર્તી જેગિંગ્સ સાથે પણ પહેરી શકાય છે. આ લુકની ખાસ વાત એ છે કે તમે તેને કેઝ્યુઅલથી લઈને ઓફિસ સુધી કેરી કરી શકો છો. તમારા લુકને વધુ ખાસ બનાવવા માટે તમારે તેની સાથે મલ્ટીકલર પ્રિન્ટેડ સ્કાર્ફ પર રાખવો જોઈએ.

**જેકેટ્સ સાથે લેયરિંગ**

જેગિંગ્સમાં તમારા લુકને ખાસ બનાવવાની આ એક સ્ટાઈલ છે. જો તમે પ્લેન ટોપ સાથે જેગિંગ્સ પહેરતા હોવ તો તેની સાથે પ્રિન્ટેડ જેકેટ પહેરીને તમારા લુકને સ્પાઈસી બનાવી શકો છો. જ્યાં સુધી તમે જેગિંગ્સ સાથે લોંગ ટોપ, કુર્તા કે ડ્રેસ ન પહેરો ત્યાં સુધી સફેદ જેગિંગ ન પહેરો. સફેદ જેગિંગ્સ સાથે લોંગ ટોપ અને કુર્તા કલાસી લુક આપે છે.

**પ્રિન્ટેડ જેગિંગ્સ પહેરો**

સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે જયારે જેગિંગ્સમાં પોતાને સ્ટાઈલ કરવાની વાત આવે છે, ત્યારે મોટાભાગની મહિલાઓ પોતાને સફેદ, વાદળી અથવા કાળા જેગિંગ્સ સુધી મર્યાદિત રાખે છે. જો કે, આ દિવસોમાં વિકલ્પોની કોઈ કમી નથી. ઉદાહરણ તરીકે, તમે પ્લેન જેગિંગ્સમાં ઘણા ઓફબીટ રંગો પસંદ કરી શકો છો. વાઈબ્રન્ટ લુક મેળવવા માટે પ્રિન્ટેડ જેગિંગ્સ સ્ટાઈલ કરી શકાય છે. આમાં પણ ફ્લોરલ પ્રિન્ટ તમને રિફ્રેશિંગ લુક આપે છે. જો કે તમે પ્રિન્ટેડ જેગિંગ્સ પહેરતા હોવ તો તમારા અપર વસ્ત્રોને સાદા રાખો. અપર વેરમાં બોલ્ડ કલર્સ પસંદ કરીને તમારા લુકને ખાસ બનાવો.

❁

# સકારાત્મક વિચારથી જીવીએ

■ ભગવતીબેન આચાર્ય (ભુજ)

આજના યુગમાં પરિવારના કલ્યાણ એ વધુ વિકાસ માટે કુટુંબ માટે અલગ અલગ પ્રકૃતિ કાર્ય કરીને ારી પણ મદદરૂપ થવા પ્રયત્ન કરે છે. જેમાં આધુનિક સમયમાં આર્થિક ઉપાર્જન જેવું કાર્ય કરવું ખૂબ જ જરૂરી છે. તે હેતુસર આર્થિક રીતે પોતાની કલા, શિક્ષણ તેમજ તેમની અંદર રહેલ શક્તિો ઉપયોગ કરવા સતત પ્રયત્ન કરે છે.

આમ પરિવાર માચે મન, વિચારને મક્કમ રાખીને નકારાત્મક વિચારથી દૂર રહીને કુટુંબ અને સમાજ ઉપયોગી કાર્યો અને સત્કર્મ સેવાની પ્રવૃત્તિ વિવિધ રીતે મહિલા દ્વારા કરવામાં આવે છે. પરંતુ નારી પાસે ઘર-કુટુંબ સહિત જવાબદારી હોય છે. તે ઉપરાંતની અય પ્રવૃત્તિ કાર્ય કરીને ઉપયોગી બનવા સદાય યથાશક્તિ કામ કરે છે. તેની સાથે સકારાત્મક વિચારો સાથે યોગ અને મનગમતી પરિવારની વ્યક્તિના વિચારો સાથે કદમ મુકી, કુટુંબા સંપ અને સુખાકારી માટે તત્પર બને છે. એટલું પોતાના જીવનનું આનંદ સહિતું સર્વસ્વ અર્પણ કરે છે.

આ શક્તિ મહિલા વર્ગમાં છૂપાયેલી છે. જે આપણે ન સમજતાં પુર્ણ ઓળખ મેળવ્યા વિના ઘણી વખત ઘરના પ્રસંગનું જાણ્યા વિચાર વિના જાણે-અજાણે બની જતું હોય છે તે પ્રત્યે જાગૃતિ પરિવાર-સમાજ હોવવાની જરૂરત છે. આ બધું વિચારીએ તો સમસ્યા કંઈ થતી નથી. પણ પરિવાર સમાજ સ્વર્ગ સમાન બની જાય છે. તો પરિવાર સમાજ માટે આવું કંઈ વિચારીએ એ જ અભ્યર્થના સાથે...

❁

## લીલી બત્તી - લાલ બત્તી !

સમાજમાં આપણને માન-આદર-પ્રેમ મળે ત્યારે જાગૃતિપૂર્વક તપાસવું ઘટે કે તેમાં નિઃસ્વાર્થ લાગણી છે? જો તેમ હોય તો તેનો સાભાર સ્વીકાર કરી, વળતો તેવો જ પ્રેમાદરસભર પ્રતિભાવ આપવો જ જોઈએ.

પણ જો આવાં માન-આદર પાછળ સ્વાર્થભરી ખુશામતની દુર્ગંધ જરા પણ આવે તો તરત જ તેની ખતરનાક ખરાબ અસરોથી બચવા સભાન પ્રયાસ કરવો જોઈએ...

નહીંતર? વાઈરલ ઈન્ફેક્શન !

# વેલેન્ટાઈન્સ ડે પર ડિફરન્ટ આઉટફિટ પહેરીને બની જાવ ખાસ

■ દેવલ થોરિયા

વેલેન્ટાઈન્સ ડે આવવામાં ગણતરીના દિવસો બાકી છે. આ દિવસો કપલ પોતાના પાર્ટનર સાથે ડેટ પર જાય છે. કપલ મળીને એકબીજાને ગિફ્ટ આપે છે અને પોતાની લાગણી વ્યક્ત કરે છે. લવ બર્ડ્સ માટે આ ખાસ દિવસે રેગ્યુલર ડ્રેસ પહેરીને પાર્ટનરની સામે જવું એ યોગ્ય લાગતું નથી તેથી વેલેન્ટાઈન્સ ડેના દિવસે ડિફરન્ટ આઉટફિટની પસંદગી કરો. સૌથી પહેલાં એવા આઉટફિટ પસંદ કરો જેમાં તમે કમ્ફર્ટેબલ ફિલ કરો. ઓવરરેટિડ પહેરવાની જરૂર નથી તથા સ્ટાઈલ કમ્ફર્ટ મુજબ હોય. બીજું, વેલેન્ટાઈન્સ ડેના દિવસે રેડ અને મરુન કલર જ પસંદ કરવો એ પણ જરૂરી નથી. વેલેન્ટાઈન્સ ડેના દિવસે કેવા પ્રકારના આઉટફિટ પહેરીને પણ ખાસ બની શકાય એ જાણીએ.

**ઓફ શોલ્ડર ટોપ કે ડ્રેસ**

વેલેન્ટાઈન્સ ડેના દિવસે કંઈક યુનિક ટ્રાય કરવા ઈચ્છો છો તો ઓફ શોલ્ડર ટોપ કે ડ્રેસ કેરી કરી શકો છો. જો તમે આ ડ્રેસમાં કમ્ફર્ટેબલ ફિલ કરો છો તો તમારા મનગમતા કલરનો ઓફ શોલ્ડર ડ્રેસ પહેરી શકો. એ તમે હોટ અને ટ્રેન્ડી લુક આપશે. આ પ્રકારના ડ્રેસ એવરગ્રીન હોય છે.

**લેસ ડ્રેસ**

લેસવાળા ડ્રેસ કોઈપણ છોકરીની નાજુક પર્સનાલિટીને નિખારે છે. વેલેન્ટાઈન્સ ડેના દિવસે બધા કરતાં અલગ દેખાવા ઈચ્છો છો તો ફિગરને ધ્યાનમાં રાખીને ફુલ સ્લીવ કે પછી મોનોક્રોમ ડ્રેસની પસંદગી કરો.

**જમ્પ સૂટ**

આ ખાસ દિવસે જમ્પ સૂટ ઉત્તમ વિકલ્પ હોઈ શકે છે. જે તમને સ્ટાઈલની સાથે કમ્ફર્ટ પણ લાગશે. ઓફ શોલ્ડરથી માંડી ડિપ નેક અથવા અલગ અલગ પ્રિન્ટના જમ્પ સૂટ કામમાં લાગશે. આ ઉપરાંત તેની લેન્થ પણ તમારી અનુકૂળતા અનુસાર પસંદ કરી શકો છો.



**સ્કર્ટ**

દરેક પુરુષની ઈચ્છા હોય છે કે તેમની પાર્ટનર સૌથી સુંદર દેખાય વેલેન્ટાઈન્સ ડેના દિવસે હાઈ વેસ્ટ સ્કર્ટની પસંદગી કરો. સ્કર્ટની સાથે તમે ટોપને ઈન કરીને કેરી કરી શકો છો. આ ઉપરાંત લોન્ગ, મિની કે મેક્સીની પસંદગી કરો. આ ઉપરાંત એ લાઈન, ફલેયર્ડ, પ્લેટેડ કે પેન્સિલ ટાઈપનાં સ્કર્ટની પસંદગી પણ કરી શકો. સ્કર્ટ તમને પરફેક્ટ લુક આપશે.

**ટર્ટલ નેક ટીશર્ટ અને સ્કિની જિન્સ**

ઠંડીથી બચવાની સાથે કંઈક એવું પહેરવા ઈચ્છો છો જે સ્ટાઈલિશ લુક પણ આપે. તો તેમાં બેસ્ટ ઓપ્શન ટર્ટલ નેક ટીશર્ટ અને સ્કિની જિન્સ ટ્રાય કરી શકો છો.

**કુલોટ્સ**

ક્રોપ ટોપની સાથે આજકાલ ક્રોપ પેન્ટ્સનો ટ્રેન્ડ છવાયેલો છે. તેને કુલોટ્સ પણ કહે છે. જો તમને કુલ લુક ગમતો હોય તો કુલોટ્સ આઉટફિટ ટ્રાય કરી શકો છો. દરેક પ્રકારનાં કદ - કાઠી ઉપર કુલોટ્સ શૂટ થાય છે. તમે તેને સ્ટાઈલિશ ક્રોપ ટોપની સાથે પેર કરી શકો છો. કુલોટ્સ સ્ટાઈલિશ લુક પણ આપશે. આને તમે સ્ટાઈલિશ ક્રોપ ટોપની સાથે પેર કરી શકો છો. આ આઉટફિટમાં તમે ડિફરન્ટ લાગશો.

**ક્રોપ ટોપ અને હાઈ વેસ્ટ જિન્સ**

તમે સિમ્પલ અને કલાસી લુક ઈચ્છો છો તો ક્રોપ ટોપ અને હાઈ વેસ્ટ જિન્સ ટ્રાય કરી શકો છો. આ પ્રકારના આઉટફિટ તમને ગ્લેમરસ લુક આપશે. ❁

# મિક્સ મેચ કરતી લાઈટ જ્વેલરી વેલેન્ટાઈન્સ ડેને બનાવશે સ્પેશિયલ

**ના**નોમોટો કોઈપણ પ્રસંગ હોય, એ જ્વેલરી વગર અધૂરો છે. એ પછી વેલેન્ટાઈન્સ ડે કેમ ન હોય. વેલેન્ટાઈન્સ ડેના દિવસે ભલે તમને વેસ્ટર્ન આઉટફિટ પહેર્યા હોય પણ સાથે જ્વેલરી ન પહેરી હોય તો તેનો શૃંગાર અધૂરો છે. શૃંગારને પૂર્ણ કરવા માટે આર્ટિફિશિયલ જ્વેલરી પહેરો. યુવતીઓમાં પણ આર્ટિફિશિયલ જ્વેલરીનો ક્રેઝ જોવા મળે છે. જ્વેલરીમાં પર્સનાલાઈઝડ ટચ આપવા ઈચ્છો છો તો કસ્ટમાઈઝડ જ્વેલરી પહેરવાનું પસંદ કરો. કસ્ટમાઈઝડ જ્વેલરી યુનિક લાગે છે. એનાથી તમારું ફેશન સ્ટેટમેન્ટ પણ નીખરી ઊઠશે. આ પ્રકારની જ્વેલરીમાં એરિંગ્સ, બ્રેસલેટ, લોકેટ સરળતાથી મળી જશે. જે સ્કર્ટ અને મેક્સી સાથે યુનિક લાગશે.

**એરિંગ્સ**

સામાન્ય રીતે વેલેન્ટાઈન્સ ડેના દિવસે યુવતીઓ મોટાભાગે વેસ્ટર્ન આઉટફિટ પહેરતી હોય છે. વેસ્ટર્ન આઉટફિટ સાથે દરેક પ્રકારના એરિંગ્સ સારાં લાગતાં નથી. જેમ કે, જિન્સ, સ્કર્ટ સાથે લોંગ એરિંગ્સ શૂટ કરતાં નથી. જિન્સ અને ક્રોપ ટોપ સાથે લોંગને બદલે મીડિયમ સાઈઝનાં એરિંગ્સ વધુ આકર્ષક લાગે છે. તમે મોટા જેમસ્ટોન પણ પહેરી શકો. આ ઉપરાંત વેસ્ટર્ન આઉટફિટની સાથે સ્ટોન, ડાયમંડ, પર્લનાં એરિંગ્સ પહેરશો તો વધુ આકર્ષક લાગશે. ઓફ શોલ્ડર ટોપ કે લેસ ડ્રેસ સાથે લોંગ એરિંગ્સ ટ્રાય કરી શકો. જ્યારે ટર્ટલ નેક ટીશર્ટ, કુલોટ્સ સાથે મીડિયમ સાઈઝનાં એરિંગ્સ સ્ટાઈલિશ લાગશે.

**બ્રેસલેટ**

સામાન્ય રીતે વેલેન્ટાઈન્સ ડેના દિવસે યુવતીઓ બ્રેસલેટના બદલે ઘડિયાળ પહેરવાનું પસંદ કરે છે. પરંતુ આજના દિવસે બંને પહેરો, એટલે કે એક હાથમાં બ્રેસલેટ અને બીજા હાથમાં ઘડિયાળ. ઘડિયાળમાં સ્માર્ટ વોચ ઈન ટ્રેન્ડ છે. બાકી તો વોચમાં અનેક વેરાઈટી ઉપલબ્ધ



છે. જ્યારે બ્રેસલેટની વાત કરીએ તો, એ ડિફરન્સ શેઈપ જેમ કે, હાર્ટ, ક્રિસ્ટલ, રાઉન્ડમાં મળી રહે છે. એમાં પર્લ, ડાયમંડ, ઓક્સોડાઈઝ વગેરે વેરિયેશન છે.

એન્ટિક જ્વેલરીને પણ પસંદ કરવામાં આવી રહી છે. અત્યારે જ્વેલરીને આઉટફિટની સાથે મેચ કરીને પહેરવાની ફેશન જૂની થઈ ગઈ છે. મિક્સમેચ્ડ એરિંગ્સ ટ્રેન્ડમાં છે. સ્ટાઈલિશ સેલ્ફ એક્સપ્રેશન બનાવવા માટે મલ્ટિલેયર્ડ એરિંગ્સ અને નેકલાઈન અનુસાર નેકલેસને મહત્ત્વ આપીને ટ્રાય કરો.

કલર સ્કીમની વાત કરીએ તો જ્વેલરીમાં પણ આઉટફિટી જેમ પેસ્ટલ શેડ્સ ઈન ટ્રેન્ડ છે. સાથે સ્પ્રિંગ કલર સ્ટોન્સો ક્રેઝ છે. વેલેન્ટાઈન્સ ડેના દિવસે ભારેખમ જ્વેલરી પહેરવો બદલે સ્લીક જ્વેલરી પસંદ કરો. ભીડમાં બધા કરતાં અલગ તરી આવવા ઈચ્છો છો તો સ્ટાઈલ સ્ટેટમેન્ટ બનો. આઉટફિટની અને ફુટવેરની સાથે તમારી જ્વેલરી પર પણ ખાસ ધ્યાન આપો. ગળામાં સિમ્પલ ચેનની સાથે ટ્રેન્ડી પેન્ડન્ટ પેર કરીને પહેરો. આમ આઉટફિટની સાથે લાઈટ જ્વેલરી પેર કરશો તો ડીસન્ટ લાગશે.

# કુદરતી રીતે તૈયાર કરો મેકઅપ પ્રોડક્ટ્સ

■ શહનાઝ હુસૈન

કિચન કેબિનેટ્સ ડીઆઈવાઈ સ્કિન કેર રેમિડીઝ માટે ફેમસ જગ્યા છે. એમાં ઘણી બધી એવી વસ્તુઓ છે જેનાથી મેકઅપ માટે જરૂરી પ્રોડક્ટ બને એના વિશે આપણને ખબર હોતી નથી. તેથી આજે આપણે રેગ્યુલર ઉપયોગમાં લેવાતી મેકઅપ પ્રોડક્ટ્સને નેચરલ પ્રોડક્ટસ સાથે કેવી રીતે બદલી શકાય એ અંગે જાણીએ. ઓર્ગેનિક વસ્તુઓ કેમિકલ્સયુક્ત પ્રોડક્ટ્સથી તમને દૂર રાખવામાં મદદ કરશે.

**બીટરૂટ લિપ ટિંટ :** એક તાજા બીટને ક્રશ કરી લો. ફિલ્ટરની મદદથી તેનો રસ ગાળીને અલગ કરો. જ્યૂસનો રંગ લાંબા સમય સુધી જળવાય એ માટે એમાં લીંબુના રસના બે થી ત્રણ ટીપાં નાંખી દો. તમે એમાં મોઈશ્ચરાઈઝિંગ ગુડેનસ પણ સામેલ કરવા માંગતા હોવ તો બદામના તેલના અમુક ટીપાં મિક્સ કરો. આ મિશ્રણને કાચની બોટલમાં ભરી લો. આ લિપ ટિંટે લિપ બ્રશી મદદથી હોઠ પર લગાવો અને મેળવો નેચરલ રોઝી લિપ.

**બીટરૂટ ચિક ટિંટ :** ચહેરા પર કુદરતી લાલાશ નિખરી આવે એ કોને ન ગમે? બીટની મદદથી નેચરલ લાલ રંગ ફલોન્ટ કરીશું. એ માટે એક બીટ રૂટ લો તેની પાતળી ગોળાકાર સ્લાઈઝ કાપીને એક કે બે દિવસ તાપમાં સૂકવો. જ્યારે સ્લાઈઝ સુકાઈ જાય પછી એમાંથી પાઉડર તૈયાર કરો. પાઉડરને એક એરટાઈટ કન્ટેનરમાં રાખો. લગાવતી વખતે બ્લશ બ્રશનો ઉપયોગ કરો.

**એલોવેરા હેર સ્ટાઈલિંગ જેલ :** એલોવેરામાંથી સ્પૂનની મદદથી પલ્પ કાઢી, પલ્પને સારી રીતે સ્મેશ કરી લો. સુગંધ મેળવવા મનગમતાં એસેન્શિયલ ઓઈલનાં થોડાં ટીપાં તેમાં ઉમેરો. વાળને વધારવા અને એમાં ચમક લાવવા આ મિશ્રણને વાળમાં લગાવો.

**એલોવેરા બ્રો જેલ :** એલોવેરા મેશ્ડ પલ્પ લો અને એમાં ઓલિવ ઓઈલનાં બે ટીપાં નાંખો. તેને સારી રીતે મિક્સ કરો. આ મિશ્રણને કાચની બોટલમાં ભરી લો. તમારા બ્રો હેર પર લગાવવા માટે ક્યૂ ટિપનો ઉપયોગ કરો.

**એલોવેરા લેશ સિરમ :** આઈલેશિસને વધારે શાર્પ બનાવવા માટે તમારે જે વસ્તુની જરૂર છે તે છે મેશ્ડ એલોવેરા જેલની એક ઝટપટ સી સ્વિપની. તેને સરળતાથી એપ્લાય કરવા માટે મસ્કારા વોન્ડનો ઉપયોગ કરો. વોન્ડને જેલમાં સારી રીતે પલાળો અને પછી તેને લેશિસ પર લગાવો.

**હની લિપ બામ :** બે ટેબલસ્પૂન મેલ્ટેડ શિયા બટર લો. એમાં એક ટી સ્પૂન મધ અને એક ટીસ્પૂન સ્વીટ આલ્મંડ ઓઈલ નાંખો. સારી કન્સિસ્ટેન્સી મેળવવા માટે તેને એક કલાક ફ્રિઝમાં મૂકો. હોઠને નરિશ રાખવા માટે આ ડીઆઈવાઈ લિપ બામનો ઉપયોગ કરો.

**ગુલાબ લિપ ટિંટ :** કાળા પડી ગયેલા હોઠને ગુલાબી બનાવવા તાજા ગુલાબની પાંદડી લો. તેને બરાબર ક્રશ કરી લો. ક્રશ કર્યા બાદ એમાં બે ટેબલસ્પૂન મેલ્ટેડ શિયા બટર નાખી મિક્સ કરો. બામની કન્સિસ્ટેન્સી મેળવવા માટે કાચની બોટલમાં ભરીને મિશ્રણને ફ્રીઝમાં મૂકી દો. આનો ઉપયોગ લિપ બામ તરીકે કરો. ❁




# દાંત સુંદર અને મજબૂત કઈ રીતે બને?

■ માખન ધોળકિયા

બહેનો, આપણે જોયું કે તમે, દૂધ, દહીં અને ચીઝ ખાતા હો તો તમારા દાંત કેવી રીતે સુંદર અને તંદુરસ્ત બને છે. હવે વાત કરીશું પાણી પીવાની. ઘણી બહેનોને આ વાતની ખબર છે કે પાણી થોડી થોડી વારે એક એક ઘૂંટડો પીવાથી આપણા દાંત ખૂબ જ સુંદર અને સ્વસ્થ રહે છે. વાસ્તવમાં પાણી આ જગતનું સૌથી સ્વાસ્થ્યપ્રદ પીણું છે. એની તોલે બીજું કંઈ જ ન આવે. દૂધ પણ નહીં અને ફ્રૂટ જ્યૂસ પણ નહીં. બીજું કોઈ પણ પીણું પીધા પછી શરીરે તેને પચાવવું પડે છે. એમાં ઊર્જા વાપરવી પડે છે. ત્યારપછી જ એનો લાભ મળે છે. પાણી પીધા પછી આપણા શરીરે તેને પચાવવાની કોઈ જરૂર રહેતી નથી. બહેનો, તમને યાદ જ હશે કે સ્કૂલમાં આપણને શીખવવામાં આવતું હતું કે ખોરાક પીઓ અને પાણી ખાઓ. શિક્ષક આપણને સમજાવતા કે ખોરાક પીઓ એનો અર્થ છે કે ખોરાકને મોંમાં ત્યાં સુધી ચાવતા રહો કે તે પ્રવાહી બની જાય, પછી જ તેને ગળા નીચે ઉતારો. એ જ રીતે પાણી ખાઓ. એમ કહેવાનો અર્થ છે કે પાણીનો ઘૂંટડો ભરીને મોંમાં પાંચ-દસ સેકન્ડ રહેવા દો. પછી તેને ગળા નીચે ઉતારો. એ જ રીતે પાણી ખાઓ એમ કહેવાનો અર્થ છે કે પાણીનો ઘૂંટડો ભરીને મોંમાં પાંચ - દસ સેકન્ડ રહેવા દો. પછી તેને ગળા નીચે ઉતારો. તેથી આપણા મોંમાં આવેલી લાળગ્રંથિઓમાંથી લાળ ઝરીને પાણીમાં ભળશે. પછી પાણી ગળા નીચે ઉતારીએ તો ગળામાં, અન્નનળીમાં અને જઠરમાં પાણીની સાથે લાળ જશે. લાળ એસિડને હળવો બનાવી દે છે. તે ગળામાંથી પસાર થાય તો ગળામાં રાહત થશે. અન્નનળીમાં પણ એસિડનો હળવો પાશ ચઢ્યો હોય તેને આલ્કલી લાળ સાફ કરી આપે છે. જઠરમાં જબરજસ્ત કાતિલ એસિડ ઝરતો હોય છે. ખોરાક ન આવવાનો હોય ત્યારે લાળવાળું પાણી જઠરના એસિડને હળવો બનાવી દે છે તેથી એસિડિટીની તકલીફ રોકાઈ જાય છે.

**અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવી :** પાણી જઠરના એસિડને હળવો બનાવી દે છે. આપણે ખાઈ લઈએ ત્યારે જઠરમાં ખોરાક છલોછલ હોય છે. તેને પચાવવા માટે (સાચું કહીએ તો તોડવા માટે) જઠરમાં ભરપુર એસિડ ઝરતું રહે છે. એસિડ ઝરે તો જ ખોરાક બરાબર તૂટે અને પચે. આ કામ ઓછામાં ઓછું વીસ મિનિટ ચાલે છે. વધુમાં વધુ પાંત્રીસ મિનિટ ચાલે છે. એટલે જમ્યા પછી એટલો સમય પાણી ન પીવું. એ વખતે પાણી પીવાથી ફાયદાને બદલે નુકસાન થઈ જાય છે. પાચન કરવા માટે ઝરતા એસિડને પાણી નબળો બનાવી દે તો ખોરાકનું પાચન બરાબર થતું નથી. ખોરાક બરાબર પચે તો જ આપોઆપ તમારા દાંત તંદુરસ્ત બને અને તંદુરસ્ત દાંત હંમેશાં સુંદર દેખાય.

પાણી એક એક ઘૂંટ પીતા રહેવાથી મોં કોરું પડતું નથી. તેથી મોંની ચામડીને નુકસાન થતું નથી. થોડીથોડી વારે પાણી પીતાં રહેવાથી મોં પાણીથી ધોવાતું રહે છે તેથી બેક્ટેરિયા વિકસી શકતા નથી. પાણીથી મોંનો કચરો પણ ધોવાઈ જાય, મોં સ્વચ્છ રહે છે. દાંત પણ સ્વચ્છ અને ચમકતા રહે છે. પાણીમાં કુદરતી ફ્લોરાઈડ હોય છે. તે દાંતના એનેમલને મજબૂત બનાવે છે. મજબૂત એનેમલ દાંતને ચમકતા ને સુંદર રાખે છે. ❃




WE OFFER A VAST RANGE OF SERVICES CUSTOMISED TO SUIT BOTH CORPORATES AND INDIVIDULAS

LIC भारतीय जीवन बीमा निगम

૧૯૯૯થી કાર્યરત
C.M. Club મેમ્બર
M.D.R.T. ક્વોલીફાઈડ
ઓથોરાઈઝડ L.I.C.પ્રિમિયમ કલેક્શન સેન્ટર

- LIFE INSURANCE PLANNING
- REITREMENT PLANNING
- INVESTMENT PLANNING
- TAXATION PLANNING
- MEDICLAIM
- VEHICLE INSURANCE
- PROPERTY, SHOP, WAREHOUSE, FACTORY ETC INSURANCE
- PERSONAL ACCIDENTPOLICY


શૈલેશ શામજી જેવત મારૂ (બીદડા)

જીવન વીમા તથા રોકાણ યોજનાઓના સલાહકાર

Shree Sankalp Flat No.1601,
G.B. Road, Near Vedant Hospital,
Kasar Vadvali Thane (W) 400615
મો.: 9869154666, 7021907705
Email : shaileshsmaru@yahoo.com



# સ્ત્રી એ એક રહસ્ય છે



■ ભવાનજી ગાલા

**સ્ત્રી** એટલે પ્રજનનની પ્રક્રિયાથી માનવવંશની વૃધ્ધિ કરતી શક્તિ. કહેવાય છે કે ઈશ્વરે કાચી સુંવાળી માટીમાંથી પુરુષનું સર્જન કર્યું છે. આ સર્જનમાં પાંસળીને સખ્ત ગરમી આપીને ઈશ્વરે પુરુષની પાંસળી સખ્ત બનાવીને તેમાંથી સ્ત્રીનું સર્જન કર્યું છે. પરિણામે સ્ત્રી હંમેશા પુરુષ કરતાં ઘણી સખ્ત બનીને જીવે છે. દુ:ખો સહન કરવાની તેની અમાપ શક્તિ કદાચ આ કારણે મળતી રહે છે. આગ અને લોહી સાથે તેનો નાતો બંધાતા સ્ત્રી આગથી પણ ડરતી નથી અને લોહી જોઈને ભાગતી નથી. દર મહિને રજસ્વલાના સમયે કાચા માંસના લોહીનો સ્ત્રીને અભ્યાસ હોય છે. પરિણામે સ્ત્રી વધુ સખ્ત બને છે. જ્યારે પુરુષ લોહીથી અને અગ્નિથી ભાગતો હોય છે.

સ્ત્રી પુરુષો કરતાં વધુ સખ્ત હોવા છતાં વેદકાળના સમય પછી સ્ત્રીએ કેમ ગુલાબી અવસ્થા સ્વીકારી લીધી, તે સમજવું મુશ્કેલ છે. વેદકાળમાં સ્ત્રીને શિક્ષણ મળતું. તેનો માનસિક વિકાસ પણ થયો. આમ છતાં વેદકાળ પછીના ૧૦૦૦ વર્ષમાં સ્ત્રીનું સામાજિક પતન થયું છે અને લગભગ ગુલામીની અવસ્થા સ્વીકારવી પડી છે. લાગે છે કે આદિકાળથી સ્ત્રી પુરુષના સ્પર્શને આક્રમણ માનવાની મનોવૃત્તિ ધરાવે છે. જ્યારે પુરુષ માટે સ્ત્રીનો સ્પર્શ એક લાલસા છે, જેનાથી પુરુષનું પતન થઈ શકે છે. પુરુષના સ્પર્શ માત્રથી સ્ત્રીના ચારિત્ર્યનો ભંગ થાય છે, એવા શિષ્ટાચારથી સમાજે નૈસર્ગિક પવિત્રતા ગુમાવી દીધી છે. આનું પરિણામ એ આવ્યું છે કે આજ સુધી સ્ત્રી-પુરુષના સંબંધો અસ્પૃશ્યતાના કિનારે વિકસ્યા છે.

આમ સ્ત્રી-પુરુષના સંબંધોની શુધ્ધતા જાળવવા માટે જ્યારે અસ્પૃશ્યતાને પવિત્ર માનવાની વૃત્તિ પેદા થાય છે, ત્યારે તેમાંથી વિકૃતિ પેદા થયેલી જોવા મળે છે. સ્ત્રી-પુરુષ બંને એકમેકથી ડરતા રહે છે અને બંને એકબીજાને પોતાનામાં સમાવી લેવાની ઈચ્છા ધરાવતા



હોય છે અને સ્ત્રીના મનમાં રાધાભાવ પેદા થાય છે અને કૃષ્ણને પામવાની ઘેલછા જાગે છે. આમ છતાં સામાજિક સ્તરે તેઓ અસ્પૃશ્ય છે અને બંને વચ્ચે ખાસ્સુ અંતર છે. પરિણામે જે સમાજ વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે, તેમાં પણ બંને માટે અલગ અલગ વ્યવસ્થા રાખવામાં આવે છે.

એ તો દેખીતું છે કે સ્ત્રીના શરીરની રચના એવી હોય છે કે પુરુષને બળજબરીથી કામવૃત્તિ સંતોષવાનું એક સાધન સ્ત્રી બની જાય છે. પરિણામે સ્ત્રીના મનમાં પુરુષ પ્રત્યેનો ભય હંમેશા દેખાય છે. પરિણામે આધુનિક ફ્રેંચ અભિનેત્રી ઝર્યો મોરોને પણ કહેવું પડ્યું કે સ્ત્રી તરીકે મારે ગુલામી જ કરવાની હશે, તો હું કરીશ, પણ દુનિયાના એક જ પુરુષની કરીશ. આ જ હકીકત વેદકાલીન શિક્ષિત સ્ત્રીના મનમાં રમતી હશે, એટલે જ તેણે વેદકાળ પછીના સમયમાં ગુલામી અવસ્થા હસતે ચહેરે સ્વીકારી લીધી હોવાનું માનવું પડે છે.

વેદકાળ પછી સમયની મર્યાદા આંકવી હોય, તો આપણે ઈ.સ. પૂર્વે ૮૦૦ વર્ષથી કરીને ઈ.સ.૨૦૦ વર્ષ સુધી આંકી શકીએ. વેદકાળ પછીના આ એક હજાર વર્ષમાં સ્ત્રીના સ્થાન વિશેના મહત્ત્વના ફેરફારો નજરે પડે છે. સ્મૃતિકાર મનુએ હિંદુ સમાજ રચના અંગે જે રૂપરેખા દોરી છે. તે અનુસાર સમાજનું માળખું લગભગ ૧૮મી સદીના અંત સુધી એ જ સ્વરૂપે રહ્યું છે. આ સમયે રચાયેલા ધર્મસૂત્રો, મનુસ્મૃતિ કે કૌટિલ્યનું અર્થતંત્ર

## પહેલું સુખ તે જાતે નર્યા

### પીડા હટાવ

આપ દવાઓ લઈને થાકી ગયા છો, ઊંઘ હરામ થઈ ગઈ હોય, શરીરમાં પીડા ચાલુ જ રહેતી હોય ત્યારે આ પ્રયોગ જરૂર વિશ્વાસથી કરજો. ચિકનગુનીયા માટે ખાસ ઉપયોગી

### શરદી, કફ, શ્વાસ હર પાવડર

આખો દિવસ નાક વહેતું હોય, કફ, દમ, હાંફ, એલર્જીથી મુક્તિ મેળવવા માટે ગ્રેન્યુઅલ

### એસીડીટી

આખો દિવસ બેચેની ભોગવતા હો, બળતરા અને ગેસથી છૂટકારો મેળવવા ઉત્તમ

### ખીલ (પીંપલ)

ખીલ (પીંપલ)થી ખૂબ સુરત ચહેરો કદરૂપો બની ગયો હોય, યુવાન વયે ચહેરાની ક્રાન્તિ હણાઈ ગઈ હોય તેવા સમયે આપના માટે ખૂબ જ ઉપયોગી પાવડર

### માસિક સ્ત્રાવની વિવિધ તકલીફો

### વૃધ્ધા અવસ્થાનું ટોનિક

આજના જમાનામાં ખાનપાનમાં શુધ્ધતા ઓછી છે જેથી અશક્તિ અને નબળાઈ જલ્દી આવી જાય છે. શરીરને તંદુરસ્ત રાખવા માટે આ ટોનિકનો ઉપયોગ ખૂબ જ જરૂરી છે. જરૂર અપનાવો.

### બાળ ટોનિક

નાનપણથી જ બાળકોની સંભાળ રાખનારું ટોનિક

**આપને સદાય તંદુરસ્ત રાખવા ઈચ્છતા આપના હિતેચ્છુ**

# ડૉ. શ્વેતા એસ. જાડેજા

**સંપર્ક : ઉમરશી મેઘજી ગોસર**

**મોટા રતડીયા, અંબરનાથ (ઈસ્ટ) - મો. : ૭૩૦૩૩૩૦૭૭૭**

**Time : 7 pm to 9 pm**



જોતાં લાગે છે કે વેદકાલીન સમયની પ્રગતિ રૂઢિચુસ્તતામાં પરિવર્તન થયેલી દેખાય છે. આ સમયમાં રામાયણ મહાભારતની રચના થયેલી છે. તેમાં પણ સમાજ જીવનના અનેક પાસાઓનો અભ્યાસ કરવાની તક મળે છે. જો કે મનુસ્મૃતિ, રામાયણ અને મહાભારતના કર્તા એક જ ન રહેતાં અનેક વ્યક્તિઓને હાથે આકાર પામી હોવાના કારણે આ ગ્રંથોમાં ક્યાંક ક્યાંક વિરોધાભાસ પણ દેખાય છે.

વેદકાળમાં વિધવાઓ પુનર્લગ્ન કરી શકતી હતી. તે અંગે પણ ધીમે ધીમે સંકુચિતતા આવતી ગઈ. મનુ સ્મૃતિમાં મનુ લખે છે કે જે સ્ત્રી પતિના મૃત્યુ બાદ અવિરત પવિત્ર જીવન ગાળે છે, તે સ્ત્રી પવિત્ર પુરુષની માફક સ્વર્ગે જઈ શકે છે. આમ આ સમયમાં વિધવા-પુનર્લગ્ન તરફ સમાજની ટીકા દૃષ્ટિ વધતી ગઈ. જો કે સ્મૃતિકારો બાળવિધવા પ્રત્યે એટલા નિષ્ઠુર રહ્યાં નથી, તે નોંધનીય છે. જેના ફક્ત વિધિ પુરતા લગ્ન થયા હોય અને કોઈ પુરુષ સાથે સંભોગ કર્યો ન હોય, એવી બાળવિધવાઓ આ સમયમાં પુનર્લગ્ન કરી શકતી હતી.

વેદકાળમાં સ્ત્રી પર બંધનો ઓછા હતા. પરિણામે આ સમયગાળામાં સામાજિક ગતિશીલતા નજરે પડતી હતી. વેદકાળ પછીના સમયમાં ધીમે ધીમે આવી ગતિશીલતા ઓછી થતી ગઈ અને સ્ત્રી પણ ગુલામી અવસ્થામાં ધકેલાઈ ગઈ. મનુષ્ય જીવનમાં ચાર ધ્યેયો આ સમયમાં મનુ સ્મૃતિ દ્વારા નક્કી કરવામાં આવ્યા. આ ધ્યેયો પુરુષાર્થોમાં ધર્મને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું. તે પછી અર્થ અને કામને મૂકવામાં આવ્યું. અંતે મોક્ષની સાધના અનિવાર્ય મનાઈ. પરિણામે ચાર આશ્રમમાં મનુષ્યનું જીવન વિભાજીત કરવામાં આવ્યું. બાળપણ પૂર્ણ કરીને જ્યારે કિશોર બ્રહ્મચર્યાશ્રમમાં પ્રવેશે છે, ત્યારે તેને અભ્યાસમાં મન લગાવીને શિસ્તમય જીવન જીવવાની કેળવણી આપવામાં આવે છે. આવી કેળવણી પૂર્ણ થાય છે, ત્યારે કિશોર યુવાન અવસ્થામાં પ્રવેશી ચૂક્યો હોય છે અને પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે છે ત્યારે, તેને જુદા જુદા ઋણો અદા કરવાના રહે છે. માતા-પિતાની સેવા ચાકરી કરવી, મહેમાનોનું સ્વાગત કરીને તેમની આતિથ્ય સેવા કરવી, સંતાનોને જન્મ આપવો અને તેમના વિકાસ માટેની ફરજ બજાવવી. પછી જ્યારે તે વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશે છે, ત્યારે તે જીવનની પ્રવૃત્તિઓમાંથી મન કાઢીને વિસામો લેવા પ્રયત્ન કરે છે. પરિણામે અંતે સંન્યસ્તાશ્રમમાં તેને ફાળે તપસ્વી બનીને જીવન


Mahendra M. Goggree
(M) 9821924090

**CITY STORAGE SYSTEMS** ®

**Manufacturers of**

Slotted Angles/Two Tire Rack/Heavy Duty/Racks/Loft & Mobile Racks/Trolleys/Steel Furniture/Super Market, Display Racks.

**Office : B/03, Nyay Sagar, 1st Floor, Old Nagardas Road, Opp. Post Office, Andheri (E), Mumbai-400069. E-mail : cityslotted@rediffmail.com - Website : www.cityslottedsystem.com**
**Cell : 9821924090, Tel. : 26824141, 65001097 - Tele Fax : 26834742**

જીવવાનું રહે છે.

વર્ણવ્યવસ્થાના આ સમયમાં પુત્રી જન્મ ઉત્સાહપ્રેરક ન રહેતા પુત્રી તો આપત્તિ છે, માત્ર પુત્ર જ આશાનું કિરણ છે, એવું માનસ ઘડાતું ગયું. કારણ કે મનુસ્મૃતિએ બ્રાહ્મણ વર્ગને ઉચ્ચ સ્થાન આપીને તેને કેટલાંક વિશિષ્ટ અધિકારો આપ્યા. પરિણામે લોકશિક્ષણની જવાબદારી બ્રાહ્મણોને સોંપવામાં આવી. બ્રાહ્મણ વર્ગે સ્ત્રીની સ્વતંત્રતાને નકારીને આવું માનસ ઘડવામાં મોટો ફાળો આપ્યો છે. સ્ત્રીને શુદ્રોની કક્ષાએ મૂકીને નરકની ખાણ માનવાની મનોવૃત્તિનો આ સમયમાં પાયો પડ્યો છે. જે સમાજમાં સ્ત્રી માટે લગ્ન અનિવાર્ય ન હોય, હરવા ફરવા અને પર પુરુષ સાથે વાત કરવાની છૂટ હોય, તે સમાજ અવશ્ય પ્રગતિશીલ સમાજ ગણાય, જ્યારે આવું કશું ન હોય અને પ્રજાના માનસમાં સ્ત્રીનું હલકું ચિત્ર અંકાયેલું હોય, તે સમાજમાં પુત્રી જન્મતા માતાપિતાના હૃદયમાં વ્યથા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. આના પરિણામે સાત દીકરીએ પણ બાપને વાંઝિયો માનવામાં આવતો. આમ સ્ત્રીની પતનની કહાણીમાં બ્રાહ્મણ વર્ગે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમ કહેવામાં કશું અયોગ્ય નથી.

> **સ્ત્રી પુરુષના સંબંધો અસ્પૃશ્યતાના કિનારે વિકસ્યા છે. અસ્પૃશ્યતાને પવિત્ર માનવાની વૃત્તિના કારણે વિકૃતિ પેદા થઈ છે.**

વેદકાળ પછીના એક હજાર વર્ષમાં સમાજમાં પ્રચલિત એવા આઠ પ્રકારના લગ્નનો ઉલ્લેખ મનુ સ્મૃતિમાં જોવા મળે છે. જે લગ્નો વડીલોની સંમતિવાળા ન હોય અથવા વડીલો દ્વારા કરવામાં આવ્યા ન હોય તે લગ્ન જતે દહાડે ભૂંસાઈ ગયા છે. ગાંધર્વ લગ્નનો ઉલ્લેખ મનુ સ્મૃતિમાં છે. ગાંધર્વ લગ્નને આજના જમાનામાં પ્રેમલગ્ન સાથે સરખાવી શકાય. આમાં ધાર્મિક વિધિની આ સંબંધ માટે અનિવાર્યતા નથી. પરિણામે ધીમે ધીમે આવા લગ્નો પરત્વે સમાજ ઉદાસીન બની આ લગ્નને માન્યતા ન આપતાં આવા લગ્નો ભાગ્યે જ થતાં. આ સમયગાળામાં કન્યા પક્ષને નાણાં આપીને લગ્ન કરવામાં આવતા. જેને અસુર વિવાહ કહેવામાં આવતા. ધર્મસૂત્રના લેખકોએ આ પ્રકારના લગ્નની ભારે ટીકા કરી હતી.

લગ્નના વિવિધ પ્રકારો હોવાનું મુખ્ય કારણ લેવડદેવડ હતી. જો કે આર્થિક લેવડદેવડને ઉન્નત સ્થાન આપવામાં આવેલ નથી. આર્ષ લગ્નમાં વરપક્ષ તરફથી કન્યા પક્ષને ગાય આપવામાં આવતી. એટલે આ લગ્નને છેલ્લું સ્થાન આપવામાં આપ્યું હતું, કારણ કે એમાં પણ થોડી ઘણી આર્થિક ગણતરી હતી. બ્રાહ્મ લગ્નમાં કન્યાને શણગારીને સુશોભિત ઘરેણાં પહેરાવીને ખાસ આમંત્રિત યુવાનને સોંપવામાં આવતી. કહેવાની જરૂર નથી કે લગ્નોત્સુક યુવકની પસંદગી વડીલો કરતા. એ જ રીતે પ્રાજાપત્ય લગ્નમાં વિધિપૂર્વક કન્યાને સોંપવામાં આવતી, ત્યારે લગ્નવિધિ કરાવનાર બ્રાહ્મણ અને હાજર રહેલ વડીલો એવા આશીર્વાદ આપતા કે બંને સાથે મળીને ધાર્મિક ફરજો બજાવે છે. વિજેતા પ્રજા પરાજિત પ્રજાની સ્ત્રીઓને ઉપાડી તેની સાથે લગ્ન કરતા, જે લગ્નને રાક્ષસ લગ્ન કહેવામાં આવતા. એ જ રીતે કન્યાને ઘેનમાં નાખીને અથવા ઉંઘમાં હોય ત્યારે ઉપાડી જઈને જે લગ્નો થતા, તેને પિશાચી લગ્ન તરીકે ઓળખવામાં આવતા.

આમ લગ્નોમાં સ્ત્રીનો અવાજ ન હતો. પતિની સેવાને ગુરુની સેવા સમજ ગણાવીને તેને ગૃહકાર્યની જવાબદારી



# A LEGACY OF OVER 9 DECADES IS SURE TO LEAD YOU AHEAD WITH STRENGTH & GLOBAL BELIEF




The foundation of LILADHAR PASOO is built on strong business ethics and a solid legacy since 1919. Business Partner, Innovator, Industry Expert is what you will find every LILADHAR PASOO professional to be.

Our strength includes a solid know-how combined with an extensive geographical offering. We offer global reach being a complete one stop supply-chain solution provider, present in 170 countries worldwide.

LILADHAR PASOO is the only partner you need in logistics.

57, Mulji House,
41-45, Devji Ratansey Marg.,
Dana Bunder, Masjid (East),
Mumbai-400 009. India.
Tel. : +91-22 6616 6900. +91-22 6743 1800
Fax : +91-22 6616 6966, +91-22 6631 1875
E-mail : info@liladharpasoo.com

Liladhar Pasoo LP
FUTURISTIC SINCE 1919

kreaté-12072012

www.liladharpasoo.com

અદા કરવી પડતી. ગૃહકાર્યને યક્ષની બરોબર ગણાવીને સ્ત્રીને ધાર્મિક ક્રિયાઓથી પણ દૂર રાખવામાં આવી હતી. સ્ત્રી માટે કોઈ પણ પ્રકારના અભ્યાસની આવશ્યકતા નથી, એમ માનવામાં આવતું, એટલું જ નહીં પણ પોતાની અભિવ્યક્તિ પણ સ્ત્રી કરી શકતી ન હતી. ધીરે ધીરે સ્ત્રી માટે લગ્ન અનિવાર્ય બનાવીને તેની વય ઓછી કરવાનો આરંભ પણ આ સમયમાં થતો હોવાનું આધારભૂત રીતે જાણવા મળે છે.

મનુસ્મૃતિમાં કે કૌટલ્યના અર્થશાસ્ત્રમાં સતી પ્રથાનો ઉલ્લેખ નથી, પણ મહાકાવ્યોમાં આ અંગે કંઈક ઉલ્લેખ જોવા મળે છે. સત્યવતી સાથે ભીષ્મ લગ્નગ્રંથિથી જોડાવાની ના પાડે છે. તેનું કારણ ભાભી સાથે લગ્ન કરવું, તે અનીતિમય છે, એ નથી. પરંતુ ભીષ્મે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી, તે છે. નિયોગ પ્રથા આ સમયમાં ચાલુ હતી. કારણ કે એમાં વંશવૃધ્ધિનો અને મિલકતનો પ્રશ્ન સમાયેલો હતો. એટલે મનુસ્મૃતિમાં આ પ્રથા પ્રત્યે નારાજી ન હતી. જ્યારે વિધવા પુનર્લગ્ન પ્રત્યે સમાજમાં ટીકાઓએનું પ્રમાણ વધતું ગયું અને તેનું સ્થાન નીચે ઉતરતું ગયું. વિધવાના પુત્ર પ્રત્યે પણ હીનવૃત્તિ રાખવામાં આવતી.

સ્ત્રી-પુરુષ એકબીજાને ભેટે છે અને બે આત્માઓ એક થઈ જવા તલસે છે, તેને આપણે આલિંગન કહીએ છીએ. પણ સ્ત્રી-પુરુષના આ આલિંગનમાં જ્યારે ઉષ્માનું બાષ્પીભવન થઈ જાય છે અને માત્ર જડ ક્રિયા દ્વારા 'સંભોગ'ની પ્રક્રિયા થાય છે, ત્યારે આ ભોગનો આનંદ બંને પક્ષ લઈ શકે એવી સ્થિતિ સર્જાતી નથી. સુખી લગ્નજીવન માટે બંને પક્ષે સમજદારી હોવી અનિવાર્ય છે. જો એવી સમજદારી વિકસે નહીં, તો સ્ત્રી-પુરુષ લગ્નીત હોવા છતાંય પશુની કક્ષામાં મૂકાઈ જાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે સ્ત્રી પોતે જ આ અવસ્થા કેમ સહજતાથી સ્વીકારતી આવી છે. વેદકાળના સમયમાં સ્વતંત્રતા ભોગવી ચૂકેલી સ્ત્રી પાછી કેમ ગુલામી અવસ્થામાં ધકેલાઈ ગઈ? એનામાં પ્રતિકારની શક્તિ કેમ વિકસતી નથી? કે પછી સ્ત્રીની સમર્પણની ભાવનાનો પુરુષે ગેરલાભ ઉઠાવીને સ્ત્રીને કુંઠીત બનાવી દીધી છે? જો તેમ હોય તો એમ લાગતું નથી કે પુરુષે પોતાના પગ ઉપર કુહાડો માર્યો છે? લગ્નીત સ્ત્રી પુરુષ બંને પક્ષે સજાગતા અને સમજદારી વિકસી હોય છે. સ્ત્રીને ગમાર અવસ્થામાં ધકેલી દેવાથી પુરુષ પણ જીવનનો આનંદ સુખથી માણી શકે તેમ નથી.

હાથીથી વીંછી સુધી નર કરતા માદા વધારે શક્તિશાળી પુરવાર થઈ છે. હાથીના ટોળાની સરદાર હાથણી હોય છે. જ્યારે વીંછી સાથે સંભોગ ક્રિયા પતાવીને વીંછણ આરામથી વીંછીને આરોગી જાય છે - ખાઈ જાય છે. મનુષ્યની જાતિમાં પણ સ્ત્રી પુરુષ કરતાં વધારે સખ્ત છે, એટલે તે બધું સહન કરીને પોતાના પતિની અધિપતિ બની જાય છે. બહારથી નમાલી અને સતાવિહોણી દેખાતી સ્ત્રી પુરુષ પર કબજો જમાવીને પુરુષને ચાવીવાળું યંત્ર બનાવીને તેને દોરવતી રહે છે. સ્ત્રી પ્રગટ રીતે બહાર ક્યાં પણ દેખાતી નથી. છતાંય તેનું સામ્રાજ્ય ચારે બાજુ સમાજજીવન પર દેખાય છે. સ્ત્રીના આધિપત્યની આ વાત ઓસ્કાર વાઈલ્ડે પણ સારી રીતે જણાવી છે. આ જગતમાં સૌથી ક્રુર જુલ્મ કમજોર સ્ત્રીનો છે, જે બળવાન પુરુષને વશ કરીને પોતાની રીતે નચાવે છે.

સ્ત્રીઓના જીવન અંગે અભ્યાસ કર્યા પછી અડધી જિંદગીના અંતે હજી સુધી સ્ત્રીને સમજવામાં નિષ્ફળતા મળી છે. આ નિષ્ફળતા અંત સુધી ચાલુ રહેશે, છતાં તેનો અભ્યાસ પડતો મુકવાની બિલકુલ ઈચ્છા નથી. સ્ત્રી આરામ માટે એક રહસ્ય છે અને એ રહસ્ય શોધવામાં પણ એક અનોખા પ્રકારનો આનંદ છે. સ્ત્રી જીવનના વિવિધ પાસાઓ અંગે કંઈક વિચારીએ, તે પહેલા વેદકાળ પછીના સમયમાં વધતી જતી રૂઢિચુસ્તતા ક્રિયાકાંડની સામે તેમજ બ્રાહ્મણ વર્ગની મહત્તાની સામે જૈન અને બૌધ્ધધર્મીઓએ જે પડકાર ફેંક્યો છે, તે અંગેની પરિસ્થિતિમાં સ્ત્રીના સ્થાન અંગેની ચર્ચા આવતા પ્રકરણમાં કરશું, પણ વાચકો એક વાત ખાસ ખ્યાલમાં રાખે કે સ્ત્રી જન્મતી નથી, પણ બનાવવામાં આવે છે. ચાલો આપણે સ્ત્રીને સ્ત્રી બનાવવાની પ્રક્રિયાનો આરંભ કરીએ.

❁

# રણોત્સવ વિશે અવનવું

■ ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો રણોત્સવ એટલે રણમાં ઉજવાતો ઉત્સવ. દુનિયાના અન્ય પ્રખ્યાત રણ વિસ્તારોમાં પણ આવા ઉત્સવોનું આયોજન પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવાના હેતુથી કરવામાં આવે છે. કચ્છ ઉપરાંત આફ્રિકા ખંડમાં આવેલા સહારાના રણ અને ભારત દેશમાં રાજસ્થાનના રણ ખાતે આ પ્રકારના ઉત્સવો યોજવામાં આવે છે.

ગુજરાતના કચ્છ જિલ્લામાં દર વર્ષે રણોત્સવનું આયોજન થાય છે, જે આ વર્ષે પણ નવેમ્બર ડિસેમ્બર માસમાં ધોરડો ખાતે યોજાશે. સામાન્ય રીતે રણોત્સવ ખારા પાણીના સરોવર પાસે યોજવામાં આવે છે. આ વર્ષે રણોત્સવની શરૂઆત થઈ ગઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ચાલશે. મશહૂર ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈદ્ય બહેન પોતાના એક લેખમાં લેખે છે કે ‘‘રણનો ઉત્સવ, ક્ષણ અને કણનો ઉત્સવ એકબીજાને ગમતાં રહીએ.’’ કાજલ ઓઝા વૈદ્ય.

મશહૂર ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈદ્ય બહેન પોતાના એક લેખમાં લખે છે કે રણોત્સવ હવે કચ્છને વિશ્વ ટૂરિઝમના નકશામાં મહત્ત્વનું સ્થાન આપે છે. ત્યાં જઈને આવેલી દરેક વ્યક્તિ રણથી અભિભૂત થાય છે ! એન્વાયર્ન્મેન્ટની પૂરી કાળજી સાથે યોજાયો અને ઉજવાતો આ ઉત્સવ કેવી રીતે ઊભો થાય છે અને કેવી રીતે સમેટાય છે એ પણ સમજવા જેવું છે. કચ્છનો આ રણોત્સવ નરેન્દ્ર મોદીની તસવીરો પછી એક જુદી જ આભા ઊભી કરવા લાગ્યો. અત્યાર સુધી આ વિસ્તાર કોઈની નજરે નહોતો ચડ્યો, પૂર્વ મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ટૂરિઝમને એક જુદી જ આભા ઊભી કરી આપી.

અમિતાભ બચ્ચન પાસે ગુજરાત ટૂરિઝમું બ્રાન્ડિંગ કરાવવાનું કામ સાચે જ કામ કરી ગયું. ‘આપને કચ્છ નહીં દેખા તો, કુછ નહીં દેખા. કુછ દિન તો ગુજારોં



ગુજરાત મેં’ કહીને અમિતજીએ વિશ્વ પ્રવાસીઓને ગુજરાત તરફ આકર્ષ્યા. એમાંય કચ્છ વિશે તો ભાગ્યે જ કોઈ કશું જાણતું હોય.

કચ્છ પહેલી વાર વિશ્વના નકશામાં દેખાયું જ્યારે ભારતના ભૂકંપનું એપિ સેન્ટર ભચાઉ પાસે મળ્યું. દટાઈ ગયેલા એક આખાય વિસ્તારની હિંમત, તાકાત અને હામ કચ્છને ફરી એકવાર બેઠું કરી શકી. આજે ભુજ ગુજરાતના કોઈ પણ નાના શહેર કરતાં વધારે ગોઠવાયેલું અને વિકસિત શહેર લાગે છે. આ રણોત્સવ હવે કચ્છને વિશ્વ ટૂરિઝમના નકશામાં મહત્ત્વનું સ્થાન આપે છે. એન્વાયર્ન્મેન્ટની પૂરી કાળજી સાથે યોજાયો અને ઊજવાતો આ ઉત્સવ કેવી રીતે ઊભો થાય છે અને કેવી રીતે સમેટાય છે એ પણ સમજવા જેવું છે. વિશાળ મેગ્નેટ સાથે અહીંના તમામ ટેન્ટની ખીલીઓ ઊંચકી લેવામાં આવે છે. દર વર્ષે વાપરવામાં આવતાં બધા જ મટીરિયલનો નાશ કરવામાં આવે છે, પ્લાસ્ટિક અને કેમિકલ અહીં વર્જ્ય છે. પ્લાસ્ટિક વાપરનારાઓને દંડ કરવામાં આવે છે. આટલા લોકોની અવરજવર વચ્ચે પણ આ ધરતી સ્વચ્છ અને શુધ્ધ રહે એ માટે ફક્ત સરકાર જ નહીં, અહીંના લોકો પણ ખૂબ સજાગ છે.

મશહૂર ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈદ્ય બહેન પોતાના એક લેખમાં લખે છે કે ગુજરાત ટૂરિઝમની સાથે સાથે બીજી કેટલીયે એજન્સીઝ આ ઉત્સવને સાકાર કરવામાં જોડાય છે. રણોત્સવ એક જુદી જ વાત આપણા સૌ સુધી પહોંચાડે છે. ત્યાં જઈને આવેલી દરેક વ્યક્તિ



રણથી અભિભૂત થાય છે ! કચ્છના રણમાં રેતી નથી, વર્ષોથી જામતા રહેલા મીઠાના સ્પાર્કલિંગ ટુકડા હીરાના જેમ ચમકે છે. સૂર્યના કિરણો પરાવર્તિત થાય ત્યારે જમીન પર મેઘધનુષ્ય રચાય છે, તો ચાંદની રાતે જાણે ચાંદી ઢોળી હોય એમ જમીન રૂપેરી બની જાય છે. કચ્છ પાસે પાણી નથી એવી એક માન્યતા પ્રવર્તે છે, પણ સત્ય તો એ છે કે કચ્છ એટલે પાણીથી છવાયેલો પ્રદેશ ! (કચ્છ કલાઘર).

આ ઉત્સવ દરમિયાન રણપ્રદેશમાં ઊંટ ઉપર ભ્રમણ, કચ્છની સંસ્કૃતિનું દર્શન કરાવતા ભૂંગાઓમાં રાત્રિરોકાણ, કચ્છની સંસ્કૃતિના જનજીવનની ઝાંખી કરાવતા પ્રદર્શનો, કચ્છના સંગીત, ભરતકામ, માટીકલા, ચિત્રકામના ક્ષેત્રમાં નીવડેલા કલાકારોના કસબનું નિદર્શન, કચ્છની વાનગીઓ વગેરેનો લાભ મેળવી શકાય છે. રણોત્સવની શરૂઆત દેસલ્સર સરોવરથી થાય છે જે ડિસેમ્બર મહિનામાં યોજાય છે.

એક સમયે જ્યાં લોકો માણસ જોવા તરસી જતા એ જગ્યાએ આજે રણોત્સવની ધૂમ, થાય છે મોટી આવક.

કચ્છના સફેદ રણમાં દર વર્ષે જુદી જુદી થીમ પર રણોત્સવનું આયોજન કરવામાં આવતું હોય છે. વર્ષ ૨૦૦૫માં શરૂ થયેલો આ રણોત્સવ પહેલા માત્ર ૩ દિવસ માટે યોજાયો હતો. હવે જોતજોતામાં આ રણોત્સવ ૧૧૫ દિવસ એટલે કે ત્રણ મહિના સુધી યોજાય છે, જ્યાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ જોવા મળે છે.

દેશની પશ્ચિમી સરહદ નજીક ટૂરિઝમનું હબ બની ગયેલું સફેદ રણ હવે એક પ્રચલિત નામ બની ગયું છે. રણોત્સવનો પ્રારંભ થયા બાદ કચ્છ દુનિયામાં વાઈટ રણના કારણે પ્રસિધ્ધ બન્યું છે. દેશ અને દુનિયાના પ્રવાસીઓ સફેદ રણની સફેદી નિહાળવા સાથે આહલાદક કુદરતી સૌંદર્ય અને સમીસાંજનો ઢળતો સૂરજ નિહાળવવાનો લ્હાવો અચુકથી લે છે. ભુજથી ૯૦ કિલોમીટર દૂર ધોરડો નજીક રણોત્સવ ઉજવવામાં આવે છે. ૨૦૦૬થી શરૂ થયેલું રણ ઉત્સવનું ૧૩મું વર્ષ છે. ચાલુ વર્ષે રણઉત્સવ ૧ નવેમ્બરથી પ્રારંભ થયો છે. ગત વર્ષ કરતા આ વખતે કોરોના પછીની છૂટછાટથી રણોત્સવ ધમધમી ઉઠ્યું છે અને હાલ તો હાઉસફુલ છે.

સરહદી વિસ્તારમાં રહેતા લોકોની ગ્રામ્ય સંસ્કૃતિ આબેહૂબ મકાનો તેમજ ખાનગી રિસોર્ટમાં ઉભા કરાયેલા આકર્ષક દેશી ભૂંગા એટલે કે રહેવા માટેના મકાન લોકસંસ્કૃતિની ઝાંખી કરાવે છે. દેશ-વિદેશના પ્રવાસીઓ જ્યારે રણ ઉત્સવની મુલાકાતે આવતા હોય છે, ત્યારે અચૂક ટેન્ટ સીટીની મજા તેઓ માણતા હોય છે. પ્રવાસન વિભાગ અને ખાનગી કંપનીની સહભાગીદારીથી ટેન્ટ સીટીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

કચ્છની લોક સંસ્કૃતિને અનુરૂપ ઝાંખી કરાવતા અનેક પ્રદર્શનો પણ અહીં મૂકવામાં આવ્યા છે. મુખ્ય પ્રવેશદ્વારથી શરૂ થયેલું ટેન્ટ સીટીમાં કલ્ચર કાર્યક્રમો હોય એડવેન્ચર કલબ હોય અહીં આવતા પ્રવાસીઓ માટે અલાયદી બેઠક વ્યવસ્થા તેમજ જમવા માટેનું એક સૌથી મોટું ડાઈનિંગ હોલ પણ બનાવવામાં આવ્યું છે. દેશ-વિદેશના પ્રવાસીઓને કચ્છના સફેદ રણમાં જવા માટે સ્પેશ્યલ ઊંટગાડીઓની પણ વ્યવસ્થા પ્રવાસન વિભાગ તેમજ ખાનગી પેઢી દ્વારા કરવામાં આવ્યું છે. જોકે હાલ રણોત્સવમાં વિદેશી પ્રવાસીઓની ઘટ જોવા મળી છે. હાલ કોરોનાનો નવો વેરીએટ ઓમીક્રોન જે રીતે વિદેશમાં હાહાકાર મચવાનું શરૂ કર્યું છે જેને લઈ આ ઘટ જોવા મળી છે.

રણમાં સૂર્યોદય અને સૂર્યાસ્તની મજા પણ પ્રવાસીઓ માણી રહ્યા છે. વિશ્વમાં ઘણા રણો આવેલા છે. તેમાં જો ભારતના રણની વાત કરીએ તો રાજસ્થાનનું રણ જે રેતીના ઢૂવા જોવા મળે છે પણ તેનાથી તદ્દન અલગ કચ્છનું મોટું રણ અલગ પ્રકારની વૈવિધ્ય ધરાવે છે. આજે પ્રવાસન પોઈન્ટ બની ગયું છે. એકદમ સપાટ ભૂમિ પર સફેદ ચાદર જોવા મળે છે. રણમાં જેમ ઠંડી વધુ પડે છે તેમ મીઠામાં નમક વધારે જોવા મળે છે. જલ્દીથી વધારે મીઠું બનવાની પ્રક્રિયા પણ થવા લાગે છે. રણ દિવસે

અને સાંજના સમયે ભૌગોલિક રીતે અલગ જોવા મળે છે સમય પ્રમાણે કચ્છના સફેદ રણનો નજારો પણ જુદો દેખાય છે.

એક અખબારી અહેવાલ મુજબ કચ્છના સફેદ રણમાં દર વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થાય છે ત્યારે આ વર્ષે પણ વધારો નોંધાયો છે. દર વર્ષે નવેમ્બર મહિનાથી રણોત્સવની શરૂઆત થાય છે જે ફેબ્રુઆરી સુધી ચાલે છે. વર્ષે ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી સફેદ રણમાં ૧,૮૦૦૭૪ પ્રવાસી આવ્યા હતા તેની સામે આવક ૧,૮૦૦૭૪૦૦ થવા પામી હતી. આ વર્ષે ૨૦૨૨ નવેમ્બરથી જાન્યુઆરી ૨૦૨૩ દરમ્યાન ૧,૯૭૦૫૭ પ્રવાસી આવ્યા છે, જેની સામે ૧,૯૭૦૫૭૦૦ની આવક થવા પામી છે.

એક અખબારી અહેવાલ મુજબ આ વર્ષે ભારતીય ૧,૯૬૪૮૨ અને વિદેશી ૫૭૫ પ્રવાસી આવ્યા છે. સફેદ રણને જોવા માટેની પરમીટ ફી એક વ્યક્તિની રૂપિયા ૧૦૦ છે જેમાં વિદેશી પ્રવાસીની પણ ૧૦૦ જ લેવામાં આવે છે. બે વર્ષ કોરોનાને લઈને પ્રવાસીઓમાં ઘટાડો નોંધાયો હતો.

જો કે કોરોના પછી સંખ્યા વધી છે. આ ઉપરાંત તાજેતરમાં જી ૨૦ને લઈને વિદેશી ડેલીગેટ્સ આવવાના કારણે આવનારા દિવસોમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થાય તે નિશ્ચિત છે કચ્છનું મોટું રણ, નાનું રણ અને બન્ની ઘાસભૂમિ વિસ્તારનો સમાવેશ થાય છે.

કચ્છનો રણ તેના સફેદ મીઠાની રેતી માટે જાણીતું છે અને તે વિશ્વનું સૌથી મોટું મીઠું રણ તરીકે ગણાય છે. રણદ એટલે હિન્દીમાં ડેઝર્ટ અર્થ છે જે સંસ્કૃત શબ્દ 'ઈરિનાદ પરથી આવ્યો છે જેનો અર્થ રણ પણ થાય છે. કચ્છના રહેવાસીઓને કચ્છી કહેવામાં આવે છે અને તે જ નામથી પોતાના ભાષા ધરાવે છે. કચ્છના રણની મોટા ભાગની વસ્તી હિન્દુઓ, મુસ્લિમો અને શીખોનો સમાવેશ કરે છે.

કચ્છ ક્ષેત્રનો રણ પરિસ્થિતિક રીતે સમૃધ્ધ વન્ય જીવન જેમ કે ફેલમિંગોસ અને જંગલી ગધેડાના માટે પ્રાકૃતિક આશ્રય સ્થાન છે. જે ઘણીવાર રણની આસપાસ જોવા મળે છે. રણનો થોડા વિસ્તાર વન્ય જીવન જેમ કે ભારતીય જંગલી ગધેડો અભ્યારણ્ય, કચ્છ રણ વન્યજીવન અભયારણ્યનો ભાગ છે. તે વન્યજીવન ફોટોગ્રાફર અને પ્રકૃતિ પ્રેમીઓ માટે સ્વર્ગ સમાન છે.

ગુજરાત સરકારે દર વર્ષે નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી દર વર્ષે રણ ઉત્સવ ઉજવે છે. જેમા મુલાકાતીઓને સ્થાનિક વાનગીઓ, કલા અને કચ્છની સંસ્કૃતિ પરોસવામાં આવે છે. જેને જોવા અને માણવા માટે વિશ્વભરના મુલાકાતીઓને આ સ્થળની મુલાકાત માટે આવે છે. આસપાસના સ્થાનિક લોકો માટે આ આવકનો મુખ્ય સ્રોત છે.

ભૂકંપની ગોઝારી ઘટનાને બે દાયકા થયા. એક સમયે પછાત જિલ્લામાં ગણાતું કચ્છ આજે પ્રવાસીઓ માટે સ્વર્ગ છે. સફેદ રણમાં રણોત્સવ એ કચ્છની ઓળખ બન્યું છે. સફેદ રણમાં દર વર્ષે ઉજવાતા રણોત્સવ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો બહુ જૂનો નાતો છે. ૨૦૦૫માં રણોત્સવની શરૂઆત કરાવી હતી. ધોરડો ગામ ભુજથી ૮૦ કિલોમીટર દૂર આવેલું છે. આજે આ ગામ દુનિયાના નકશા પર જાણીતું બની ગયું છે.

સફેદ રણની પડખે વસેલું આ ગામ કચ્છની ગણતરીમાં આવતું હતું. આ ગામ બન્ની વિસ્તારમાં આવેલું વિસ્તારના ઘણા ગામો ધોરડો જૂથ પંચાયતમાં આવે છે. એક સમયે નરેન્દ્રભાઈ મોદી સંઘના કાર્યકર તરીકે આખા રાજ્યમાં ફરતા હતા. તેઓ એક વખતે બન્ની વિસ્તારમાં પહોંચી ગયા. તેમની મુલાકાત વિસ્તારના આગેવાન ગુલબેગ હુસૈન સાથે થઈ. તે વખતે રણ એટલે ડર લાગે એવી જગ્યા ગણાતી. પછી તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન તેમની સુઝબુઝને કારણે અને બિગ બીના મુખે બોલાયેલ પંક્તિ કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા એ કમાલ ધમાલને માલામાલ કચ્છને કરી મૂક્યું છે, તો આવો પધારો મારા કચ્છને જોવા આપનું હું એક કચ્છી તરીકે સ્વાગત કરું છું.

સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ તેના ફોટા સાથે અને વિકિપીડિયા આ અને ગૂગલ ફોટો, મશહૂર ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈદ્ય બહેનનો લેખ "રણનો ઉત્સવ, ક્ષણ અને કણનો ઉત્સવ" (દિવ્યભાસ્કર)

❁

# પુરાવો

■ **મણીલાલ ડી. રૂધાણી - રાણાવાવ**



**પી**એસ.આઈ. જાડેજા સાહેબે રૂમનું નિરીક્ષણ કર્યું. શયનખંડ તરીકે વાપરતા આ રૂમમાં ડબલ બેડ ઉપર તરૂણાનો મૃત્યુ દેહ પડ્યો હતો. ઉંમર હશે આશરે પચીસેક વર્ષની. બાજુની ટીપોઈ ઉપર સ્લીપિંગ પિલ્સની શીશી પડી હતી. જાડેજા સાહેબ રૂમમાં આછેરી નજર ફેરવી એક ખૂણામાં એની જર એકાદ મિનિટ પૂરતી સ્થિર રહી. સામે તરૂણાનો પતિ ગિરીશ અને બાજુમાં ગિરીશના મા-બાપ ઊભા હતા. બધાના ચહેરા ગમગીન હતા. ઘરમાં બીજું કોઈ હતું નહીં. નાનો પરિવાર હતો. ફોટોગ્રાફ કરતાં ફોટોગ્રાફર પાસે ઉભેલા સહ કર્મચારી સાથે જાડેજા સાહેબે એકાદ મિનિટ વાત કરી. મૃત્યુ દેહને પી.એમ. માટે હોસ્પિટલે ખસેડ્યો. પછી જાડેજા સાહેબે કહ્યું ચાલો, બેઠકરૂમમાં થોડી પુછપરછ કરવી પડશે. બેઠક લીધા પછી જાડેજા સાહેબે કહ્યું, તમારા ઘરમાં તરૂણાને કોઈ તકલીફ હતી? ના સાહેબ કઈ તકલીફ નહોતી. ગિરીશે કહ્યું સાહેબ ગિરીશભાઈના માતાએ કહ્યું અમે તો એને દિકરીની જેમ રાખી હતી. આવી ડાહી વહુ આવું પગલું ભરશે. કેમ ભરી ગઈ કંઈ ખબર પડતી નથી. મારું તો હૈયું વલોવાઈ જાય છે ને સાહેબ ગિરીશભાઈના પિતાજીએ કહ્યું, તરૂણા એ તો અમારા ઘરનો બધો ભાર ઉપાડી લીધો હતો. અમે તો તિજોરીની ચાવી પણ એને આપી દીધી હતી પણ તોયે પૂછ્યા વિના એક રૂપિયો પણ ન કાઢતી. આ અરસામાં જાડેજા સાહેબનો સહ કર્મચારી કંઈ વાત કરી ગયો. પછી જાડેજા સાહેબે કહ્યું, દેખીતો તો આ બનાવ આપઘાતનો છે છતાં મને કેસ શંકાસ્પદ લાગે છે. શંકાસ્પદ લાગે છે? ગિરિશે પૂછ્યું. ગિરીશભાઈ ! જાડેજા સાહેબ કહ્યું, માણસ ગમે તેવો ગંભીર ગુનો કરે - પુરાવાનો નાશ કરે છતાં પણ એ ગુનાનો કંઈકને કંઈ પુરાવો છોડતો જાય છે. આ કેસમાં પણ કંઈ આવું જ છે કેવું છે સાહેબ? આ કૃત્ય કરનારી વ્યક્તિ અહીં એક પુરાવો છોડી ગયો છે ગિરીશભાઈ ! પુરાવો છોડી ગયો છે. હા, ગિરીશભાઈને મને કહેતા દુઃખ થાય છે કે એ પુરાવો છોડનાર તમે જ છો. હું... હું.. પણ મેં તો કંઈ કર્યું નથી. ચાલાકી ન કરો મિસ્ટર ! બ્યાનમાં તમે લખાવ્યું છે કે રાતના બે વાગ્યા સુધી તમે બધા જૂની ફિલ્મ જોતાં હતાં. ફિલ્મ જોઈને તમે બધા સુવા ગયા ત્યારે તમારા બેડરૂમમાં તમે જ ડરાવી ધમકાવી માનસિક ત્રાસ આપીને ઉંઘની ગોળી ખવડાવી દીધી. પછી તમે એને સવારે ઢંઢોળો તો ક્યાંથી ઉઠે? ગિરીશને આ સાંભળીને પરસેવો વળી ગયો. એ બોલ્યો સાહેબ તમે મનઘડંત વાત કરોમાં. મેં કંઈ નથી કર્યું. દલીલ કરોમાં મી.ગિરીશ. જે કર્યું છે તે તમે જ કર્યું છે. તમે ગુનો કર્યો. આ ગુનો કર્યો ત્યારે તમારા ઘરનો સી.સી.ટીવી કેમેરો ચાલુ હતો. સ્વીચ તમે બંધ કરતાં ભૂલી ગયેલા. જે કોમ્પ્યુટરની સ્કીનમાં ચોખ્ખું દેખાઈ છે. હવે તો હા પાડશોને? તમારે જે બચાવ કરવો હોય તે કોર્ટમાં કરશો. અત્યારે તો મારે તમારી ધરપકડ કરવી પડશે. જાડેજા સાહેબ ગિરીશને એરેસ્ટ કરી લીધો. ઘરમાં હવે આંસુ મારતા મા-બાપ સિવાય કોઈ ન રહ્યું. ❃

ફિલ્મી સફર

# સર જો તેરા ચકરાવે યા દિલ ડૂબા જાયે આજા પ્યારે પાસ હમારે...



સર જો તેરા ચકરાયે... ગીત જોની વોકરની ઓળખાણ બની ગયું હતું. આ ગીતનો જન્મ ગુરુદત્તની ફિલ્મ પ્યાસામાં થયો હતો. એક વાર કોલકાત્તામાં એક બગીચામાં એક તેલ માલીશવાળાને જોઈને ગુરુદત્તે કહ્યું હતું, "જોની, ઈસ તેલ માલીશવાલે કો ધ્યાન સે દેખ લો. મેરી આનેવાલી ફિલ્મ મેં તુમ્હારા યહી કિરદાર હોગા." જોની વોકર તો લોકોનું નિરીક્ષણ કરવામાં પારંગત હતો જ ! તેણે તેલ માલીશવાળાનું કેવું બારીક નિરીક્ષણ કરી લીધું હતું એ જાણવું હોય તો ફિલ્મ પ્યાસા જોઈ લો.

ગુરુદત્તને ગાર્ડનમાં એ તેલ માલીશવાળા માણસને જોઈને જ એક પાત્ર મનમાં સ્ફૂર્યું હતું. ફિલ્મમાં આ પાત્ર ખાસ ઉમેરવામાં આવ્યું. જોની વોકર માટે પેલા તેલ માલીશવાળા અને જોની વોકરની ખાસિયતો ધ્યાનમાં રાખીને રોલ લખવામાં આવ્યો. આજે પણ મોહંમદ રફીના અવાજમાં ગવાયેલું ગીત, 'સર જો તેરા ચકરાયે યા દિલ ડૂબા જાયે. આજા પ્યારે પાસ હમારે કાહે ગભરાયે.' સાંભળનારનું હૈયું ડોલાવી જાય છે ! હિન્દી ફિલ્મોમાં કોમેડિયન માટે ખાસ ગીત લખવાનો ટ્રેન્ડ પણ જોની વોકરથી જ ચાલુ થયો હતો.

પાંત્રીસ વર્ષની ફિલ્મી કરિયરમાં જોની વોકરે બસો કરતાં પણ વધારે ફિલ્મોમાં અભિનય કર્યો હતો. હાસ્ય અભિનેતા તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરનાર જોની વોકરે ક્યારેય દ્વિઅર્થી સંવાદો કે અશ્લીલ હાવભાવને એક્ટિંગમાં સ્થાન આપ્યું નહોતું.

જોની વોકરનો જન્મ તા.૧૧-૧૧-૧૯૨૬ના રોજ મધ્યપ્રદેશના ઉજ્જૈન શહેરમાં થયો હતો. સાચું નામ હતું બદરુદ્દીન જમાલુદ્દીન કાઝી. પંદર માણસોના બહોળા પરિવારમાં અત્યંત ગરીબી વચ્ચે તેમનું બાળપણ વીત્યું હતું. ઉર્દુ ભાષામાં માત્ર છ ચોપડી ભણેલા જોની વોકર અને પિતાનો પરિવાર મુંબઈ શિફ્ટ થયો હતો. બદરુદ્દીને મુંબઈ આવ્યા બાદ આર્મી કેન્ટીનમાં વેઈટર તરીકે પ્રથમ નોકરી કરી હતી. ત્યારબાદ બદરુદ્દીનને 'બેસ્ટ'માં બસ કંડક્ટર તરીકે સ્થાયી નોકરી મળી હતી. ટિકિટ કાપતી વખતે કાયમ પેસેન્જરોનું મનોરંજન કરવાનો બદરુદ્દીનનો નિત્યક્રમ હતો. દરરોજ મિમિક્રી કરતો આ બસ કંડક્ટર બસમાં મુસાફરી કરતા બલરાજ સહાનીના ધ્યાનમાં આવી ગયો હતો. તે દિવસોમાં બલરાજ સહાની બાઝી ફિલ્મની સ્ક્રીપ્ટ લખી રહ્યા હતા જેમાં એક શરાબીનો રોલ હતો. બલરાજ સહાનીએ બદરુદ્દીનની મુલાકાત બાઝી ફિલ્મના નિર્માતા ગુરુદત્ત સાથે કરાવી હતી. ગુરુદત્તે બદરુદ્દીનને દારૂડિયાની એક્ટિંગ કરી બતાવવાનું ફરમાન કર્યું હતું. સતત દસ મિનિટ સુધી આ બસ કંડક્ટરે જાણે કે સાચ્ચે જ દારૂ પીધો હોય તે રીતે અદ્‌ભુત અભિનય કરી બતાવ્યો હતો. ગુરુદત્ત તેના એ અભિનયથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે તેને ફિલ્મ બાઝીમાં કામ તો આપ્યું પણ સાથે સાથે નામ પણ દારૂની એક બ્રાન્ડનું આપ્યું હતું. જોની વોકર. વાસ્તવમાં જોની વોકર એક વ્હિસ્કીનું બ્રાન્ડ નેઈમ હતું જે ગુરુદત્તની ફેવરિટ હતી. નવાઈ પમાડે તેવી વાત તો એ હતી કે અઢળક



થઈ ગઈ હતી.

ફિલ્મોમાં શમ્મી કપૂર સાથે હાસ્ય કલાકાર તરીકે ભલે રાજેન્દ્રનાથની જોડી જોવા મળતી પણ રિયલ લાઈફમાં શમ્મી કપૂર અને જોની વોકર અંગત મિત્રો હતા. ગીતાબાલી સાથે લગ્ન કરવાની વાત પણ શમ્મી કપૂરે સૌથી પહેલાં જોની વોકરને જ કરી હતી.

ફિલ્મ આનંદમાં રાજેશ ખન્ના થોડા દિવસોનો જ મહેમાન છે તેની જાણ થતાં ઈસાભાઈ (જોની વોકર, જે નાટકનો કલાકાર હોય છે) ઢીલા પડીને કહે છે 'યહીં મિલુંગા જયચંદ, ઈતની જલ્દી પરદા ગિરને નહિ દુંગા' તે સમયે સિનેમાઘરમાં બેઠેલા તમામ દર્શકોની આંખ ભીની થઈ ગઈ હતી. કદાચ આ જ જોની વોકરના અભિયનની ચરમસીમા હતી. ૧૯૮૦માં રિલીઝ થયેલી અમિતાભ અને શમ્મી કપૂર અભિનીત ફિલ્મ શાનમાં જોની વોકરનો પાણી પર ચાલતા ઢોંગી બાબાનો રોલ ખૂબ જ વખણાયો હતો.

ઉંમર વધતાં જોની વોકરે કામ કરવાનું ઓછું કરી નાખ્યું હતું. તે અરસામાં કમલ હસનની ફિલ્મ ચાચી ૪૨૦માં શરાબી મેકઅપ આર્ટિસ્ટના રોલની ઓફર આવી હતી. શરૂઆતમાં તો જોની વોકરે કામ કરવાની ના પાડી દીધી હતી પણ ગુલઝારની સમજાવટ બાદ તેણે તે ભૂમિકા સ્વીકારી હતી. જે તેના અભિનયવાળી છેલ્લી ફિલ્મ હતી.

મશહૂર અભિનેત્રી શકીલાની બહેન નૂરબેગમ સાથે જોની વોકરના નિકાહ થયા હતા. ત્રણ દીકરા અને ત્રણ દીકરીમાંથી માત્ર એક નાસીર ખાનને જ ફિલ્મોમાં રસ હતો. તેણે ૧૯૯૪માં રિલીઝ થયેલી ફિલ્મ બેતાજ બાદશાહમાં અભિનય કર્યો હતો. ત્યારબાદ ટીવી સિરિયલ આશીર્વાદ તથા અનેક જાહેરાતો પણ કરી હતી. જોની વોકરનાં અન્ય પાંચ સંતાનો વિદેશમાં સ્થાયી થયાં છે.

❁

ફિલ્મોમાં શરાબીનો અદ્‌ભુત અભિનય કરનાર અને દારૂની બ્રાન્ડનું નામ અપાવનાર જોનીએ અસલી જિંદગીમાં શરાબનો ક્યારેય સ્પર્શ પણ નહોતો કર્યો.

ત્યાર પછીના વર્ષોમાં ગુરુદત્તની લગભગ તમામ ફિલ્મોમાં જોની વોકરે અભિનય કર્યો હતો. જેમાં સી.આઈ.ડી. આરપાર, મિસ્ટર એન્ડ મિસિ ૫૫, કાગઝ કે ફૂલ અને ચૌદવી કા ચાંદ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. સી.આઈ.ડી.ને બાદ કરતાં એ દરેક ફિલ્મોમાં મુખ્ય હીરોની ભૂમિકા પણ ગુરુદત્તે જ નિભાવી હતી. રફી સાહેબે જોની વોકર માટે ગાયેલાં તમામ ગીતો લોકપ્રિય થયાં હતા. કેટલાક કિસ્સામાં તો હીરો પર ફિલ્માવાયેલાં ગીત કરતાં પણ વધારે જોની વોકર પર શૂટ કરેલાં ગીતને પ્રેક્ષકોની દાદ મળી હતી. યાદ કરો મિસ્ટર એન્ડ મિસિસ ૫૫નું રફી સાહેબ અને ગીતા દત્તનું યુગલ ગીત 'જાને કહાં મેરા જીગર ગયા જી... અભી અભી યહીં થા કિધર ગયા જી...' ખાસ જોની વોકરને ધ્યાનમાં રાખીને જ ઓ.પી.નૈયરે કમ્પોઝ કર્યું હતું. તેવી જ રીતે ૧૯૫૬માં રિલીઝ થયેલી ફિલ્મ સી.આઈ.ડી.નું જોની વોકર પર ફિલ્માવાયેલું ગીત 'એ દિલ હૈ મુશ્કિલ જીના યહાં જરા હટ કે જરા બચ કે યે હૈ બમ્બઈ મેરી જાં...' બીનાકા ગીતમાલામાં તે વર્ષે પ્રથમ પાયદાન પર હતું. 'દેવદાસ', 'મધુમતી', 'નયા દૌર' અને 'પૈગામ' જેવી અતિ સફળ ફિલ્મોમાં કામ કર્યા બાદ જોની વોકરની દિલીપકુમાર સાથે પાક્કી દોસ્તી

# ફિલ્મી યારી જિંદગી હૈ, બાહર દિલદારી બંદગી હૈ !

■ નમન મુન્શી

સદીના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન હોસ્પિટલના તે સ્પેશિયલ રૂમમાંથી થોડી વાર ચાલવા માટે બહાર આવ્યા હતા. થોડું ચાલ્યા પછી તેને સારું લાગ્યું, કારણ કે વિનોદ ખન્ના પાસે સતત બેસી રહેવાને કારણે શરીર થોડું કડક થઈ ગયું હતું. બે ફિલ્મ સુપરસ્ટાર્સ હોસ્પિટલમાં હોવાના સમાચાર બહાર કોઈને નહોતા, નહીંતર ત્યાં જોરદાર મેળાવડો ભેગો થયો હોત. અમિતાભે ખાલી બારી બહાર ડોકિયું કર્યું. સાંજનો સમય હતો. સૂર્યાસ્ત થઈ રહ્યો હતો. નર્સના અવાજે અમિતાભનું ધ્યાનભંગ કર્યું. 'સર', તેમને હોશ આવી ગયા છે.

અમિતાભ તરત જ રૂમ તરફ દોડ્યા. વિનોદની નજર તેના પર જ હતી. અમિતાભે તરત જ તેનો હાથ પોતાના હાથમાં લઈ લીધો અને બોલતા રહ્યા, 'સોરી... સોરી...સોરી !' વિનોદે હળવા સ્મિત સાથે કહ્યું, 'તું કેટલી વાર સોરી કહેશે, તે જાણી જોઈને નથી કર્યું.' હવે અમિતાભ પણ શાંત થઈ ગયા. માથું નીચું કરીને વિનોદને સહજતાથી કહ્યું, ''ઘરે ચાલ યાર.''

કઈ ફિલ્મનો સીન છે? યાદ આવે છે ફિલ્મ? નથી આવતું યાદ સીન કઈ ફિલ્મનો છે? ક્યાંથી આવે. આ કોઈ ફિલ્મનો સીન નથી. આ જીવનના રંગમંચ પર ભજવાયેલો સાચુકલો સીન છે. ખરેખર, આ 'મુકદર કા સિકંદર'ના સેટની આખી વાત છે. ૧૯૭૮માં ફિલ્મ મુકદર કા સિકંદર રિલીઝ થઈ હતી. 'પ્યાર ઝિંદગી હૈ... યાર બંદગી હૈ...' ગીતનું શૂટિંગ ચાલી રહ્યું હતું. આ ગીતમાં એક સીન હતો કે રાખીને વિનોદ ખન્નાના હાથમાં જોઈને અમિતાભ ગુસ્સે થઈ જાય છે અને વિનોદ પર કાચનો ગ્લાસ ફેંકે છે. શોટ શરૂ થયો. ડિરેક્ટર પ્રકાશ મહેરાએ એક્શન બોલતા જ અમિતાભે ગ્લાસ વિનોદ તરફ ફેંક્યો. વિનોદ ખન્નાએ નીચે ઝૂકીને પોતાના બચાવ કરવાનો હતો.

દશ્ય સૂચના પ્રમાણે ગ્લાસ વિનોદ ખન્નાની છાતી પર ટકરાવો જોઈતો હતો તેને બદલે ગ્લાસ મિસફાયર થયો ને ટકરાયો વિનોદ ખન્નાના ચહેરા સાથે. ગ્લાસ ફક્ત તેના ચહેરા સાથે ટકરાયો જ નહીં, તેની પ્રકૃતિ પ્રમાણે તૂટ્યો પણ. વિનોદને નાક નીચે રક્તસ્રાવ થવા લાગ્યો. તેની દાઢીમાં કાચની કરચ ઘૂસી ગઈ. સેટ પર હોબાળો મચી ગયો હતો. અમિતાભને પણ આઘાત લાગ્યો. તેણે પોતાની જાતને સંભાળી અને વિનોદને હોસ્પિટલ લઈ ગયા. વિનોદને ૬ ટાંકા આવ્યા છે. દરમિયાન અમિતાભ વિનોદના પલંગ પાસે બેસી ગયા. વિનોદને હોશ આવતા જ અમિતાભે તેને 'સોરી' સિવાય કશું કહ્યું નહીં. આ સમાચાર મળતા જ હંગામો થવા લાગ્યો હતો. કેટલાક લોકો તેને બંને વચ્ચેની પરસ્પર દુશ્મની કહેવા લાગ્યા. વિનોદ ખન્ના ઉમદા વ્યક્તિ હતા. લોકોની ગોસિપ કરતાં તેમને અમિતાભ પર વધુ વિશ્વાસ હતો. તેણે કહ્યું, 'અમિતાભ ખૂબ જ સારા કલાકાર અને એટલા જ સારા વ્યક્તિ છે. જે કંઈ પણ થયું તે અજાણતાં થયું. શૂટિંગ દરમિયાન આવી ઘટનાઓ ઘટતી રહે છે.'

આ ઘટના બાદ અમિતાભે વારંવાર માફી માંગવાનું ચાલુ રાખ્યું, કારણ કે તેઓ ખૂબ જ શરમ અનુભવી રહ્યા હતા. વિનોદના સ્વસ્થ થયા પછી 'મુકદર કા સિકંદર'નું શૂટિંગ ફરી શરૂ થયું. પછી વિનોદ જ્યાં પણ મળતા, અમિતાભ તેને જોઈને એક જ વાત કહેતા, 'સોરી...' અને વિનોદ મૈત્રીપૂર્ણ રીતે તેની છાતી પર હળવો મુક્કો મારતા અને કહેતા, 'બસ કર યાર અમિત...' બંને વિશે ચાલતી ગપસપ બંધ થઈ ગઈ, અમિતાભની બેચેની પણ ઓછી થઈ ગઈ.

અમિતાભ બચ્ચન અને વિનોદ ખન્નાની જોડી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હિટ માનવામાં આવતી હતી. આ બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે અને 'હેરા ફેરી', 'ખૂનપસીના', 'અમર, અકબર, એન્થની' અને 'મુકદર કા સિકંદર' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. ફિલ્મી પરદે શાલીનતા બતાવવી એક વાત છે અને પરદાની બહાર સજ્જનતા જાળવી રાખવી અલગ વાત છે. અને આ બંને ભલે સાથે કામ કરતા હોય તે સમયે બંનેની વચ્ચે તગડી હરીફાઈ જામી હતી. વિનોદ ખન્ના ઈચ્છત તો અમિતાભ માટે ગમેતેમ બોલીને હવા તેની તરફ ફેરવી શકત પરંતુ તે વિનોદ ખન્ના હતો - ફિલ્મી યારી ઝિંદગી હૈ - બાહર દિલદારી બંદગી હૈ !

❁

# ઉધ્ધાર

■ ધીરજલાલ ડી. તન્ના-કેશોદ

**અવ્યવહારુ અભિગમ ઈન્સાનનો છે અરિ,**
**આસ્તેથી કહેશે લાશને કે તું જા પાછી મરી.**

સરકારશ્રીના મહત્ત્વના મિશન ગ્રામોધ્ધાર કાર્યક્રમ તળે સમગ્ર રાજયના વરિષ્ઠ તલાટી-કમ-મંત્રીઓનો તારીખ ૨૬ થી ૨૯ સુધીનો તાલિમવર્ગ પાટનગરમાં રાખવામાં આવતા લખુભાઈનો ઓર્ડર આવ્યો.

આ ઓર્ડરથી લખુભાઈ માનસિક રીતે ડિસ્ટર્બ થતા ટીડીઓ સાહેબને વાસ્તવિક પરિસ્થિતિ સમજાવી આજીજી સ્વરૂપે ઓર્ડર કેન્સલ કરવા રજૂઆત કરી.

આ રજૂઆતનાં સંદર્ભે ટીડીઓશ્રીએ જિલ્લામાં લખુભાઈ ડાયાબિટીસના દર્દી છે ભૂખ્યા રહી ના શકે તેમજ ઉંમર અને રોગના કારણે બહારનું કશું લેતા નથી એવી લખુભાઈની લેખિત રજૂઆત છે, વિશેષ કરીને લખ્યું કે ૨૯મી તારીખે બપોરે તાલિમ પૂરી થશે. ૩૦મી તારીખે તાલુકે હાજર થશે અને સાંજના તેઓ વયનિવૃત્ત થતાં હોઈ તાલિમનો કશો અર્થ રહેશે નહીં જેથી કરી એમનો ઓર્ડર કેન્સલ કરી અન્યનો ઓર્ડર કરવાની ખાસ ભલામણ કરવામાં આવી.

પરંતુ જિલ્લામાંથી તો સખત શબ્દોમાં લખાઈને આવ્યું કે, આ સરકારશ્રીનો મહત્ત્વાકાંક્ષી પ્રોગ્રામ છે, આ અભિયાન સંદર્ભે તાલિમ હોઈ આમાં કશી બહાનાબાજી ચલાવી લેવાય નહીં, સરકારશ્રીનો સખત આદેશ છે કે આ તાલિમવર્ગમાં જો કર્મચારી હાજર નહી રહે તો તેમના પર આકરા શિક્ષાત્મક પગલાં લેવાની પણ ફરજ પડશે. આવો પ્રત્યુત્તર આવતા ટીડીઓના હાથ બંધાઈ ગયા અને હૂકમના પાલનાર્થે લખુભાઈએ તાલિમમાં જવા નીકળવું પડ્યું.

લખુભાઈએ સર્વિસ દરમ્યાન બે તાલુકામાં જ નોકરી કરેલ હોઈ અન્ય તાલુકાનાં મંત્રીઓનાં પરિચયમાં નહીં એટલે આખી બસમાં કોઈ જાણીતા ના હોવાથી ૧૨ કલાકની કંટાળાજનક મુસાફરી કરી થાકી ગયા. તાલિમ સ્થળે પહોંચતા અને પેશાબ લાગતા સૂટકેસ રૂમે મૂકી મૂતરડીમાં ગયા. બીજા બધા તાલિમાર્થીઓએ પોતાની હાજરી નોંધાવી કલાસમાં જતા રહ્યા. લખુભાઈ પેશાબ કરી રૂમે પરત આવતા ભૂખ અને થાક સબબ રસ્તામાં ચક્કર આવતાં અચાનક પડી જતાં બેભાન થઈ ગયા, ખીસ્સામાંથી મોબાઈલ સરી દૂર પડી ગયો.

લખુભાઈ તા. ૨૯મીને સવારના તાલીમ કેન્દ્રે આવ્યા અને કેન્દ્રનાં પ્રિન્સિપાલશ્રીને મળ્યા.

આજ તાલિમનો આખરી દિવસ અને અંત સમયે આપ હાજર થાવ છો તો તમને શરમ નથી આવતી? પ્રિન્સિપાલ જરા આકરા પાણીએ થઈ બોલ્યા !

સાહેબ મારી વાત તો સાંભળો પછી મારો વાંક હોય તો મને ઠપકો આપજો.

મારે કશું સાંભળવું નથી સરકારશ્રીની આટલી અગત્યની યોજનાને તમો મજાકમાં લઈ રહ્યા છો? આ જરાય ચલાવી નહીં લેવાય આની સજા તો તમને મળશે જ !

સાહેબ તમો મારી વાત સાંભળો અને ત્યારબાદ મારો






વાંક હોય તો મને સજા આપજો. લખુભાઈએ વિનંતીભર્યા સ્વરે રજૂઆત કરી.

બોલો તમારે શું કહેવાનું છે? સાહેબ જરા ઉતાવળમાં હોય એ રીતે જલ્દી જલ્દી દાસ્તાન સંભળવવા માટે બોલ્યા.

લખુભાઈએ પોતાના દર્દથી માંડી અત્રે આવ્યા સુધી તેમજ આવતાવેંત ભૂખ અને થાકનાં કારણે બેભાન થઈ જતાં સુધીની વિગતે વાત કરી.

તમો તો ર૬મી તારીખે અત્રે આવી ગયેલ કહો છો બેભાન થયો, પરંતુ ભાનમાં આવ્યા બાદ તો હાજર થઈ જવું જોઈએ ને? આટલા બધા દિવસ ક્યાં હતા?

સાહેબ હું બેભાન થઈ ગયેલ થોડો સમય જતાં હું થોડો ભાનમાં આવતા રસ્તામાં કણસતો પડેલ ત્યારે કોઈ બે અજાણ્યા ભલા માણસો ત્યાંથી નીકળેલ અને મને ઉંચકી લીધેલ એ અરસામાં હું ફરીથી બેભાન થઈ ગયો એ પછીની મને ખબર નથી, પરંતુ મને એ લોકો હોસ્પિટલે લઈ ગયા હશે. કારણ કે હું જ્યારે ભાનમાં આવ્યો ત્યારે હોસ્પિટલમાં હતો. અને આજ બહારથી દવા લેવા નીકળતા પૂછતાં પૂછતાં અત્રે આવી ગયો.

તમે હોસ્પિટલે ભાનમાં આવ્યા પછી તમારે અહીં મોબાઈલથી જાણ તો કરવી જોઈએને?

સાહેબ તમારી વાત સાચી છે પરંતુ હું પડી ગયો ત્યારે મારો મોબાઈલ ખીસ્સામાંથી  પડી ગયેલ અને અત્રે મને કોઈ ઓળખતું નહોતું તેમજ મારામાં અશક્તિ એટલી બધી હતી કે હું ઝાઝું બોલી પણ નહોતો શકતો.

હોસ્પિટલમાં એડમિટ કરેલ તેનું કોઈ સર્ટિ. તમારા પાસે છે?

આવું કોઈ સર્ટિ નથી પરંતુ બહારથી દવા લેવાની છે એવું ડૉક્ટરનું લખેલ પ્રિસ્ક્રિપ્શન છે આમ કહી ખીસ્સામાંથી કાગળ કાઢી સાહેબને આપ્યો. સાહેબ વાંચી બોલ્યા, પ્રિસ્ક્રિપ્શન આધારમાં ના ચાલે છતાં સાહેબે વાંચતા તેમનું નામ પૂછતાં લખુભાઈએ નામ જણાવ્યું.

આવું જણાવતા સાહેબે ગરમી પકડી જણાવ્યું કે, આ પ્રિક્રિપ્શન તો બાબુભાઈના નામનું છે. હવે બહાનાબાજી બતાવવાની બંધ કરી ઓફિસની બહાર નીકળી જાવ !

સાહેબ હું ખોટું નથી બોલતો, હું ભાનમાં નહોતો એટલો હોસ્પિટલે નામ હું લખાવી શકેલ નહીં હોઈ કદાચ પેલા ભલા આદમીએ મારું નામ બાબુભાઈ લખાવી દીધેલ હશે.ખોટું નહીં તો શું? ખોટામાં પીછું ઉમેરી મુક્તિ મેળવી અમને છેતરવા છે? હવે તમે ઓફિસ બહાર નીકળી જાવ નહીંતર ધક્કા મારી બહાર કાઢવા પડશે. તમે ખોટું કરો છો ખોટું બોલો છો હું તમારા વિરુધ્ધ એક્શન લઈશ આમ કહી સાહેબે ત્રાડ પાડી લખુભાઈને બહાર કાઢી મૂક્યા. લખુભાઈ તા.૩૦મીના રોજ નોકરીના સ્થળ તાલુકા પંચાયત કચેરીએ આવી હાજર રિપોર્ટ આપતા ઓફિસ તરફથી નોકરીમાં ભયંકર બેદરકારી સબબ સસ્પેન્શનનો હૂકમ તેમના હાથમાં થમાવી દેવામાં આવ્યો.

નોકરીના આખરી દિવસે સસ્પેન્શનનો હૂકમ મળતા લખુભાઈ અવાચક થઈ ગયા. કશું બોલી ના શકવાની સ્થિતિમાં રહ્યા. યશસ્વિ કારકિર્દી અને નીતિમતા, ઈમાનદારી તેમજ વફાદારીથી કરેલ નોકરીનો આ શિરપાવ મળતો હોઈ એક પણ શબ્દ બોલ્યા સિવાય લખુભાઈ ઘરે જતાં રહ્યાં. બીજા દિવસે તમામ અખબારોમાં સમાચાર હતા. લખુભાઈએ નોકરીના આખરી દિવસે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ નોકરી તથા જિંદગીથી નિવૃત્તિ લઈ લીધી.

વાંચી થયું સરકારશ્રીનાં ગ્રામોધ્ધારથી ગામોનો ઉધ્ધાર થયો કે નહીં એ ખબર નથી પરંતુ લખુભાઈનો તો...

(અવ્યવહારુ અભિગમ અપનાવવાથી કદાચ આવું બને ખરું !!!)

# સમાચાર વિભાગ

# બૃહદ કચ્છ વર્તમાન

સંપાદક : ભાવેશ કુરિયા

## સાહિત્ય સંસ્થા ઉપવનના વાર્ષિક દિનની ઉજવણી

ભુજ અહીંની સંસ્થા ઉપવનના વાર્ષિક દિન અંતર્ગત સાહિત્ય પ્રેમી દાતા જોરાવરસિંહ રાઠોડ (જોરુભા)ના સૌજન્યથી અને દિલીપ આચાર્ય ''દિલકશ'' સંપાદિત નવોદિત કવિઓનો કાવ્ય સંગ્રહ ''ફૂલ ખીલે હૈ ગુલશન ગુલશન'' પ્રગટ કરવામાં આવેલ હતો જેનું વિમોચન યોગ ગુરુ કમલ કાંત ભટ્ટના હસ્તે કરવામાં આવેલ હતું. જેના સમારોહ પ્રમુખ શંકરભાઈ સચદે ઉપસ્થિત રહેલ હતા. પ્રારંભમાં સંસ્થા પ્રમુખ રજનીકાંત ઓઝાએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની ચાર દાયકાની પ્રવૃત્તિમાં ચિનુ મોદી, ઈન્દુ પવાર, મફત ઓઝા, સંતાસુ યશ ચંદ્ર, મહેન્દ્ર સમીર આવેલ છે, આ વરસે સાહિત્ય પ્રવાસ યોજવાનો  વિચાર વ્યક્ત કરેલ હતો. સમારોહ પ્રમુખ શંકરભાઈ સચદે જણાવેલ હતું કે, કવિતા મનોરંજન મકસદ મારા મહત્ત્વના મેસેજ હોવાથી એવા કાવ્ય સંગ્રહમાંથી મળે છે. તેઓ કવિઓનો ઉલ્લેખ કરતાં અભિવ્યક્તિની પ્રશંસા કરી હતી.

કાવ્ય સંગ્રહનું વિમોચન કરતા જાણીતા યોગ ગુરુ કમલકાંત ભટ્ટ એ કાવ્ય સંગ્રહને ગાગરમાં સાગર સમાવી કહેતા માત્ર નવોદિત નહિ, અનુભવી કવિના કાવ્ય જોવા મળે છે. તેમના દ્વારા ચાલતાની શુલ્ક યોગ શિક્ષણમાં જોડાવવા અનુરોધ કરેલ હતો. સંગ્રહ સંપાદક દિલીપ આચાર્ય ''દિલકશ'' એ કહેલ કે, સંપાદન કાર્યમાં અનુભવની વાત કરતા અઘરું કાર્ય છે તેના સહભાગી અને સંસ્થા સહિતની આભારની લાગણી વ્યક્ત કરી હતી. જોરાવર સિંહ રાઠોડે શુભેચ્છા પાઠવતા સંસ્થાની સરાહના સાથે કવિઓની સેવા પાઠવી હતી. પ્રારંભ સરસ્વતી પ્રાર્થનાથી રાજેશ સોનીએ વંદના કરી હતી. આ કાર્યક્રમમાં રોહિત પાઠક, દિવ્ય કાંત છાયા, એ.કે.શેખ, અતુલ ઉપાધ્યાય, કુસુમ સરવૈયા, ચંદ્રકાંત ધલ, આરતી જોષી, મગનભાઈ ઠક્કર, કવિતા ગોસ્વામી, તુલસીદાસ બોરા, જયોત્સના છાયા વિગેરે હાજર રહેલ હતા. સંચાલન કવિ ભગવાનજી પીઠડ અને આભાર વિધિ પ્રકાશ જોષીએ કરેલ જયારે સંસ્કૃત પાઠશાળાના વિભાકર અંતાણીનો સહયોગ મળેલ હતો.

કવિઓના શેર પઠન સાથે મુશાયરો યોજવામાં આવતા ''ધીરજલાલ તન્ના'' નથી આસન તોય માણી લેવાની છે આ જિંદગી, અઘરું બહુ પણ છતાં મજાની છે જિંદગી.

નયના નેત્રમની પંક્તિ ''કદી રસ્તા વચ્ચે મળે તો સનમ તો મળવા દેજે, પ્રીતના પાનામાં છેલ્લો ફેરફાર કરવા દેજે.''

દર્દ ભરાયું આજ દિલમાં આંખોથી અશ્રુ પડે, જન્મ આપનાર જન્મદાત્રીને જનમત પહેલા મરવું પડે. (મુંજાલ જાની)

ફૂલ તોડી બધા ચાલ્યા ગયા, હાથ જોડી બધા ચાલ્યા ગયા, સાત ભવ જેમણે તર્યા હતા, એ નાવ છોડી ચાલ્યા ગયા. (રજનીકાંત ઓઝા)

નથી રહેવા કોઈ સદન તંબુ તાણીને ઘણા અહીં બસર કરે છે જિંદગી, સુવા માટે કોઈ સોયા નથી. (મણીલાલ રૂધાણી, રાણાવાવ)

માનવ માનવના વેર ભૂલવા બેઠો છું, શબ્દ સથવારે લાગણી લઈને બેઠો છું.

(દિલીપ આચાર્ય ''દિલકશ'' ભુજ)

ઘૂંટી ઘૂંટીને ઘેરા થયા છે વેદનાના નોંધારા પળ, શ્યામ મલે એ વેદનાને રોકી શકે વહેતી આંખોના કાજલ

(ખુશ્બુ સરવૈયા, ભુજ)

## માતાના મઠ નવા રંગરૂપમાં જોવા મળશે

૨૦૨૫ના વર્ષમાં કચ્છ કુળદેવીના સ્થાનક માતાના મઢના વિકાસનો નૂતન સાકાર થઈ જશે. હાલ આ પ્રોજેક્ટનું ૮૦ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. બાકી રહેલું કામ ત્રણથી ચાર માસમાં સંપન્ન થવાની ધારણા છે. એ જ રીતે દેશના પશ્ચિમ છેવાડે આવેલા તીર્થધામ નારાયણ સરોવર અને કોટેશ્વર વિકાસકામ વેગવાન બનેલાં જોવા મળી રહ્યાં છે. અહીં છેલ્લા કેટલાક સમયથી બંધ પડેલ સમુદ્રી સીમાદર્શન કાર્યક્રમ આ વર્ષે ફરી શરૂ થાય તેવી પણ આશા સેવાઈ રહી છે. માતાના મઢના ૩૩ કરોડના ખર્ચે ચાચરા કુંડ, રૂપરાઈ તળાવ, ખટલા ભવાની મંદિર અને મંદિર પરિસર વોકના નવીનીકરણનું કામ ૩૩ કરોડના ખર્ચે ચાલી રહ્યું છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હવે પૂર્ણતાના આરે પહોંચી ગયો છે. ૨૦૨૫ના મધ્ય ભાગ સુધી માઈભક્તોને માતાના મઢ ધામ નવા રંગરૂપમાં જોવા મળશે. તો નારાયણ સરોવર અને કોટેશ્વર વિકાસ માટે ૩૦ કરોડનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. યાત્રાધામના વિકાસ પ્રોજેક્ટનું કામ દિલ્હીની આર્કિટેક્ટ કંપનીને સોંપાયું છે. નારાયણ સરોવરમાં આવેલી મહાપ્રભુજીની બેઠકના નવીનીકરણનું કામ બે કરોડના ખર્ચે પૂર્ણ થયું છે. ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં નારાયણ સરોવર પાસે જંગલ સફારી ઉપરાંત કોરીક્રીકમાં પણ વિવિધ પ્રવાસન વિકાસના મહત્ત્વાકાંક્ષી આયોજનો ઘડાઈ રહ્યા છે જે ૨૦૨૫ના વર્ષમાં સાકાર થાય તેવી ઉજળી શક્યતાઓ જોવા મળી રહી છે.

## માંડવીની શોભા વધારશે ચાર નવા બીચ

કચ્છના પ્રવાસન વિકાસમાં ધોરડો-ધોળાવીરા પછી જે અગ્ર હરોળમાં આવે છે એ માંડવી બીચ અને આસપાસના પ્રવાસન સ્થળોના વિકાસ માટેનો તખતો આ વર્ષમાં વધુ વેગવાન બની શકે છે. ૨૦૨૫ના વર્ષમાં માંડવીના વિન્ડફાર્મ બીચ પરંતુ ભારણ ઘટાડવા માટે ચાર નવા બીચની ભેટ મળી શકે છે. રાજ્ય સરકારે રાવળપીર બીચના વિકાસ માટે સૈધ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. વિન્ડફાર્મ બીચ પર પ્રવાસીઓને વેઠવી પડતી અગવડતાને ધ્યાને લઈ રાવળપીર, કાશી વિશ્વનાથ, શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક સામે તેમજ આશાર માતા પાસે બીચ ટૂરિઝમ વિકાસ પામે તે માટેના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રાવળપીરમાં દીવાદાંડી પ્રવાસીઓના વિકાસ માટેનું આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. એ જ રીતે અહીં વિવિધ પ્રકારની આનુષંગિક સુવિધાઓ વિકસાવવા માટેનો પ્રકલ્પ આગળ ધપી રહ્યો છે. એ જ રીતે કાશીવિશ્વનાથ અને ક્રાંતિતીર્થ સામે આવેલા બીચના વિકાસ માટેની ગતિવિધિ આગળ ધપાવાઈ છે. તો આશાર માતા પાસેના બીચના વિકાસ હેતુ દરખાસ્ત ઉપલા સ્તરે મોકલવામાં આવી છે. તાજેતરમાં માંડવીના ક્રાંતિતીર્થને નવા રંગરૂપ સાથે લોકાર્પણ કરવામાં આવ્યું છે. એ જ રીતે અહીં આવેલા અન્ય પ્રવાસન સ્થળો પણ વિકાસ માટે સુસજ્જ જોવા મળી રહ્યા છે.

## મુન્દ્રા તાલુકાના ધ્રબ અને ભોપાવાંઢ ગામ હવે સંપૂર્ણપણે સોલાર વિલેજ બનશે

મુન્દ્રા તાલુકાના ધ્રબ અને ભોપાવાંઢમાં ગુજરાત સરકાર અને અદાણી ફાઉન્ડેસનના સહયોગથી સૂર્યઘર યોજનાના શ્રીગણેશ કરાતાં બંને ગામ સંપૂર્ણપણે સોલાર વિલેજ બની કચ્છ જિલ્લામાં પ્રથમ સોલાર ગામનું બિરુદ પામશે અને આમ બંને ગામો સૌર ઉર્જાથી વર્ષે અંદાજિત બે કરોડથી વધારે રૂની બચત કરશે.

આ યોજના અંતર્ગત બંને ગામના સાતસો પચાસથી વધારે ઘરમાં રુકટોક સોલાર સિસ્ટમ લગાવવામાં આવશે. જેથી હજારથી વધારે પરિવારોને આ યોજનાનો લાભ મળતાં અનેક પ્રત્યેક પરિવાર વાર્ષિક પચીસ થી ત્રીસ હજારની બચત કરશે.

જિલ્લા સમાહર્તા અમિત અરોરાએ ઉપસ્થિત લોકોને યોજના અંગે માહિતગાર કરતાં સૌર ઉર્જા અને ગ્રીન એનર્જીના યુગમાં તમામ ગ્રામજનોને ઉપરોક્ત યોજનાનો લાભ લેવા આહવાન કર્યું હતું. ધ્રબ અને વાંઢ ગામમાં ૨.૩ કે.વો.ની સોલાર સિસ્ટમ લગાવવામાં આવશે અને યોજનાનો લાભ લેનાર દરેક વ્યક્તિને કનેક્શન દીઢ ૪૨૦૦૦ની મદદ અદાણી ફાઉન્ડેશન કરશે. ૬૨૫૨૦ સરકારની સબસીડી મળવાપાત્ર થશે અને ૮૦૦૦ જે તે વ્યક્તિએ પોતે ભરવાના રહેશે. આમ બંને ગામો ગુજરાતના ત્રીજા નંબરના સોલાર ગામ બની રહેશે. મુન્દ્રા માંડવીના ધારાસભ્ય અનિરુધ્ધ દવેએ સૂર્યઘર યોજના દરેક વ્યક્તિને આગળ ધપાવા અનુરોધ કર્યો હતો. ફાઉન્ડેશનના સીએસઆર હેડ પંક્તિબેન શાહે સૌને અદાણી ફાઉન્ડેશનના પાઈલોટ પ્રોજેક્ટમાં જોડાવા આહવાન કર્યું હતું. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વધારાના યુનિટમાંથી વર્ષે લગભગ પંદરથી વીસ હજારની આવક થવાની શક્યતાઓ રહેલી છે. બંને ગામોમાં પ્રારંભેજ દોઢસોથી વધારે દસ્તાવેજ રજીસ્ટર

થયા હતા. આમ બનાસકાંઠાના મસાલી અને મહેસાણાના મોઢેરા બાદ હવે કચ્છના ધ્રબ અને ભોપા વાંઢ સંપૂર્ણ પણે સોલાર ગામ બનવા જઈ રહ્યા છે. એસડીએમ ભગીરથ ઝાલા, ટીડીઓ અનિલ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

## નાલાસોપારામાં કચ્છ યુવક સંઘ દ્વારા કચ્છી નાટક ભજવાયું

નાલાસોપારા-પૂર્વમાં કચ્છ યુવક સંઘ દ્વારા 'વા રે વા જિંદગી' નાટક રજૂ કરાયું હતું. ડિવાઈન સ્કૂલ મેદાનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને જયવંતીબહેન એન્કરવાલા ઉપસ્થિત રહ્યાં હતાં. દાતા જાદવજીભાઈ એન્કરવાલાએ કચ્છ યુવક સંઘને ચાર લાખ રૂપિયાના દાનની જાહેરાત કરી હતી. વિધાનસભ્ય રાજન નાઈક, માજી ઉપમહાપૌર ઉમેશ નાઈક ઉપસ્થિત રહ્યા હતા. મણિલાલ મુરજી ગોગરીએ દાનવીર જાદવજી એન્કરવાલાનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. સંઘના પ્રમુખ રાહુલ દેઢિયાએ પ્રવચન કર્યું હતું. ભરત ગોગરીએ સંચાલન કર્યું હતું.

## વિકાસ સપ્તાહ ક્વિઝ સ્પર્ધામાં માંડવીનો યુવાન રાજ્યમાં પ્રથમ

રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'વિકાસ સપ્તાહ ક્વિઝ' અને 'વિકાસ સપ્તાહ ફોટો કોમ્પિટિશન'ના વિજેતાઓને ગાંધીનગરમાં મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી અને મનોજ દાસની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી કાર્યાલય ખાતે પુરસ્કૃત કર્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની પ્રેરણા અને માર્ગદર્શનમાં તા.૭-૧૦ થી ૧૫-૧૦ સુધી 'વિકાસ સપ્તાહ'નું આયોજન કર્યું હતું. રાજ્યભરમાં વિકાસ સપ્તાહ અંતર્ગત યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં આ ઓનલાઈન કોમ્પિટિશનનું પણ આયોજન કરાયું હતું.

માય ગર્વ.પ્લેટફોર્મના સહયોગથી આયોજિત આ સ્પર્ધાઓમાં દેશના વિવિધ રાજ્યોમાંથી અંદાજે ૭૪ હજાર જેટલા પ્રતિસ્પર્ધીએ ભાગ લીધો હતો. ક્વિઝ સ્પર્ધામાં ૧૨ જેટલી ભાષામાં ગુજરાતના વિકાસ વિષયોના પ્રશ્નો પુછાયા હતા. જ્યારે ફોટો કોમ્પિટિશનમાં ગુજરાતના પ્રવાસન સ્થળો, આંતરમાળખાકીય વિકાસ, મહિલા સશક્તિકરણ સહિતના વિવિધ વિષયો પર સ્પર્ધાઓ યોજાઈ હતી.

મુખ્યમંત્રીએ આ બંને સ્પર્ધામાં વિજેતા થયેલા યુવાઓને મુખ્યમંત્રી કાર્યાલયમાં આમંત્રિત કરીને તેમની સાથે પ્રત્યક્ષ મુલાકાત અને સંવાદ કરી પુરસ્કૃત અભિપ્રાય જાણ્યા હતા. માહિતી નિયામક કે.એલ.બચાણીએ વિકાસ સપ્તાહની ઉજવણી અંગેની વિગતો આપતા કહ્યું હતું કે ગુજરાતની વિકાસ યાત્રામાં પ્રત્યેક નાગરિક પૂરા ઉત્સાહથી જોડાય અને રાજ્યમાં વિકસિત ગુજરાતના નિર્માણ અંગે ઊર્જા અને ચેતનાનો સંચાર થાય તેવા ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારે 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી.

## નખત્રાણામાં સેજા કક્ષાનો પોષણ ઉત્સવ યોજાયો

નખત્રાણા ટી.ડી. વેલાણી એસેમ્બલી હોલ ખાતે તાલુકાના આઈસીડીએસ વિભાગ દ્વારા સેજા કક્ષાનો પોષણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નખત્રાણા આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લાભાર્થી આશરે ૩૦૦ આસપાસ બહેન જોડાઈ હતી.

પોષણ ઉત્સવ અંતર્ગત આંગણવાડી કેન્દ્ર ખાતેથી લાભાર્થી સગર્ભા માતા, ધાત્રિ માતાને કિશોરીઓ તથા સાત માસથી ત્રણ વર્ષના બાળકોને ટેક હોમ રાશન આપવામાં આવે છે, જેમાંથી બનાવેલી વાનગીઓ તથા મીલેટ એટલે કે અન્નમાંથી બનાવેલ વાનગીઓનું નિદર્શન અને વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો ઉદ્દેશ આઈસીડીએસ અંતર્ગત ચાલતી પૂરક પોષણ યોજના અંતર્ગત વિવિધવાનગીઓ અંગે તથા તેમાંથી મળતા પોષક તત્ત્વો વિશે જાગૃતતા ફેલાય અને ટીએચઆરના ઉપયોગ અંગે પ્રોત્સાહન મળે તેમજ વિસરાતાં જતાં ધાન્યો-અન્ન વિશે લાભાર્થીઓમાં જાગૃતતા ફેલાય, સરગવાના ગુણો વિશે જાગૃતતા ફેલાય તેવા હેતુથી કરવામાં આવ્યું હતું.

લાભાર્થી બહેનો દ્વારા બાળ શક્તિ, માતૃ શક્તિ, પૂર્ણા શક્તિના પેકેટ મીલેટ્સ અને સરગવામાંથી અલગ અલગ પ્રકારની ૧૫૦ જેટલી પૌષ્ટિક વાનગી બનાવવામાં આવી હતી. લાભાર્થીઓને વાનગીઓ માટે એકથી ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નયનાબેન પટેલ, શાંતાબા ચુડાસમા, પ્રજ્ઞાબેન, શિક્ષણ વિભાગમાંથી અધિકારી તથા પ્રિયંકાબેન, પુષ્પાબેન-નખત્રાણા પ્રાથમિક શાળા શિક્ષક તેમજ આરોગ્યનો સ્ટાફ જોડાયો હતો. સંચાલન લક્ષ્મીબેન સેગલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# આડી ચાવી - ઉભી ચાવી

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ | |
| ૭ | | | | ■ | ૮ | | | ■ |
| | ■ | ૯ | | | ■ | | ■ | ૧૦ |
| ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | ■ | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | | | |
| ■ | ૧૭ | | ૧૮ | ■ | | ■ | | ■ |
| ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | | ■ | ■ | ૨૨ |
| | ■ | ૨૩ | | | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | ■ | ૨૭ | | ■ | ૨૮ | |

### આડી ચાવી

(૧) સસરાના ભાઈ, કાકાજી (૫)
(૫) ખ્રિસ્તી ધર્મોપદેશક (૩)
(૭) આંખથી કરેલો ઈશારો (૪)
(૮) ખેતી માટેનો જમીનનો ટુકડો (૩)
(૯) કોલસા બાળવાનું એક સાધન (૩)
(૧૩) અંશ, હિસ્સો, પાર્ટ (૨)
(૧૪) બોલવા માટેનું ધ્વનિવર્ધક યંત્ર (૩)
(૧૬) હાથનું ઘરેણું (૫)
(૧૭) ચોખાનો ઝીણો દાણો (૩)
(૧૯) જુવાનીમાં મોં પર થતી ફોલ્લી (૨)
(૨૦) ઉગ્ર સંઘર્ષ, ઝઘડો (૩)
(૨૩) ઊનનું એક પાથરણું, કાર્પેટ (૩)
(૨૪) એક ધાતુ, ગેલ્વેનાઈઝ (૩)
(૨૬) વાહનોમાં પૂરવાનું એક ઈંધણ (૩)
(૨૭) સોનાના કસનો આંક (૨)
(૨૮) પુણ્યાર્થે આપવું તે (૨)

### ઉભી ચાવી

(૧) ખેપિયો સંદેશો લાવનાર-લઈ જનાર (૩)
(૨) સાંભળવાની ઈન્દ્રિય (૨)
(૩) નજીકનું સ્થળ પડોશ (૩)
(૪) સાધારણ રીતે (૪)
(૫) પીરસેલું ભાણું, પતરાળું (૩)
(૬) દામ, ભાવ, કિંમત (૨)
(૧૦) ઘરના મુખ્ય દ્વાર આગળની ખુલ્લી જગા (૩)
(૧૧) પગથી ચલાવવાનું દ્વિચક્રી વાહન (૪)
(૧૨) કાંસીજોડા, મંજીરા (૪)
(૧૩) બોલવું તે, વ્યાખ્યાન (૩)
(૧૫) અનાજનો દાણો (૨)
(૧૮) ચા પીવાની રેંકડી (૩)
(૧૯) દાળ-ચોખાની મિશ્રિત વાની (૩)
(૨૧) અચૂક, ચૂકે નહીં એવી રીતે (૩)
(૨૨) પગાર, દરમાયો, તનખો (૩)
(૨૩) મોંની બે બાજુનો ભાગ (૨)
(૨૫) હંમેશ, નિત્ય, કાયમ (૨)


Anchor
ટૂથપેસ્ટ
સ્વસ્થ સ્મિત સાથે
તમારા દિવસની શરૂઆત કરો!
ALSO AVAILABLE AT
SMART BAZAAR
SMART SUPERSTORE
JioMart
મફત*
ફ્લેક્સી
ટૂથબ્રશ
મૂલ્ય ₹25/-
White Anchor
ALL ROUND PROTECTION
Toothpaste with Calcium, Fluoride & Fresh Mint
Fresher Breath
Healthy Smile
Stronger Whiter Teeth
100% VEGETARIAN
FREE PREMIUM TOOTHBRUSH WORTH ₹ 25/-
200g
WITH CALFLO FORMULATION
* ઓફર એન્કર વ્હાઇટ ટૂથપેસ્ટ 200 ગ્રા પેક પર જ માન્ય
100% VEGETARIAN TOOTHPASTE
For distributorship enquiry: Ahmedabad 9879785081, Baroda 9374214983, 9023862336, 7069497555, Kutch 9725269699,
Junagadh & Jamnagarh 9328182300, Rajkot 9428788822, Valsad 9023862336, 8160053222, Surat 9712250221

Kutch Rachana : Registered under Postel Regd No. AHD-C/104/ 2024 - 2026 Valid upto 31st December - 2026
Published on 5th Every Month Posting at Ahmedabad P.S.O. 5th of Every Month Dt. 5-2-2025 R.N.I. No. GUJGUJ / 2019 / 78536




માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક : ભવાનજી રામજી ગાલા, મુદ્રણ પ્રકાશન સ્થળ : રચના પ્રિન્ટર્સ
૩૩૨, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન :૯૧૬૭૪૬૬૩૩૯